MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૨૫-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૦ + ૨

3 'ઇન્ડિયન આઇડલ ૧૧'નો ખિતાબ ભટિંડાનો સની હિન્દુસ્તાની જીત્યો

5 ભારતમાં અલ્પસંખ્યક કોઈ અન્ય દેશો કરતા સૌથી વધુ સુરક્ષિતઃ ઉપરાષ્ટ્રપતિ

7 મોદી કસોટીઃ ટ્રમ્પ ઓછી માયા નથી, બાટલામાં ઉતરશે કે કેમ.....?

10 સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળવા ભરૂચથી આવેલા દિવ્યાંગ બાળકો સાથે નર્મદા પોલીસ ખડે પગે રહી

MARKET4U (OPC) PVT. LTD.ની તમામ જિલ્લા- શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેનું ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રી ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શું આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)

એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ

જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650

INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.

★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ ડાયરેક્ટરઃ જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ સિલ્વર ડાયરેક્ટરઃ જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ ગોલ્ડ ડાયરેક્ટરઃ જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ પ્લેટિનમ ડાયરેક્ટરઃ જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

સરકારી કચેરીની આસપાસ ધરણા-ઉપવાસ કરવા નહીં

વલસાડ

વલસાડના કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ સી. આર. ખરસાણે વલસાડ જિલ્લામાં જિલ્લા/ તાલુકા સેવાસદનમાં પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઇ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર જિલ્લા સેવા સદન, વલસાડ, તથા જિલ્લાના તમામ તાલુકા સેવાસદનની બહાર કે જિલ્લા/ તાલુકા સેવાસદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તા. ૧૬/૨/૨૦૨૦ થી તા.૩૦/૨/૨૦૨૦ સુધી અનઅધિકૃત/ ગેરકાયદેસર રીતે કોઇપણ વ્યકિતઓને એકી સાથે કોઇપણ જગ્યાએ ભેગા થઇને કોઇ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા,ભૂખ હળતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા માટે મનાઇ ફરમાવી છે. આ જાહેરનામાનો ભંગ કરનાર સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યકિતઓને, ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને, લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા અને સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ પરવાનગી તેમજ સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાનના કિસ્સા માં લાગુ પડશે નહી.

વૃદ્ધ દંપતીને બંધક બનાવી ૫૦ તોલા સોનુ, ડોલરની લૂંટ ચલાવી લૂંટારૂઓ ફરાર

વલસાડ

વલસાડના બુધલાઈ ગામમાં આવેલા ગંગા ફાર્મ હાઉસમાં રાત્રે ૧૦થી ૧૫ જેટલા લૂંટારૂઓ ત્રાટક્યા હતા. લૂંટારૂઓએ ફાર્મ હાઉસમાં હાજર વૃદ્ધ દંપતી અને મજૂરોને બંધક બનાવી ૫૦ તોલા સોનુ, ડોલર અને રોકડા પાંચ લાખની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા પોલીસનો મોટો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે, અમેરિકાની સિટીઝનશીપ ધરાવતા દંપતી ૯ મહિના પહેલા જ વતન પરત ફર્યા હતા.

વૃદ્ધા રૂક્ષ્મણીબેન આર પટેલે જણાવ્યું હતું કે, તેઓના બે દીકરા અમેરિકામાં રહે છે જ્યારે એક દીકરો વલસાડ જિલ્લાના બુધલાઈ ગામમાં આવેલા ગંગા ફાર્મ હાઉસમાં રહે છે. તેઓ અમેરિકાની સિટીઝનશીપ ધરાવે છે. ખેતીના કામ અર્થે ૯ મહિના પહેલા અમેરિકાથી વતન પરત ફર્યા હતા. ગત રોજ રાત્રે પોણા એક વાગ્યા આસપાસ ૧૦થી ૧૫ જેટલા લૂંટારૂ ધસી આવ્યા હતા. પહેલાં મજૂરોને માર મારી બંધક બનાવી લીધા હતા. જેથી દરવાજો ખોલી જોવા જતા હાથ ખેંચી જમીન પર પટકી પાડ્યા હતા. જેથી બૂમાબૂમ કરતા મોં પર હાથ મૂકી ધમકી આપી હતી.

લૂંટારૂઓ મોં પર રૂમાલ અને હાફ પેન્ટ અને શર્ટ પહોરી આવ્યા હતા. લૂંટારૂઓએ વૃદ્ધાના પતિને અંદર ઘૂસી બંધ બનાવી લીધા હતા. ત્યારબાદ હાલના આંકડા પ્રમાણે ૫૦ તોલા સોનુ, પાંચ લાખ રોકડા અને ડોલરની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. ૨.૩૦ વાગ્યા આસપાસ લૂંટારૂઓ તમામ મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ ગયા હતા અને ફાર્મ હાઉસનો દરવાજો પાંચ વાગ્યા સુધી ન ખોલવાની ધમકી આપી ભાગી ગયા હતા. ત્યારબાદ ગભરાઈ ગયેલા વૃદ્ધ દંપતી અને મજૂરોએ પોલીસને જાણ કરી હતી. જેથી પોલીસનો મોટો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી લૂંટારૂઓનું પગેરૂ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

અમદાવાદમાં મોદી અને ટ્રમ્પનો ભવ્ય રોડ શો : લોકો ટીવી સામે બેસી ગયા

સુરત

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ભારત દેશની ઐતિહાસિક મુલાકાતને નિહાળવા માટે આજે સવારથી જ સુરતીજનો ટી.વી. સામે મંડાઈ ગયા હતા. વિશ્વની મહાસત્તા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું અમદાવાદ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ગુજરાતે ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યું હતું. આજે બપોરે મોટેરા સ્ટેડિયમ ખાતે યોજાનારા અભિવાદન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે સુરતના ઉદ્યોગપતિઓ સહિત ભાજપના આગેવાનો, કાર્યકરો પણ મોટી સંખ્યામાં અમદાવાદ પહોંચી ગયા છે. આજે અમેરિકા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આગમન સાથે જ સુરત શહેરના તમામ ઘરોમાં ટી.વી. ઓન થઈ ગયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પના જીવંત કાર્યક્રમને નિહાળવા માટે સુરતીજનો ટી.વી.સામે બેસી ગયા છે. આ મુલાકાત સંદર્ભે સુરતીજનોમાં પણ વ્યાપક ચર્ચા સાંભળવા મળે છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત યાત્રા દરમિયાન ગુજરાતના અમદાવાદમાં રોડ શો કરતા તથા મોટેરા સ્ટેડિયમમાં જનસભા સંબોધતા સમગ્ર વિશ્વમાં ગુજરાતનું નામ રોશન થતા ગુજરાતીઓ આજના દિવસ માટે ગર્વ અનુભવી રહ્યા છે. વિશ્વની મહાસત્તા અમેરિકાના પ્રમુખ ટ્રમ્પના અમદાવાદ આગમનને પ્રત્યેક ગુજરાતીઓ હરખભેર વધાવી રહ્યા છે અને ગુજરાતમાં ટ્રમ્પના ભવ્યાતિભવ્ય કાર્યક્રમ સંદર્ભે દેશના વડાપ્રધાન મોદીને શ્રેય આપવા ઘટે છે. તેથી ગુજરાતના લોકો વડાપ્રધાન મોદી પ્રત્યે પણ કૃતજ્ઞ ભાવ વ્યક્ત કરી રહ્યા છે.

સરકારી અગ્રણી નટુભાઈ પટેલના નિધન અંગે શોક વ્યક્ત કરતા અહમદ પટેલ

કોંગ્રેસના વરિષ્ઠ અગ્રણીઓ દ્વારા શ્રદ્ધાંજલી અર્પણ કરાઈ

સુરત

ઈફકો, ક્રીભકો,નાબાર્ડ, મહેસાણા સહકારી બેંકમાં વર્ષો સુધી સફળ નેતૃત્વ પુરુ પાડનાર કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા શ્રી નટુભાઈ પટેલના નિધન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતા અખિલ ભારતીય કોંગ્રસ સમિતિના ખજાનચી અને સાંસદશ્રી અહમદભાઈ પટેલે જણાવ્યું હતું કે સ્વ. નટુભાઈ પટેલ સહકાર ક્ષેત્રની રાષ્ટ્રીય સંસ્થામાં વર્ષો સુધી નેતૃત્વ આપીને સહકાર ક્ષેત્રના સિદ્ધાંતોને મજબુત બનાવ્યા. સહકારી પ્રવૃત્તિ દ્વારા લાખો ખેડૂતોને વ્યવસ્થામાં જોડીને ઉત્તમ નેતૃત્વ આપ્યું. સ્પષ્ટ વક્તા એવા સ્વ. નટુભાઈ પટેલના નિધનથી ગુજરાતે કર્મઠ આગેવાન,ખેડૂતોના પ્રતિનિધિ અને સક્રિય નેતા ગુમાવ્યા છે. હું તેમના નિધન અંગે શોકાંજલિ પાઠવું છું.

સહકાર ક્ષેત્રના વરિષ્ઠ આગેવાન શ્રી નટુભાઈ પટેલના નિધન અંગે દુ:ખની લાગણી વ્યક્ત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી પરેશ ધાનાણીએ જણાવ્યુ હતું કે સ્વ. નટુભાઈ પટેલ વર્ષોથી વિવિધ સહકારી રાષ્ટ્રીય સંસ્થાઓમાં સક્રિય રહીને ખેડૂતો માટે, સહકારી માળખાથી મજબુત નેટવર્ક ઉભુ કર્યું હતું. ખેડૂતોના કલ્યાણ માટે સહકારના સિધ્ધાંતને જીવનમંત્ર બનાવનાર સ્વ. નટુભાઈ પટેલે આજીવન યોદ્ધા જેમ અડીખમ સહકારી ક્ષેત્રે મહેનત કરી અને ગમે તેવા વાવાઝોડા વચ્ચે પડકારના સમયમાં પણ ખેડૂતોના હિત, સહકાર ક્ષેત્રને કેન્દ્ર સ્થાને રાખી લડાયક મિજાજ સાથે આજીવન લડતા રહ્યા. તેમના નિધનથી ગુજરાતના સહકારી ક્ષેત્રના મોભી ગુમાવ્યા છે. સ્વ.નટુભાઈ પટેલના નિધનથી ગુજરાતે સહકારી ક્ષેત્રના જૂની પેઢીના સક્રિય નેતા ગુમાવ્યા છે.

રાષ્ટ્રીય સહકારી સંસ્થામાં વર્ષો સુધી સક્રિય નેતૃત્વ આપનાર શ્રી નટુભાઈ પટેલના નિધન અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, સિદ્ધાર્થભાઈ પટેલ સહિતના આગેવાનોએ શોકાંજલિ પાઠવી છે.

કાપોદ્રામાં વોચમેન પર ચપ્પુથી હુમલો કરાયો

સુરત

કાપોદ્રા આદિત્ય રેસીડેન્સી ગેટ પાસે એક વોચમેનને નજીવી બાબતમાં ગાળાગાળ કરી ત્રણ ઈસમોએ ચાકુ વડે હુમલો કરી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હોવાનો બનાવ કાપોદ્રા પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર નાનાવરાછા મોતીનગરની બાજુમાં એ બિલ્ડિંગમાં રણવીરસિંગ લાખણસિંગ તોમર રહે છે. તેઓ વોચમેન તરીકે નોકરી કરે છે. ગતરોજ તેઓ કાપોદ્રા આદિત્ય રેસીડેન્સી ખાતેથી પસાર થતા હતા. ત્યારે આરોપી અમિત ઉર્ફે ભાગો, વિજય ઉર્ફે ભૂરી મકવાણા તથા તેની સાથે આવેલા અન્ય એક ઈસમે નજીવી બાબતમાં ઝઘડો કરી ચાકુ વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત વોચમેને કાપોદ્રા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

એકે રોડ પર અજાણ્યા યુવકની લાશ મળી

સુરત

વરાછા વિસ્તારમાં આવેલા એકે રોડ પર એક અજાણ્યા યુવકની લાશ મળી આવી હતી. ઘટનાની જાણ થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી છે. હાલ તો મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે.

વરાછા વિસ્તારમાં એકે રેડ પર આવેલી પોલીસ ચોકી નજીકથી અજાણ્યા યુવકની લાશ મળી આવી હતી. ઘટનાની જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. હાલ યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. જ્યારે અજાણ્યા યુવકની ઓળખની દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. જોકે, અજાણ્યા યુવકની હત્યા કરી ફેંકી દેવામાં આવ્યો હોવાની આશંકા સેવવામાં આવી રહી છે.

કાકડકુવા ફુલવાડી ફાટકથી ગાંધીનગર બસ સેવા શરૂ

વલસાડ

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના કાકડકુવા-ફુલવાડી ફાટકથી ગાંધીનગર જવા માટેની એસ.ટી. બસ સેવાનો શુભારંભ તા.૧૨/૨/૨૦૨૦ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે કરવામાં આવ્યો હતો. જેના થકી આ વિસ્તારના લોકોને સીધી ગાંધીનગરની બસસેવાનો લાભ મળશે. બસના પ્રસ્થાન અવસરે માજી ધારાસભ્ય હિરાભાઈ ચૌધરી, વૃક્ષપ્રેમી રતિલાલ પટેલ, પર્યાવરણપ્રેમી બિજલકુમારી, ડેપોમેનેજર જયદીપભાઈ માહલા, ગિરનારા આશ્રમશાળાના આચાર્ય જશવંતભાઈ, શંકરભાઈ પટેલ, કાકડકુવા તેમજ આજુબાજુના ગામોના સરપંચ સહિત ગ્રામજનો હાજર રહ્યા હતા.

મોટાવરાછામાં ટ્રાફિક બ્રિગેડના જવાન પર લાકડી વડે હુમલો

હુમલો કરનાર પ્રતિક ગોયાણી સામે ફરિયાદ

સુરત

સરથાણા વિસ્તારમાં એક યુવકે ડીઆરબી જવાન સાથે ઝપાઝપી કરી ગાળો બોલી લાકડી વડે હુમલો કરી ફરાર થઈ ગયો હોવાનો બનાવ સરથાણા પોલીસ મથકમાં નોંધાયો હતો. પોલીસે વ્યથા તથા ફરજ પર રૂકાવટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ટ્રાફિક સર્કલ-૧ ખાતે મોહસીન પઠાણ ટીઆરબી જવાન તરીકે નોકરી કરે છે. મોટાવરાછા ડી માર્ટ વાસ્તુશિલ્પ હાઈટ્સ ખાતે રહેતા પ્રતિક ગોરાણીએ ટીઆરબી જવાન સાથે નજીવી બાબતમાં ઝઘડો કરી ઉશ્કેરાઈ જઈ લાકડી વડે તેની પીઠ તથા આંગળીઓ પર હુમલો કરી ફરાર થઈ ગયો હતો. પોલીસે ઈજાગ્રસ્ત ડીઆરબી જવાનની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

તા. ૨૭મીથી વેસુમાં આર્ટ ઓફ લિવિંગ દ્વારા ૪ દિવસની શિબિર

રાજેશભાઈ સિંઘલ શિબિરમાં માર્ગદર્શન આપશે

સુરત

આર્ટ ઓફ લિવિંગ દ્વારા ઘણા અને ખુસ અસરકારક શૈક્ષણિક અને આત્મવિકાસ ના કાર્યક્રમો ચલાવવામાં આવે છે કે તણાવ દુર કરવામાં સહાયરૂપ થાય છે. આ કાર્યક્રમો અને સાધનો દ્વારા ઉંડા અને ગહન આંતરિક શાંતિ, સુખ, અને સુખાકારી ને દરેક વ્યક્તિ હાંસલ કરી શકે છે.

આ કાર્યક્રમો કે જેમાં શ્વાસ તકનીક, ધ્યાન, યોગ, અને રોજબરોજના જીવનમાં વ્યવહારુ અનુભવ અને જ્ઞાનનો સમાવેશ થાય છે. ની મદદથી વિશ્વભરમાં લાખો લોકો પોતાના જીવનને સંપુર્ણપણે પરિવર્તિત કરી ચુકયા છે. આ ખુબજ સુંદર કાર્યક્રમને ખુદ ગુરુદેવ શ્રી શ્રી રવિશંકર દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે, અને આર્ટ ઓફલિવિંગનાં વરિષ્ઠ અને ખુબજ અનુભવી ફેકલ્ટી રાજેશભાઈ સિંઘલ દ્વારા મનીબા પાર્ક, વીઆઈપી રોડ, વેસુ, સુરત ખાતે પ્રસ્તુત કરવામાં આવશે. અમે સુરતના લોકોને આ કાર્યક્રમનો લાભ લેવા માટે આહવાન કરીએ છે. તારીખ ૨૭ થી ૨૯ ફેબ્રુઆરી સવારે ૬થી ૯ અને સાંજે ૬ થી ૯ એમ બે બેચ રહેશે. તા. ૧ માર્ચ સવારે ૬ થી ૧૨ બન્ને બેચ સાથે રહેશે. આમંત્રિતો પોતાને અનુકુળ હોય તે બેચમાં ભાગ લઈ શકશે આમંત્રિતોએ ચારેય દિવસ ફરજીયાત હાજર રહેવું પડશે.

મુસ્લિમ યુવકે હિન્દુ યુવતીને ભગાડી, બન્નેએ ટ્રેન સામે ઝંપલાવતા મોત

સુરત

ઓલપાડ તાલુકાના કીમ રેલ્વે સ્ટેશન નજીક રાત્રીના બે અજાણ્યા યુવક યુવતીના ટ્રેન અકસ્માતમાં મોત થવાની ઘટનાએ ચકચાર મચાવી દીધી હતી.ત્યારે બન્ને યુવક યુવતી મૂળ ઉત્તરપ્રદેશના હોય જેમાં યુવક મુસ્લિમ અને યુવતી હિન્દુ હોવાનું જાણવા મળતા બન્નેએ ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કરી લીધો હોવાની આશંકા છે. અત્રે ઉલ્લેખનિય છે કે, યુવતીના પિતાએ ઉત્તરપ્રદેશમાં મુસ્લિમ યુવક વિરુદ્ધ ભગાડી ગયો હોવાની ફરિયાદ પણ નોંધાવેલી છે.

આ અંગે રેલવે સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ ઓલપાડ તાલુકાના કીમ રેલ્વે સ્ટેશન નજીક ગત રાત્રિના યુવક અને યુવતીના મૃતદેહો રેલવે ટ્રેક પાસે મળી આવ્યા હતા. મોડી રાત્રે ૧૦ વાગ્યાના સમયગાળામાં ડાઉન લાઈન પર જતી કોચીવલ્લી એક્સપ્રેસ ટ્રેન સાથે અથડાતા ઘટના સ્થળે જ બન્નેનું કમકમાટીભર્યું મોત રહસ્યમય સંજોગોમાં થવા પામ્યું હોવાનું જાણવા મળે છે. ઘટનાની જાણ કીમ રેલવે સત્તાધીશોને થતા કોસંબા રેલવે પોલીસને જાણ કરી સદર દિશામાં પોલીસે તપાસ શરૂ કરી હતી. ઘટના સ્થળેથી બન્ને મૃતક યુવક યુવતીના જરૂરી દસ્તાવેજ મળી આવ્યા હતા. જે આધારે પોલીસે શરખેલ, ઉત્તરપ્રદેશ ખાતે તપાસ હાથ ધરી હતી. મૃતક યુવકનું ડ્રાઈવિંગ લાયસન્સ મળી આવતા યુવક મૂળ ઉત્તરપ્રદેશના શરખેલપુર, કંધાઈ, જિલ્લો પ્રતાપગઢનો રહેવાસી શાહબાજ ખાન બાદશાહ ખાન હોવાની વિગતો પ્રાપ્ત થઈ હતી.

મહિલાઓનો નિર્વસ્ત્ર ફિટનેસ ટેસ્ટ મુગલસરાઈમાં કોંગ્રેસના ધરણા

તત્કાળ તપાસ પૂર્ણ કરી રિપોર્ટ જાહેર કરવાની માંગણી

સુરત

સુરત મહાનગરપાલિકા ટ્રેની મહિલા કર્મચારીઓની નિર્વસ્ત્ર કરી કરાયેલી મેડીકલ ફિટનેસ તપાસના મામલે આજે બપોરે ત્રણ કલાકે સુરત મનપાના વિપક્ષી નેતા પ્રફુલ્લભાઈ તોગડિયાની આગેવાની હેઠળ કોંગ્રેસના કોર્પોરેટરો મનપા કમિશનરની ઓફિસ પાસે ધરણા યોજી પ્રદર્શન કરશે. કોંગ્રેસના કોર્પોરેટર અસલમ સાયકલવાળાના જણાવ્યા મુજબ સ્મીમેરમાં ફિટનેસ તપાસણીના નામે મહિલા કર્મચારીઓની સાથે કરાયેલી અણછાજતી વર્તણૂંકના મુદ્દે મનપા કમિ. બચ્છાનિધિ પાનીએ તપાસ કમિટીને આપેલી ૧૫ દિવસની મહેતલ ગેરવ્યાજબી છે. આ તપાસ કમિટીએ તુરંત જ તપાસ કરી રિપોર્ટ ફાઈલ કરવો જોઈએ. જે માંગણી સાથે આજે મનપા કચેરી ખાતે કોંગ્રેસ પક્ષના કોર્પોરેટરો ધરણાં-પ્રદર્શન યોજી મનપા કમિશનરને રજૂઆત કરશે. દરમિયાન જાણવા મળ્યા મુજબ તપાસ કમિટી દ્વારા શરૂ કરવામાં આવેલી તપાસમાં સ્મીમેર હોસ્પિટલના ગાયનેક વિભાગની પૂછપરછ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. તેમજ તપાસ મુદ્દત પહેલાં રિપોર્ટ આપવાનો પ્રયાસ કરશે.

પોલીટેક્નિક કોલેજના અધ્યાપકો દ્વારા કાળા વસ્ત્રો પહેરી આંદોલન

સાતમાં પગાર પંચનો અમલ કરવાની સરકારી કોલેજના પ્રાધ્યાપકોની માંગણી

સુરત

સરકારી પોલીટેક્નિક કોલેજના વર્ગ એક અને વર્ગ બેના અધ્યાપકોને સાતમાં પગાર પંચનો લાભ નહીં મળતા અધ્યાપકો દ્વારા કાળા વસ્ત્રો પહેરીને ફરજ બજાવવાનું આંદોલન આજથી શરૂ કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકારના વર્ગ-૧ થી વર્ગ-૪ના તમામ અધિકારી અને કર્મચારીઓને તારીખ ૧-૧-૨૦૧૬થી સાતમા પગાર પંચનો લાભ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ છે. જેને લીધે કર્મચારી વર્ગને વધતી મોંઘવારીના સાપેક્ષમાં પગારમાં વૃદ્ધિ મળેલ છે. આમ છતાં માત્ર ટેક્નિકલ શિક્ષણ આપતી સરકારી પોલીટેક્નિક કોલેજના વર્ગ ૧ તથા વર્ગ-૨ના પ્રાધ્યાપકોને સાતમાં પગાર પંચનો લાભ હજી સુધી મળેલ નથી. ગુજરાતભરની સરકારી પોલીટેક્નિક કોલેજોના મંડળ દ્વારા આ બાબતે સરકાર સમક્ષ સાતમાં પગાર પંચના લાભો મેળવવા માટે વખતો વખત રજૂઆત કરેલ છે. આમ છતાં, ચાર વર્ષ જેટલો સમય પસાર થઈ ગયો હોવા છતાં રાજ્ય સરકાર દ્વારા આ બાબતે કોઈ જાહેરાત કરેલ નથી. છેવટે સમગ્ર રાજ્યની પોલીટેક્નિક કોલેજના પ્રાધ્યાપકોએ પોતાની સાતમા પગાર પંચની માંગણી સંદર્ભે સરકાર કોઈ નક્કર પગલાં લે તે માટે કાળા કપડાં પહેરીને વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ યોજાયો હતો. આજથી અઠવાડિયા સુધી દરેક વ્યાખ્યાતાઓ કાળા કપડાં પહેરીને પોતાની ફરજો બજાવી શાંતિપૂર્ણ વિરોધ કાર્યક્રમ આપશે. આ વિરોધ પ્રદર્શનમાં શૈક્ષણિક કાર્ય કે સંસ્થાકીય પ્રવૃત્તિઓને કોઈ અસર નહીં પહોંચે તેવી બાહેધરી પોલીટેક્નિક અધ્યાપક મંડળ, સુરત પ્રમુખે આપેલ છે.

રાજ્યના તમામ સરકારી કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ વહેલાસર મળેલ છે અને એકમાત્ર ટેક્નિકલ શિક્ષણ આપતી સંસ્થાઓના પ્રાધ્યાપકોની ઉપેક્ષા સરકાર દ્વારા કરાઈ હોય પ્રાધ્યાપકોએ ગાંધી ચિંધ્યા માર્ગે વિરોધ પ્રદર્શન માટે એક સપ્તાહ સુધી કાળા કપડાં પહેરીને ફરજ બજાવવાનું નક્કી કર્યું હતું.



શ્રી Design
A Complete Printing Solution
Our Services
• Graphic Design • Book Work
• I Card (School & Commercial) • Brochure
• Stationary Printing • Pamphlet
• Calendar
All Type of Designing & Printing Work @ One Junction
93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૨૫-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।

‘નમસ્તે ટ્રમ્પ-નમસ્તે ટ્રમ્પ’ ના નારા સાથે ગૂંજી ઉઠ્યું સ્ટેડિયમ

‘નમસ્તે ટ્રમ્પ’ સુપરહિટ: આતંકને નાબૂદ કરવાનો સંકલ્પ







ઈસ્લામિક આતંકવાદને નેસ્તનાબૂદ કરવા અમેરિકા ભારતની પડખે,ભારતમાંથી આગામી એક દાયકામાં ગરીબી સંપૂર્ણ નાબૂદ થઈ જશેઃ ટ્રમ્પ

અમદાવાદ

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈસ્લામિક આતંકવાદનો સામનો કરવા અમેરિકા ભારતને તમામ હથિયારો-મિસાઈલ સહિત તમામ પ્રકારની મદદ કરશે એવી ખાતરી આપીને આજે અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ખાતે કહ્યું હતું કે અમેરિકાનું લક્ષ્ય પણ આતંકવાદનો જડમૂળથી ખાત્મો છે તેથી ભારત અને અમેરિકા ઈસ્લામિક કટ્ટરવાદ વિરૂદ્ધ એકજૂટ થઈને લડવા કટિબધ્ધ છે. આ અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નમસ્તે ટ્રમ્પ કહીને મોંઘેરા મહેમાનને આવકાર્યા હતા અને કહ્યું હતું કે ટ્રમ્પના આ પ્રવાસથી ભારત અને અમેરિકાની મિત્રતા ગાઢ બની છે. અને બન્ને દેશો વિશ્વ શાંતિ માટે સાથે મળીને કામ કરશે. બન્ને મહાનુભાવોએ પોતાના સંબોધનમાં એકબીજીના ભરપેટ વખાણ પણ કર્યા હતા.

વિશ્વની સૌથી જુની લોકશાહી ધરાવનાર દેશ અમેરિકાના સુપરપાવર સત્તા ધરાવનાર પ્રમુખ ડોનાલ્ડ જે. ટ્રમ્પ અને વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતાં દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું આજે ૨૪ ફેબ્રુઆરીએ ગાંધીના ગુજરાતની પાવન ધરતી પર નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં ભાવ વિભોર મિલન થયું હતું. અમદાવાદ એરપોર્ટ પર મોદી દ્વારા પ્રોટોકોલ એક બાજુએ મૂકીને પોતાના મિત્ર ટ્રમ્પને ઉમળકાભેર, ઉષ્માસભર રીતે આવકારતાં ભારત-અમેરિકાના ઈતિહાસમાં એક નવા અધ્યાયનો ઉમેરો થયો હતો. તે સાથે જ ટ્રમ્પની બે દિવસિય ભારત યાત્રાનો પણ પ્રારંભ થયો હતો.


મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત સાબરમતી આશ્રમની મુલાકાત, ચરખા કાંતણ અને વીઝીટર બુકમાં ગાંધીજીના નામે નહીં પણ સૌને નવાઈ પમાડે તેમ મોદીનો આભાર માનતો તેમના નામનો સંદેશો લખીને ટ્રમ્પ મોટેરા સ્ટેડિયમ પહોંચ્યા હતા અને ત્યાં બે દેશો વચ્ચેના સંબંધો પર ભાર મૂકીને અત્રેથી આગરા જવા રવાના થયા હતા. ગુજરાતની તેમની આ મુલાકાત અનેક રીતે બન્ને દેશો માટે ઔતિહાસિક અને યાદગાર બની રહી હતી. દુનિયાના સૌથી મોટા મોટેરા સ્ટેડિયમમાં યોજાયેલા નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ શાંતપૂર્ણ રીતે સંપન્ન થતા સુરક્ષા એજન્સીઓએ હાશકારો અનુભવ્યો હતો. બન્ને મહાનુભાવોએ સુરક્ષાના કારણોસર સ્ટેડિયમની વચ્ચોવચ્ચ બુલેટપ્રુફ કાચની કેબિનમાંથી સંબોધન કર્યું હતું.

મોટેરા સ્ટેડિયમમાં ચોરેબાજુ હકડેઠઠ લાખોની જનમેદનીને જોઈને રોમાંચિત બનેલા ટ્રમ્પે પોતાનું સંબોધન નમસ્તે બોલીને કરતાં લોકો પણ ખૂશ થયા હતા.

ટ્રમ્પે ભારતના વિકાસ અને વડાપ્રધાન મોદીની પ્રસંશા કરતાં કહ્યું કે મિ.પીએમ મોદી તમે માત્ર ગુજરાતનું ગૌરવ નથી, પરંતુ તમે મહેનત અને સમર્પણનો જીવતું જાગતુ ઉદાહરણ છે. ભારતીય ઈચ્છે તે અવશ્ય કરી શકે છે. મોદી રાજનીતિ પહેલા ચા વેચતા હતા. તેમને દરેક જણ પસંદ કરે છે, પરંતુ આ મુશ્કેલ કામ છે. આજે વડાપ્રધાન મોદી ભારતના મુખ્ય નેતા છે. ગત વર્ષે ૬૦ કરોડથી વધુ લોકોએ મોદીને મત આપ્યો અને સૌથી મોટી ચૂંટણીમાં જીત મેળવી હતી.

ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે આવતીકાલે હું પીએમ મોદી સાથે દ્વિપક્ષીય વાતચીત કરીશ, જેમાં અમે ઘણા બધી ડીલ પર વાત કરીશું. ભારત અને અમેરિકા સંરક્ષણ ક્ષેત્રે આગળ વધી રહ્યા છે, અમે ટૂંક સમયમાં ભારતને આતંકવાદનો સામનો કરવા સૌથી ખતરનાક મિસાઈલો અને શસ્ત્રો આપીશું. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે આતંકવાદ સામે અમેરિકા અને ભારત બંને એક થઈને લડશે, અમેરિકા ઈસ્લામિક આતંકવાદ આઈએસઆઈએસ સામેની લડત લડી રહ્યું છે. આપણા દેશો ઈસ્લામિક આતંકવાદનો ભોગ બન્યા છે, જેની સામે

અનુસંધાન પાના નં. ૬



કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તેમજ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ તેમજ ટ્રમ્પ નાગરિક અભિવાદન સમિતિના સભ્યોએ ટ્રમ્પ અને મોદીને આવકાર્યા હતા. તેમજ PM નરેન્દ્ર મોદીએ ગૃહમંત્રી અમિત શાહનો પરિચય કરાવ્યો અને ટ્રમ્પે ઉત્સાહભેર હાથ મિલાવ્યો હતો.

- ★ મોદીએ પોતાના મિત્રને હરખભેર આવકાર્યા, પ્રોટોકોલ તોડી એરપોર્ટ જઈ સ્વાગત કર્યું, એકબીજાને ગળે મળ્યા
- ★ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં મોદી અને ટ્રમ્પે એકબીજાના ભરપૂર વખાણ કરીને મિત્રતા ગાઢ બનાવી
- ★ વડાપ્રધાન મોદી ગાંધી આશ્રમમાં ટ્રમ્પ દંપતિના બન્યા ગાઈડ, ચરખો કાંતવામાં ટ્રમ્પ મુંઝાયા...!
- ★ ભારત-અમેરિકા અલગ દેશ, પરંતુ આત્મા એક જેવીઃ મોદી

ટ્રમ્પની મુલાકાતથી ભારત-અમેરિકાના સંબંધો વધુ ગાઢ બન્યા,ગાંધીની ભૂમિ પર બંને દેશોના સંબંધોનો નવો અધ્યાય શરૂ થશેઃ મોદી

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો
૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

દયાલપુરમાં થયેલી હિંસા મામલે પોલીસે ૪ એફઆઈઆર નોંધી

મૌજપુરમાં સીએએ સમર્થકો અને વિરોધીઓ વચ્ચે અથડામણ, હેડ કોન્સ્ટેબલનું મોત

મૌજપુરમાં છોકરાએ હાથમાં પિસ્તોલ લઈ આઠ રાઉન્ડ ફાયરિંગ કર્યું,પરિસ્થિતિ તંગ

ન્યુ દિલ્હી

દિલ્હીનાં મૌજપુરમાં નાગરિકતા સંશોધન કાયદાની વિરુદ્ધ પ્રદર્શન કરી રહેલા લોકો અને સમર્થકો સામસામે છે. બંને તરફથી જોરદાર પથ્થરમારો થઈ રહ્યો છે અને અનેક ગાડીઓને આગ લગાવી દેવામાં આવી છે. આ દરમિયાન એક વિડીયો સામે આવ્યો છે જેમાં એક છોકરો હાથમાં પિસ્તોલ લઈને ફાયરિંગ કરી રહ્યો છે. મૌજપુરથી જાફરાબાદવાળા રસ્તા પર આ ફાયરિંગ કરવામાં આવ્યું છે. આ ફાયરિંગમાં એક હેડ કોન્સ્ટેબલનું મોત થયું હોવાના સમાચાર છે.

વિડીયોમાં મૌજપુરથી જાફરાબાદવાળા રસ્તા પર એક છોકરો હાથમાં બંદૂક લઈને ફાયરિંગ કરતો જોવા મળી રહ્યો છે. છોકરો પોલીસની સામે ફાયરિંગ કરી રહ્યો હતો. આ છોકરાએ લગભગ ૮ રાઉન્ડ ફાયરિંગ કર્યું. પોલીસવાળાઓએ છોકરાને રોકવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તે રોકાયો નહીં અને તાબડતોડ ફાયરિંગ કરતો રહ્યો. મૌજપુરમાં સીએએ સમર્થકો અને વિરોધીઓની વચ્ચે સતત તણાવ ચાલી રહ્યો છે. ગઈકાલની હિંસા બાદ આજે ફરી બંને પક્ષોની વચ્ચે પથ્થરમારો થયો. સવારે ૧૧ વાગ્યાથી શરૂ થયેલો હંગામો બપોરે વાગ્યા સુધી ચાલતો રહ્યો. બંને જૂથો વચ્ચે પથ્થરમારો અત્યારે થંભ્યો છે.

સવારે સ્થિતિ એટલી બેકાબૂ હતી કે પોલીસે ટિયર ગેસનો ઉપયોગ કરવો પડ્યો. આખા વિસ્તારમાં પૈરામિલિટ્રી પોર્સ ઉપરાંત દિલ્હી પોલીસનાં જવાન તૈનાત છે, પરંતુ ભીડ હજુ પણ ત્યાં છે. સીએએ વિરુદ્ધ રવિવારનાં પ્રદર્શન દરમિયાન જાફરાબાદ, મૌજપુર અને દયાલપુરમાં થયેલી હિંસા મામલે પોલીસે ૪ ફ્રૈંઈ નોંધી છે. રવિવારનાં અલગ અલગ વિસ્તારોમાં ૧૦ પોલીસ કર્મચારીઓ સહિત એક અન્ય વ્યક્તિ પણ ઘાયલ થયો હતો.

આજે મેનેલિયા દિલ્હીમાં સરકારી શાળાની મુલાકાત લેશે મેનેલિયાના કાર્યક્રમમાં કેજરીવાલ-સિસોદિયાની હાજરીથી કોઈ વાંધો નથીઃ અમેરિકી રાજદૂત

ન્યુ દિલ્હી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ભારત પ્રવાસ પર આવી રહ્યા છે ત્યારે તેમની પત્ની મેલેનિયા મંગળવારે દિલ્હીની એક સરકારી શાળાનો પ્રવાસ કરશે. આ કાર્યક્રમમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયા ઉપસ્થિત નહીં રહે. આમ આદમી પાર્ટીએ બન્નેને આમંત્રણ નહીં આપવા બદલ કેન્દ્ર સરકાર પર નિશાન તાક્યું છે. હવે અમેરિકાના દૂતાવાસે કહ્યું છે કે તેમણે મેલેનિયાના કાર્યક્રમમાં કેજરીવાલ અને સિસોદીયાની ઉપસ્થિતિ પર તેમને કોઈ જ વાંધો નથી.

અમેરિકાના રાજદૂતના એક પ્રવક્તાએ ઘટનાક્રમ અંગે રવિવારે કહ્યું હતું કે અમે આ કાર્યક્રમમાં દિલ્હીના મુખ્યમંત્રી અને ઉપમુખ્યમંત્રીની ઉપસ્થિતિ પર કોઈ જ વાંધો નથી. અમે તેમની આ સમજની પ્રશંસા કરી છીએ કે આ એક બિનરાજકીય કાર્યક્રમ છે. તેનો ઉદ્દેશ શિક્ષણ, શાળા અને વિદ્યાર્થીઓ અંગે વિચારવાની છે. બીજીબાજુ સિસોદિયાએ સંતુલિત નિવેદન આપ્યું છે. દિલ્હી સરકાર, શિક્ષકો અને અહીંના વિદ્યાર્થીઓ માટે આ ગર્વનો વિષય છે કે અમેરિકાના પ્રથમ મહિલા અહીંની એક શાળાનો પ્રવાસ કરશે.

ટ્રમ્પ જ્યારે સરકારી કાર્યક્રમોમાં વ્યસ્ત રહેશે ત્યારે મંગળવારે મેલેનિયા દિલ્હીની

અનુસંધાન પાના નં. ૬

તંત્રી લેખ

ઈનફર્ટિલિટી સમસ્યા

ઈનફર્ટિલિટિની સમસ્યા આજે સમગ્ર દુનિયામાં જોવા મળે છે પરંતુ અમારા દેશમાં બદલાઇ રહેલી લાઈફ સ્ટાઈલના કારણે આ સમસ્યા વધારે ગંભીર બની રહી છે. અમારા દેશમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ફર્ટિલિટી સેન્ટરોની સંખ્યા ૧૦ ગણી વધી ગઇ છે. શોધથી એવુ જાણવા મળ્યુ છે કે ભારતમાં ૨.૮ કરોડ દંપત્તિ ઈનફર્ટિલિટીનો શિકાર બની ગયા છે. ઈનફર્ટિલિટી સમસ્યા માત્ર ભારતમાં શહેરી વિસ્તારોમાં રહેતા લોકોની સમસ્યા નથી બલ્કે ગ્રામીણ વિસ્તારોમાં પણ આ સમસ્યા ઉભરી આવી છે. આ સમસ્યા માત્ર મહિલાઓ સુધી પણ મર્યાદિત રહી નથી. આના મુખ્ય કારણ તરફ ધ્યાન આપવામાં આવે તો મોટી વયમાં લગ્ન, ટેન્શન ભરેલી લાઈફ સ્ટાઈલ, થાઈરોઇડ જેવી સમસ્યા પણ છે. આધુનિક સમયમાં પરિવાર કરતા લોકો કેરિયરને વધારે મહત્વ આપી રહ્યા છે જેથી પણ આ સમસ્યા ગંભીર બની રહી છે. ઈનફર્ટિલિટીની સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે ઈનફર્ટિલિટી માત્ર મહિલાઓની સમસ્યા નથી. જરૂર એ બાબતની છે કે મહિલા અને પુરૂષ બંનને આ સમસ્યાને ગંભીરતાથી હાથ ધરવાની જરૂર હોય છે. ટેકનોલોજી આજના સમયમાં એટલી વધારે વિકસિત થઇ ચુકી છે કે તમે એવા દિવસોથી ઓળખ ઘરમાં પણ કરી શકો છો જ્યારે આપની સગર્ભા બનવાની તક વધારે રહે છે. જે લોકો વિચારે છે કે ભારતની મહિલાઓ ટેકનોલોજીનો ઉપયોગ વધારે સારી રીતે કરી શકતી નથી તે લોકોની ગણતરી ખોટી છે. હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસ બાદ જાણવા મળ્યુ છે કે મહિલાઓ હવે ઘરમાં બેસીને પોતાના ફર્ટિલિટીના દિવસોની ઓળખ કરી શકે છે. એક એપની મદદથી આની ઓળખ કરી શકે છે. આ એપ પાંચ મિનિટમાં રિઝલ્ટ દર્શાવે છે. જે બેબી માટે ટ્રાય કરી રહ્યા છે તેમના માટે આ ઉપયોગી છથે. ક્યા ક્યા દિવસો તેમના માટે ફર્ટિલિટી માટે યોગ્ય છે. જે સ્માર્ટ ફોન હેન્ડલ કરી શકે છે તે તેને સરળતાથી ઉપયોગ કરી શકે છે. એપ દર્શાવે છે કે આપને ક્યારે ટેસ્ટ કરાવવા છે. આ ડિવાઇસની કિંમત ત્રણ હજાર રૂપિયા છે. આની સાથે આપને એક ટેસ્ટ સ્ટ્રિપ પણ મળે છે. ટેસ્ટ સ્ટ્રિપ સિંગલ યુઝ છે. એટલે કે એક વખત ઉપયોગ કરવામાં આવ્યા બાદ તેનો ઉપયોગ કરી શકાય નહીં. ઈનફર્ટિલિટી મોનિટર એક પોર્ટેબલ હોમ ડાયગ્નોસ્ટિક ટેસ્ટ ડિવાઇસ છે. જે ઈનિટો એપ અને સ્ટ્રિપની સાથે મળે છે. એક ચક્રમાં કેટલાક દિવસો જ ફર્ટાઈલ હોય છે. જ્યારે એક મહિલાના ગર્ભવતી થવાની તક હોય છે. એપ મારફતે ટેસ્ટ કરવાની બાબત સરળ છે. ડિવાઇસની સાથે ટેસ્ટ સ્ટ્રિપ મળે છે. સ્ટ્રિપ પર બ્લડ, યુરિન અને સ્લાઇવાના ટિપા મુકીને કેપ લગાવીને ડિવાઇજમાં નાંખવામાં આવે છે. ડિવાઇસને ત્યારબાદ ફોન સાથે અટેચ કરવામાં આવે છે. પાંચ મિનિટની અંદર તે કોઇ મોટી લેબની જેમ યોગ્ય પરિણામ આપના ફોન પર ઉપલબ્ધ કરાવે છે. કેટલાક મોટા શહેરોમાં જ આનો વધારે ઉપયોગ થઇ રહ્યો છે તે અંગે તપાસ કરવામાં આવતા આ બાબત ખોટી સાબિત થઇ હતી.

ઈનફર્ટિલિટી માટે ઘણા કારણો રહેલા છે

પુત્રી ઈવાંકા સતત સક્રિય છે



અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતમાં આવી પહોંચ્યા છે. તેમની યાત્રામાં તમામનુ ધ્યાન ટ્રમ્પની પુત્રી ઈવાંકાએ પણ ખેંચ્યુ છે. ઈવાંકા હમેંશા આત્મવિશ્વાસથી ભરપુર રહે છે. આજના સમયમાં ઈવાંકા પણ યુવા પેઢીના ઉદ્યોગ સાહસિકો માટે પ્રેરણારૂપ બની રહી છે. તે સ્ટાર્ટ અપના ક્ષેત્રમાં જોરદાર રીતે સક્રિય છે. ઈવાંકા પોતે પણ જુદા જુદા ક્ષેત્રમાં સક્રિય રહી છે. ખુબ ઓછા લોકો આ બાબતથી વાકેફ છે કે ઈવાંકા તમામ સમુદાયમાં લોકોની વચ્ચે ઘેરાઈ જાય છે. આજે પણ આના દર્શન જોવા મળ્યા હતા. ઈવાંકા ઐતિહાસિક ગાંધી આશ્રમ અને મોટેરા ખાતે પણ અલગ રીતે દેખાઈ આવી હતી. તે લોકોની વચ્ચે વધારે રહી હતી. સામાન્ય લોકોના અભિપ્રાય લેતા નજરે પડી હતી. ટ્રમ્પના કાર્યક્રમમાં પણ તેની ભૂમિકા રહેલી છે. ઈવાન્કા જ ટ્રમ્પની મુખ્ય સલાહકાર તરીકે પણ છે. તે પોતાના પિતાની સાથે ભારત યાત્રા પર આવી છે. ઈવાન્કા આ પહેલા પણ ભારત આવી ચુકી છે. ૨૮મી નવેમ્બર ૨૦૧૭ના દિવસે હૈદરાબાદમાં આયોજિત ગ્લોબલ સમિટમાં ઈવાન્કા ભાગ લેવા માટે પહોંચી હતી.એ વખતે જ ઈવાંકાએ ભારત પાછા આવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આજે તેની આ ઈચ્છા પૂર્ણ થઇ છે. ૩૯ વર્ષીય ઈવાન્કા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રથમ પત્નિ ઈવાના ટ્રમ્પના પુત્રી છે. ઈવાન્કાનો જન્મ ૧૯૮૧માં થયો હતો. ઈવાન્કાની માતા એક અમેરિકી મોડલ હતી. એમ માનવામાં આવે છે કે, જ્યારે ટ્રમ્પે ઈવાનાને તલાક આપ્યા હતા ત્યારે ઈવાન્કાની વય ૧૦ વર્ષની હતી. ડોનાલ્ડ ટ્રમ્પને તેમના પ્રથમ પત્નિથી ત્રણ બાળકો થયા હતા જેમાં બે પુત્ર અને એક પુત્રી ઈવાન્કાનો સમાવેશ થાય છે. સપ્ટેમ્બર ૨૦૧૯માં જે રીતે અમેરિકામાં હ્યુસ્ટનમાં કાર્યક્રમનું આયોજન કરાયું હતું તે રીતે જ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

નમસ્તે ટ્રમ્પ : ઐતિહાસિક કાર્યક્રમથી દુનિયામાં નવા સંદેશા જશે

સંબંધોમાં નવા યુગની શરૂઆત

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ઐતિહાસિક ભારત યાત્રાથી બંને દેશો વચ્ચે સંબંધોમાં એક નવા યુગની શરૂઆત થઇ રહી છે. ટ્રમ્પે તેમની ઐતિહાસિક ભારત યાત્રાની શરૂઆત કરી દીધા હવે સંબંધોમાં નવા યુગની શરૂઆત થઇ ગઇ છે. પ્રથમ દિવસે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની કેમિસ્ટ્રી જોરદાર રીતે જોવા મળી હતી. બંને નેતાઓએ એકબીજાને લાંબા ગાળા સુધી સાથ આપવા અને દરેક મામલે સાથે રહેવાની વાત કરી હતી. નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમથી દુનિયાના દેશોમાં અનેક સંદેશ પહોંચ્યા છે. અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ખાતે આયોજિત કાર્યક્રમમાં લાખો લોકો ઉમટી પડ્યા હતા. અમદાવાદની યાત્રા સાથે તેમની ભારત યાત્રાની શરૂઆત થઇ છે. ટ્રમ્પની ભારત યાત્રાના કારણે ભારત-અમેરિકા વચ્ચેના સંબંધ હવે નવી ઈંચાઇ પર પહોંચી રહ્યા છે. સાથે સાથે સંબંધોમાં એક નવા યુગની શરૂઆત પણ થઇ રહી છે. અમેરિકાના પ્રમુખ બન્યા બાદ ટ્રમ્પ ભારતની પ્રથમ યાત્રા પર પહોંચ્યા છે. અમેરિકામાં હવે ફરી ચૂંટણી યોજાવવા જઇ રહી છે ત્યારે ટ્રમ્પ માટે આ યાત્રા પણ જોરદાર રહી છે. તેમની ભારત યાત્રા દરમિયાન અમદાવાદમાં પહોંચ્યા બાદ તેમનુ ભવ્ય સ્વાગત પણ કરવામાં આવ્યુ હતુ. બન્ને દેશો ભુતકાળની કડવાશને ભુલીને હવે નવા યુગમાં પ્રવેશ કરી રહ્યા છે. એક નવી શરૂઆત કરવા ટ્રમ્પ ઉત્સુક દેખાઇ રહ્યા છે. તેમની ભારત યાત્રાથી આ બાબતની સાબિતી પણ મળી ગઇ છે. આ રીતે બરોબરી અને પરસ્પર વિશ્વાસ પર આધારિત સંબંધની શરૂઆત થઇ રહી છે. આજે અમારી સામે એક અમેરિકા છે. આજે ટ્રમ્પનુ નેતૃત્વ જે જુના



મોદી અને ટ્રમ્પ વચ્ચેની કેમિસ્ટ્રી ફરી એકવાર સપાટી પર આવી : મિત્રતાની નવી શરૂઆત : ત્રાસવાદના મુદ્દા પર અમેરિકા કઠોર

નેતાઓ કરતા અલગ વલણ ધરાવે છે. તે વ્યવહારિક વલણ રાખવા માટે ઈચ્છુક છે. તે કોઇ એક દેશ સાથે વધારે સંબંધ રાખવાના બદલે તમામ દેશો સાથે બરોબરીના સંબંધ રાખવા માટે ઈચ્છુક છે. અમેરિકા હવે ભારતના મહત્વને સારી રીતે સમજે છે. જેથી તેની સાથે તમામ પ્રકારના સંબંધો જાળવી રાખવાની સાથે સાથે કારોબાર કરવા માટે ઈચ્છુક છે. હકીકતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં એવી સ્થિતી ઉભી થતી ગઇ હતી જેના કારણે બન્ને દેશો વચ્ચે સંબંધમાં તિરાડ પડી હતી. જેથી અમેરિકાને પાકિસ્તાન તરફ વધારે ઝુંકાવ રાખવાની ફરજ પડી હતી. જોકે અમેરિકાના પ્રમુખ તરીકે પહેલા બરાક ઓબામા અને હવે ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા બાદ ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધ નવી ઉંચાઇ પર પહોચી ગયા છે. સંરક્ષણ, સુરક્ષા, સંપર્ક અને વેપાર જેવા ક્ષેત્રોમાં સંબંધો મજબુત કરવા ભારત અને અમેરિકા કટિબદ્ધ છે. મોદી અને ટ્રમ્પ હવે સફળ બેઠક યોજવા જઇ રહ્યા છે. જેમાં તમામ પાસા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. હૈદરાબાદ હાઉસ ખાતે યોજાનારી બેઠક તમામ માટે ઉપયોગી રહેનાર છે. આ બેઠકમાં ક્યાં મુદ્દા પર સમજુતી થનાર છે તેને લઈને અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ પહેલાથી જ સંદેશ આપી ચુક્યા છે. સંરક્ષણ, ઉર્જા અને વેપાર સહિતના ક્ષેત્રોમાં કેટલીક સમજુતી હવે થનાર છે. બંને દેશો સંપર્ક સંબંધિત તમામ યોજનાઓમાં તેજી લાવવા સહમત થયા છે. ભારતની યાત્રા ૨૧મી સદીની વાસ્તવિકતાની સાથે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધને નવી ઉંચાઈ પર લઈ જવા ઉચ્છુક છે. અમેરિકા ભારતની સાથે હોવાની વાત કરી હતી. ભારતની યાત્રાને અમેરિકા ખુબ મહત્વ આપી રહ્યુ છે.

ડોનાલ્ડ ટ્રમ્પ ભારત આવ્યા તે પહેલા જ ભારતની સાથે તેમના સંબંધોને મજબુત કરવની વાત પહેલાથી જ કરી ચુક્યા છે. આગામી દિવસોમાં બંને દેશો જુદા જુદા ક્ષેત્રોમાં પણ મજબુતી સાથે રહે તેમ માનવામાં આવે છે. ત્રાસવાદના મુદ્દા પર પણ ટ્રમ્પ ભારતને સાથ આપવાની વાત કરી ચુક્યા છે. ઐતિહાસિક નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં આજે ટ્રમ્પે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે ભારત તેની સરહદોની રક્ષા કરવાના અધિકાર ધરાવે છે. પાકિસ્તાનને ત્રાસવાદ સામે કાર્યવાહી કરવાની રહેશે.

બેકિંગ ક્ષેત્રે વિશ્વાસનિર્માણના વધુ પગલા જરૂરી બન્યા છે

બેકિંગ પ્રક્રિયા સરળ કરવાની જરૂર

રિઝર્વ બેંકના તત્કાલીન ગવર્નર રઘુરામ રાજને જ્યારે થોડાક વર્ષો પહેલા એમ કહ્યુ કે ભારતીય બેકિંગ ક્ષેત્ર સંકટમાં છે તો તમામ લોકો અને દેશના અર્થશાસ્ત્રીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. રાજને કહ્યુ હતુ કે કેટલીક મોટી કંપનીઓએ તેમની લોનની રકમની ફેરચુકવણી કરવામાં સફળ સાબિત થઇ રહી નથી. તેમના નિવેદનની ચર્ચા નિષ્ણાંતોમાં પણ રહી હતી. જ્યારે અમેરિકામાં સબ પ્રાઇમ સકંટના કારણે અમેરિકા જ નહી બલ્કે સમગ્ર દુનિયાના બેકિંગ ક્ષેત્રમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ હતુ ત્યારે ભારતના બેકિંગ ક્ષેત્રની હાલત સારી હતી. એટલુ જ નહી બલ્કે તેમના લાભ વધી રહ્યા હતા. કેટલીક સરકારી અને ખાનગી ક્ષેત્રની બેંકોને છોડી દેવામાં આવે તો ભારતીય બેકિંગ વ્યવસ્થા દુનિયામાં એક દાખલા સમાન બની ગઇ હતી. ભારતના નિતી નિર્માતા આ બાબતને લઇને ગર્વ અનુભવ કરી રહ્યા હતા કે ભારતની બેકિંગ વ્યવસ્તા દુનિયાની વ્યવસ્થા કરતા અલગ છે. જેથી ભારતની બેકિંગ વ્યવસ્થાને વિશ્વના અન્ય દેશોમાં થતી ઉથલપાથલની અસર થતી નથી. આ વાસ્તવિકતા છે કે ભારતની બેકિંગ વ્યવસ્થા અમેરિકા અને યુરોપિયન વ્યવસ્થા કરતા ખુબ મજબુત છે. છતાં છેલ્લા ચાર વર્ષના ગાળામાં ભારતીય બેકિંગ એક મોટા સંકટમાંથી પસાર થઇ રહી છે. ભારતની સરકારી અને ખાનગી એમ બન્ને પ્રકારની બેંકોની એનપીએ નવ લાખ કરોડ રૂપિયાના આંકડા સુધી પહોંચી ગઇ હતી. જો કે તમામ બેંકોમાં એક જેવી સ્થિતી રહી નથી. કેટલીક બેંકો મોટા પાયે એનપીએથી પરેશાન છે. જ્યારે અન્ય બેંકોમાં સમસ્યા એટલી ગંભીર નથી. કોઇ પણ લોનના એનપીએ હોવાના બે કારણ હોઇ શકે છે. પહેલુ કારણ એ છે કે બેંકોમાં સંચાલની બાબત યોગ્ય નહી હોવાની છે. જેના કારણે જાણી જોઇને

બેંકોના ખાનગીકરણને લઈને બિનજરૂરી ચર્ચામાં પડવાના બદલે બેકિંગમાં લોકોનો વિશ્વાસ અકબંધ રહે તેવા

હવે વિચારણા કર્યા વગર જોખમી લોન આપી દેવાની બાબત સામેલ છે. બીજુ કારણ અર્થ વ્યવસ્થા ધીમી હોવાના કારણે કોર્પોરેટ ક્ષેત્ર દ્વારા લેવામાં આવેલી લોનની ફેરચુકવણી કરવામાં પરેશાની છે. અગાઉની સરાકરના આર્થિક ખરાબ સંચાલનના કારણે પણ જટિલ સ્થિતી સર્જાઇ જાય છે. કોંભાડો અને કોર્પોરેટની સાથે મિલિભગત્ના કારણે કોર્પોરેટ લોન એનપીએમાં ફેરવાઇ જવાના કેટલાક કારણ હોય છે. મંદીના કારણે કેટલાક કેસોમાં યોગ્યરીતે આપવામાં આવેલી લોનની ફેરચુકવણીમાં પણ તકલીફ આવી રહી છે. રાજકીય નેતૃત્વની મિલીભગતના કારણે મોટા ભાગે લોન એનપીએ થાય છે. વિજય માલ્યા, નિરવ મોદી, મહેલુ ચોકસી સહિતના કેટલાક દાખલા અમારી સામે રહેલા છે. જ્યાં લોન લેનાર નાણાંકીય સંસ્થાઓની અથવા તો કોર્પોરેટ કંપનીઓની આર્થિક સ્થિતીને ધ્યાનમાં લેવામાં આવી ન હતી. અથવા તો બેકિંગ મેનેજમેન્ટની નબળાઇ પણ તેમાં દેખાઇ આવે છે. એનપીએ મામલે રીઝર્વ બેંક ચિંતાતુર છે. હાલના પીએનપી કોંભાડ બાદ કેટલાક પગલા નવા લેવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ બેડ લોન સાથે જોડાયેલા નિયમોમાં કોઇપણ છુટછાટ આપવાનો સાફ ઇન્કાર કરી દીધો છે. રિઝર્વ બેંકે કહ્યું છે કે, કઠોર નિયમોને અમલી કરવામાં આવ્યા બાદ લોન લેનાર લોકો પોતાની હદમાં રહેશે અને બેંક પણ કોઇપણ પ્રકારની લોનને છુપાવી શકશે નહીં. આ મામલાથી વાકેફ રહેલા બે વરિષ્ઠ અધિકારીઓએ આજે આ મુજબની માહિતી આપી હતી. દિલ્હીમાં હાલમાં બંધ બારણે અતિમહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી જેમાં રિઝર્વ બેંકના ગવર્નર ઉર્જિત પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉર્જિત પટેલે સાંસદો સમક્ષ આ મુજબની વાત કરી હતી. રિઝર્વ બેંકે સ્ટ્રેસ્ડ એસેટના નિયમોમાં ફેરફાર કર્યા હતા જેમાં કહેવામાં આવ્યું હતું કે, કંપનીના એક દિવસના પણ લોન પર ડિફોલ્ટ કરવાની સ્થિતિમાં બેંકોને રિઝોલ્યુશન પ્લાન ઉપર કામ શરૂ કરવું પડશે. બેંકો હવે આ નિયમોને વધુ કઠોર બનાવી રહી છે. તેમનું કહેવું છે કે, આ પ્રકારના બેડલોનમાં અતિ ઝડપથી વધારો થતાં તકલીફ ઉભી થઇ રહી છે. રિઝર્વ બેંકના નવા નિયમોમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, બેંકોને ડિફોલ્ટના ૧૮૦ દિવસની અંદર રિઝોલ્યુશન પ્લાન તૈયાર કરવાના રહેશે. જો આવું નહીં કરી શકાય તો એ લોન એકાઉન્ટ દેવાળિયા તરીકે ગણાવીને કોર્ટમાં મોકલી દેવામાં આવશે. કેગ અને અન્ય સંસ્થાઓ દ્વારા કેટલાક મોટા કોંભાડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. જેમાં કોલસા કોંભાડ, ટુજી કોંભાડ, કોમનવેલ્થ ગેમ્સ કોંભાડનો સમાવેશ થાય છે. આવા બીજા કોંભાડો પણ સપાટી પર આવ્યા છે. બેંકો દ્વારા ખોટી રીતે લોન આપી દેવાની બાબત પણ આના હિસ્સા તરીકે છે. એક બાબત તો નકકી થઇ છે કે જેટલા પણ બેકિંગ કોંભાડ અથવા તો એનપીએ ઉજાગર થઇ રહ્યા છે તે તમામ પૂર્વ સરકારના ગાળામાં આપવામાં આવ્યા હતા.

મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ સહિતના ત્રાસવાદીઓના અડ્ડા છે...

પાકમાં ત્રાસવાદ સામે હુમલાની જરૂર

પાકિસ્તાન ત્રાસવાદીઓના મોટા કેન્દ્ર તરીકે છે અને દુનિયાના ટોપના ત્રાસવાદીઓ અને અપરાધીઓ ત્યાં છુપાયેલા છે તેવા હેવાલ વારંવાર આવતા રહે છે. આવી સ્થિતીમાં પાકિસ્તાનમાં ફરી કાર્યવાહી કરવાની જરૂર દેખાઇ રહી છે. પાકિસ્તાનમાં સેંકડો ત્રાસવાદીઓ હજુ ઘાતક હથિયારોની તાલીમ લઇ રહ્યા છે. ભારત સામે ખતરનાક કાવતરા ઘડવામાં આવી રહ્યા છે. આવી સ્થિતીમાં પગલા લેવાની જરૂર છે. પાકિસ્તાન તેમની સામે કાર્યવાહી કરવાની સ્થિતીમાં નથી. મુંબઇ હુમલાના અપરાધીઓ અને માસ્ટરમાઇન્ડ જેવા કુખ્યાત ત્રાસવાદીઓ પાકિસ્તાનમાં ખુલ્લી રીતે ફરી રહ્યા હોવા છતાં તેમની સામે કોઇ કાર્યવાહી થતી નથી. પાકિસ્તાન નિષ્ફળ રહેતા હવે નિર્ણાયક કાર્યવાહી કરવા માટેનો સમય હવે આવી ગયો છે. કારણ કે વારંવારના હુમલા અને સતત ઉશ્કેરણીજનક કૃત્યો પાકિસ્તાન સરકાર અને પાકિસ્તાન સમર્થિત ત્રાસવાદીઓ દ્વારા જારી રાખવામાં આવ્યા છે. આટલામાં ઓછુ હોય તેમ હવે પાકિસ્તાનના વડાપ્રધાન જાહેરમાં કહી ચુક્યા છે કે ભારતમાં અનેક હુમલા માટે જવાબદાર રહેલા કુખ્યાત હાફિઝ સઇદની સામે કોઇ કાર્યવાહી કરવામાં આવશે નહી.અમેરિકા સહિતના દેશોના દબાણને કોઇ મહત્વ પાકિસ્તાન આપી રહ્યુ નથી. પાકિસ્તાન સરકારના દશકોથી આ પ્રકારના વલણના કારણે આજે પાકિસ્તાન વૈશ્વિક ત્રાસવાદીઓ માટે મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી ચુક્યુ છે અને દુનિયાભરના મોટા ત્રાસવાદીઓ અને આતંકવાદીઓ પાકિસ્તાનમાં છુપાયેલા છે. જંગી ઇનામ ધરાવનાર ત્રાસવાદીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી રહી નથી. ભારત અને અમેરિકા દ્વારા આપવામાં આવેલા પુરાવા તરફ પણ ધ્યાન આપવામાં આવી રહ્યુ નથી. ચીન જેવા દેશો પણ હાફિઝ સઇદના મામલે ભારતને સાથ આપવા માટે તૈયાર નથી. ભારતને કેટલાક મોરચે એક સાથે લડવાની જરૂર દેખાઇ રહી છે. ભારત સરકાર છેલ્લા કેટલાક વર્ષોથી પાકિસ્તાનને વૈશ્વિક મંચ



સર્જિકલ સ્ટ્રાઇક-એરસ્ટ્રાઇક કરવામાં આવ્યા બાદ આ પ્રકારની કાર્યવાહી ફરી વખત કરવા માટે ખચકાટ રાખવાની જરૂર નથી

પર એકલુ પાડી દેવામાં સફળ રહ્યુ છે પરંતુ હજુ કેટલાક પગલા લેવાની જરૂર દેખાઇ રહી છે. પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓના કેમ્પ ચાલી રહ્યા છે. ભારતમાં વારંવાર થતા હુમલાને રોકવા માટે વધારે એલર્ટ થવાની જરૂર દેખાઇ રહી છે. છેલ્લા કેટલાક વર્ષોથી હુમલા થતા રહ્યા છે. પરંતુ હવે એવી નિતી અપનાવવાની જરૂર છે કે જો કોઇ હુમલો સરહદ પારથી થાય છે તો તેનો યોગ્ય જવાબ આપવામાં આવે. ભારતીય સેનાને ત્રાસવાદી ગતિવિધીને રોકવા માટે જો જરૂર પડે તો સરહદ પાર કરીને પણ કાર્યવાહી નિર્ણાયક રીતે કરવી જોઇએ. હાલમાં જ ભારતે સર્જિકલ હુમલા કરીને ખળભળાટ મચાવી દીધો હતો. વૈશ્વિક સ્તર પર ભારતે તેની તાકાતનો પરિચય આપ્યો હતો. આવી કાર્યવાહી કરવામાં ખચકાટ અનુભવ કરવાની કોઇ જરૂર નથી. પોતાના દેશમાં હુમલાને રોકવા અને લોકોને સુરક્ષિત રાખવાની તમામ દેશને સત્તા છે. ત્રાસવાદીઓ સામે ચોક્કસપણે નિર્ણાયક કાર્યવાહી થઇ શકે છે. જ્યાં સુધી ત્રાસવાદીઓ અને તેમના આકાઓને યોગ્ય બોધપાઠ ભણાવવામાં આવશે નહી ત્યાં સુધી ભારતમાં હુમલા જારી રહેશે. આ ઉપરાંત સરહદી વિસ્તારમાં સર્વોચ્ચ તકેદારી વધારી દેવાની જરૂર છે. કેટલાક પ્રશ્નો એ પણ થાય છે કે ત્રાસવાદી સરહદ પાર કરીને કઇ રીતે ભારતમાં સુરક્ષિતરીતે ઘુસી જાય છે. પાકિસ્તાનને બોધપાઠ ભણાવવા માટે માંગ ઉઠી રહી છે. મોટા લશ્કરી અધિકારીઓ પણ આવો જ અભિપ્રાય ધરાવે છે. ત્રાસવાદીઓ વારંવાર પોતાની ઇચ્છા મુજબ હુમલા કરીને પોતાના કાવતરા સફળ સાબિત કરી રહ્યા છે. આવી સ્થિતિમાં પાકિસ્તાનનો ટેકો ધરાવતા અને તેના દ્વારા તમામ પ્રકારની મદદ દ્વારા આગળ વધી રહેલા આતંકવાદીઓને રોકવા માટે હવે ચારપાંખીય વ્યૂહરચનાની જરૂર હોવાનો અભિપ્રાય વ્યક્ત કરવામાં આવી રહ્યો છે જેના ભાગરુપે અંકુશ રેખા પાર કરીને આતંકવાદી કેમ્પોને નેસ્તનાબૂદ કરવાના વિકલ્પનો પણ સમાવેશ થાય છે. ઉપરાંત ઘુસણખોરી વિરોધી ઓપરેશનને વધુ તીવ્ર કરવાની જરૂર દેખાઇ રહી છે. આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારવા માટે એલઓસી ઉપર વધારે વ્યૂહાત્મક તૈયારી રાખવાની સાથે સાથે કવર્ટ ઓપરેશનની જરૂરિયાત પણ દેખાઇ રહી છે. પાકિસ્તાન સામે હવે વધુ કઠોરતાપૂર્વકની કાર્યવાહીની જરૂર દેખાઈ રહી છે. ગંભીરતાપૂર્વક આગળ વધીને ત્રાસવાદીઓને ખતમ કરવાની માંગ ઉઠી રહી છે. ત્રાસવાદીઓ હુમલો કરે ત્યારબાદ કાર્યવાહી કરવામાં આવે તેવી વ્યૂહરચનાના બદલ આતંકવાદીઓ હુમલો કરે તે પહેલા જ તેમને ખતમ કરવાની જરૂરિયાત દેખાઈ રહી છે. ઈઝરાયેલનો દાખલો દુનિયાની સામે છે.

ફિલ્મી ગપસપ...

અમિતાભની પહેલી મરાઠી ફિલ્મ 'એબી આણિ સીડી'નું ટ્રેલર રિલીઝ

મુંબઈ

અમિતાભ બચ્ચનની મરાઠી ફિલ્મ 'એબી આણિ સીડી'નું ટીઝર ટ્વિટર પર શેર કરવામાં આવ્યું છે. આ ટીઝર શેર કરીને અમિતાભે કહ્યું હતું, જૂના સાથી સાથે મરાઠી ફિલ્મ કરી. તમામને શુભકામના. ફિલ્મનું ટીઝર નેશનલ અવોર્ડ વિનર (મરાઠી ફિલ્મ 'અનુમતિ' માટે બેસ્ટ એક્ટર) મરાઠી એક્ટર વિક્રમ ગોખલે પર ફિલ્માવવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે અમિતાભ બચ્ચન તથા વિક્રમ ગોખલે આ પહેલાં બોલિવૂડ ફિલ્મ્સ 'હમ કૌન હૈં', 'પરવાના', 'અગ્નિપથ', 'ક્રોધ', 'ખુદા ગવાહ' તથા 'અકેલા'માં સાથે કામ કર્યું છે.



ટીઝર પ્રમાણે, ફિલ્મની વાર્તા ચંદ્રકાંત દેશપાંડે (વિક્રમ ગોખલે) નામના વૃદ્ધની આસપાસ ફરે છે, જે પરિવારમાં તિરસ્કૃત હોય છે. એક દિવસ અચાનક ચંદ્રકાંતને અમિતાભ બચ્ચનનું એક કુરિયર મળે છે, જેમાં એક લેટર હોય છે. લેટરમાં સ્કૂલ સમયનો એક કિસ્સો લખેલો હોય છે. અમિતાભના આ લેટર પ્રમાણે, તેમના ટીચર્સ તેમને તથા ચંદ્રકાંતને એબી આણિ સીડી (અમિતાભ બચ્ચન તથા ચંદ્રકાંત દેશપાંડે) કહીને બોલાવતા હતાં. પહેલી નજરમાં લાગે છે કે આ ફિલ્મની વાર્તા બે મિત્રોની છે, જેમાં એક સુપરસ્ટાર બની જાય છે અને બીજો મિત્ર મધ્યમવર્ગીય જીવન જીવે છે.

'ઈન્ડિયન આઈડલ ૧૧'નો ખિતાબ ભટિંડાનો સની હિન્દુસ્તાની જીત્યો

મુંબઈ

રવિવારે રાત્રે 'ઈન્ડિયન આઈડલ ૧૧'ના ગ્રાન્ડ ફિનાલેમાં ભટિંડાનો સની હિન્દુસ્તાની વિનર થયો છે. સનીને ટ્રોફીની સાથે ૨૫ લાખ રૂપિયાનું ઈનામ પણ મળ્યું છે. રનર અપને ૫-૫ લાખ રૂપિયા આપવામાં આવ્યા છે. રોહિત રાઉત પહેલો રનર અપ અને બીજી રનર અપ ઓંકના મુખર્જી બની.



આયુષ્માન ખુરાના પોતાની ફિલ્મ 'શુભ મંગલ ઝ્યાદા સાવધાન'ના પ્રમોશન માટે સ્ટારકાસ્ટ સાથે હાજર રહ્યો હતો. આ દરમ્યાન તેણે કહ્યું હતું કે 'ઈન્ડિયન આઈડલ ૧૧'નો જે વિનર હશે તેને 'ટી સિરીઝ'ની આગામી ફિલ્મમાં પ્લેબેક સિંગિંગનો ચાન્સ મળશે. વિનર સની આ શો જીત્યો તે પહેલાં જ ઈમરાન હાશ્મીની ફિલ્મ 'ધ બોડી' અને કંગના રનૌતની ફિલ્મ 'પંગા' માટે ગીત ગાઈ ચૂક્યો છે. આ ફિનાલેમાં શોના ત્રણ જજ વિશાલ દદલાની, હિમેશ રેશમિયા અને નેહા કક્કડે પણ પરફોર્મ કર્યું હતું.

સની ૧૪ વર્ષનો હતો ત્યારે જ તેના પિતાનું મૃત્યુ થઈ ગયું હતું. ત્યારે ઘરની પરિસ્થિતિ એવી ન હતી કે તે ગાવાનું શીખી શકે. તે યુટ્યુબ પર નુસરત ફતેહ અલીના સોન્ગ સાંભળીને ગાતા શીખ્યો. મિત્રો તેને ઘણીવાર રિયાલિટી શોમાં જવા માટે કહેતા પરંતુ ત્યારે તેની પાસે પૈસા ન હતા કે તે ઓડિશન આપી શકે. મિત્રોએ તેને ઈન્ડિયન આઈડલ ૧૧ માટે ઓડિશન આપવાનું કહ્યું.

જયલલિતાનાં ૭૨માં જન્મદિન પર 'થલાઈવી'નો ન્યુ લુક રિલીઝ

મુંબઈ

જયલલિતાનો ૨૪ ફેબ્રુઆરીના રોજ ૭૨મી બર્થ એનિવર્સરી છે. આ પ્રસંગે 'થલાઈવી'ના મેકર્સે ફિલ્મનો ન્યૂ લુક શેર કર્યો હતો, આ લુક જયલલિતા રાજકારણમાં આવ્યા તે સમયનો છે. આ લુકમાં કંગનાએ તે જ સાડી પહેરી છે, જેવી જયલલિતા પહેરતા હતાં. નોંધનીય છે કે જયલલિતાનો જન્મ ૨૪ ફેબ્રુઆરી, ૧૯૪૮માં થયો હતો. કંગનાએ જયલલિતાના લુક માટે પ્રોસ્થેટિક્સ મેકઅપ ઉપરાંત ૮-૧૦ કિલો વજન વધાર્યું હતું.

માહિરા શર્મા પર દાદાસાહેબ ફાળકે એવોર્ડ સાથે છેડછાડ કરવાનો આરોપ મુકાયો

મુંબઈ

બિગ બોસ ૧૩ ફેમ અભિનેત્રી માહિરા શર્મા શો ખત્મ પુરો થયા બાદ ભારે ચર્ચામાં છે. હાલમાં ફરી એકવાર તે ચર્ચામાં આવી છે. પરંતુ આ વખતે તેનો એક કાંડ છતો થયો છે. અભિનેત્રી પર દાદાસાહેબ ફાલ્કે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડનું નકલી સર્ટિફિકેટ બનાવવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. ડીપીઆઈએફએફની ઓફિશિયલ ટીમે પોતાના રિયલ ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ વાતનો પુરાવા સાથે આરોપ લગાવ્યો છે.

એક અહેવાલ અનુસાર ગયા દિવસોમાં માહિરાએ ઈન્સ્ટાગ્રામ પર એક સર્ટિફિકેટ અપલોડ કરી હતી. તેણે જણાવ્યું હતું કે, તેને આ એવોર્ડ 'મોસ્ટ ફેશનેબલ કન્ટેસ્ટેન્ટ ઓફ બિગ બોસ ૧૩' માટે મળ્યો છે. હવે ટીમનું કહેવું છે કે, આવું કોઈ જ સર્ટિફિકેટ તેને આપવામાં આવ્યું નથી. આ સર્ટિફિકેટ એકદમ નકલી છે.

માહિરાની આ હરકતને ખોટી જણાવતા આ ટીમે માહિરા વિરોધમાં એક ઈન્ટિમેશન લેટર જાહેર કર્યો છે. તેને માફી માંગવાનું કહેવામાં આવ્યું છે. જો તેણે માફી નહીં માગી તો કાયદેસર કાનુની કાર્યવાહી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, બિગ બોસ ૧૩ના ફિનાલેમાં પણ માહિરા પહોંચી હતી.

'અંધાધુન'ની તેલુગુ રિમેક બનશે, સાઉથ સ્ટાર નીતિન લીડ રોલ ભજવશે

હૈદરાબાદ

આયુષ્માન ખુરાના, રાધિકા આપ્ટે અને તબુ સ્ટારર ફિલ્મ 'અંધાધુન' ૨૦૧૮માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ બોક્સઓફિસ પર હિટ સાબિત થઈ હતી. હવે આ ફિલ્મની તેલુગુ રિમેક બનવાની છે. આવું પહેલીવાર નથી કે હિન્દી ફિલ્મ્સની તેલુગુ રિમેક બની હોય. અગાઉ 'લવ આજ કલ', 'ઓહ માય ગોડ', 'દબંગ', '૩ ઈડિયટ્સ' વગેરે જેવી હિન્દી ફિલ્મ્સની તેલુગુ રિમેક બની ચૂકી છે. 'અંધાધુન' ફિલ્મની તેલુગુ રિમેકમાં એક્ટર નીતિન આયુષ્માન ખુરાનાનો રોલ પ્લે કરશે. આ ફિલ્મ નીતિનના જ પ્રોડક્શન હાઉસ હેઠળ પ્રોડ્યૂસ થવાની છે. આ ફિલ્મનું શૂટિંગ જૂન મહિનામાં શરૂ થશે. ઓરિજિનલ હિન્દી ફિલ્મ 'અંધાધુન'ને શ્રીરામ રાઘવને ડિરેક્ટ કરી હતી. આ ફિલ્મ માટે આયુષ્માન ખુરાનાને બેસ્ટ એક્ટરનો નેશનલ અવોર્ડ પણ મળ્યો છે. આ ફિલ્મ ન માત્ર ભારતમાં બોક્સઓફિસ પર હિટ સાબિત થઈ પરંતુ ચીનમાં પણ આ ફિલ્મ સફળ સાબિત થઈ હતી. 'અંધાધુન' ફિલ્મે ચાઈનામાં ૩૨૭ કરોડ રૂપિયાની કમાણી કરી હતી અને તે ચાઈનામાં સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મોની લિસ્ટમાં 'દંગલ' અને 'સિક્રેટ સુપરસ્ટાર' બાદ ત્રીજા સ્થાને છે.

બોક્સ ઓફિસ પર 'શુભ મંગલ'નો દબદબો, ૩ દિવસમાં કરી ૩૧ કરોડની કમાણી

મુંબઈ

શુક્રવારે આયુષ્માન ખુરાનાની ફિલ્મ શુભ મંગલ જ્યાદા સાવધાન અને વિક્કી કૌશલની ભૂત એક સાથે રીલિઝ થઈ. બંને ફિલ્મોને સમીક્ષકોએ પણ વખાણી હતી. અને દર્શકોએ પણ પસંદ કરી હતી. પણ ત્રણ દિવસના કલેક્શનમાં આ બંને ફિલ્મોમાંથી કોણ વધુ હિટ સાબિત થઈ છે તે બહાર આવ્યું છે. આ ફિલ્મ કલેક્શન પર નજર કરતા ખબર પડે છે કે આયુષ્માન વિક્કી કૌશલથી આગળ નીકળી ગયા છે.

સૌથી પહેલા વાત કરીએ છીએ આયુષ્માનની ફિલ્મ 'શુભ મંગલ જ્યાદા સાવધાન'ની શુક્રવારે જ રીલિઝ સાથે જ આ ફિલ્મે સારી ઓપનિંગ કરી હતી. ત્રણ દિવસમાં આ ફિલ્મના ક્લેક્શનમાં થોડો વધારો થયો છે. ત્રીજા દિવસે આ ફિલ્મ ૧૧ કરોડ રૂપિયાની કમાણી કરી છે. ત્યાં જ બીજા દિવસ ૧૧.૮ કરોડ રૂપિયા કમાયા હતા. તો પહેલા દિવસે ફિલ્મ ૯.૫૫ કરોડની કમાણી કરી હતી. આમ કુલ ૩ દિવસમાં ફિલ્મે ૩૧ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

બીજી તરફ વિક્કી કૌશલ ભૂત પાર્ટ ૧ : ધ હોન્ટેડ શિપ ત્રીજા દિવસે ૫.૪૦ કરોડનું કલેક્શન કર્યું છે. બીજા દિવસે આ ૫.૫૨ કરોડ રૂપિયાની કમાણી કરી. અને પહેલા દિવસે આ ફિલ્મે ૫.૧૦ કરોડનું કલેક્શન કર્યું હતું. અત્યાર સુધીમાં આ ફિલ્મે ૧૬.૦૨ કરોડનું કલેક્શન કરી ચૂકી છે. આ ફિલ્મના કલેક્શનને જોતા તે સ્પષ્ટ થાય છે કે આ ફિલ્મ આયુષ્માન સામે સારી ભીડ આપી છે.

જાહ્નવી કપૂરે માતાની બીજી પુણ્યતિથિ પર તસવીર શેર કરી, કહ્યું: 'તમને રોજ યાદ કરું છું'

મુંબઈ

બે વર્ષ પહેલાં આજના જ દિવસે એટલે કે ૨૪ ફેબ્રુઆરીના રોજ શ્રીદેવીનું દુબઈમાં આકસ્મિક નિધન થયું હતું. શ્રીદેવી અહીંયા પતિ બોની કપૂર તથા દીકરી ખુશી સાથે નણંદ રીના કપૂરના દીકરા મોહિત મારવાહના લગ્નમાં હાજરી આપવા આવી હતી. જાહ્નવી કપૂર ફિલ્મ 'ધડક'ના શૂટિંગમાં વ્યસ્ત હોવાથી લગ્નમાં હાજરી આપી શકી નહોતી. જોકે, દુબઈમાં શ્રીદેવીનું આકસ્મિક અવસાનથી માત્ર પરિવારને જ નહીં બોલિવૂડ અને ચાહકોને ઘેરો આઘાત લાગ્યો હતો. જાહ્નવી કપૂરે માતાની બીજી ડેથ એનિવર્સરી પર નાનપણની તસવીર શેર કરી હતી.

જાહ્નવી કપૂરે સોશિયલ મીડિયામાં માતા સાથેની નાનપણની તસવીર શેર કરીને કહ્યું હતું, રોજ તમને યાદ કરું છું. ઉલ્લેખનીય છે કે જાહ્નવી કપૂરે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે તે હજી પણ આ આઘાતમાંથી બહાર આવી શકી નથી. તેને સતત તેની માતાની યાદ સતાવે છે.

રમત જગત વિશેષ

બેટ્સમેનોનું ખરાબ પ્રદર્શન જ અમારી હારનું મુખ્ય કારણ : કોહલી

વેલિંગ્ટન

ન્યૂઝીલેન્ડે પ્રથમ ટેસ્ટમાં શાનદાર પ્રદર્શન કરતા ભારતીય ટીમને ૧૦ વિકેટથી હરાવી દીધુ છે. આ જીત સાથે કેન વિલિયમસનની ટીમ બે ટેસ્ટ મેચોની સિરીઝમાં ૧-૦થી આગળ થઈ ગઈ છે. ટેસ્ટ રેંકિંગની નંબર વન ભારતીય ટીમનું મેચમાં પ્રદર્શન ખુબ જ નિરાશાજનક રહ્યું અને તે મેચના ચોથા દિવસે પ્રથમ સેશનમાં જ હારનો સામનો કરવો પડ્યો. મેચ બાદ ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલી પોતાના બેટ્સમેનોના પ્રદર્શનથી ખુબ જ નારાજ નજર આવ્યો. તેણે સાફ કહ્યું કે, બેટ્સમેનોનું ખરાબ પ્રદર્શન જ અમારી હારનું પ્રમુખ કારણ બન્યું. કોહલીએ કહ્યું કે, ટોસ હારવું કોઈ મોટી વાત ન હતી. આ બેટ્સેમેનોનું પ્રદર્શન જ હતું જે અમારી હારનું મુખ્ય કારણ હતું.

વિરાટે કહ્યું પ્રથમ દિવસે અમારી બેટિંગ ખુબ જ ખરાબ રહી અને આ કારણે જ અમે મેચમાં પાછળ રહ્યા. તેણે બોલરોના પ્રદર્શનનો બચાવ કરતા એ વાત માની કે, ન્યૂઝીલેન્ડના નીચેના ક્રમનાં બેટ્સમેનોએ જે ૧૨૦ રન બનાવ્યા. તે અમારા માટે ઘાતક સાબિત થયા. ન્યૂઝીલેન્ડની પ્રથમ ઈનિંગ દરમિયાનના સમયે ભારતે ન્યૂઝીલેન્ડની છ વિકેટ ૨૧૬ રન પર પાડી દીધી હતી. પરંતુ પાછળના બેટ્સમેનોએ સારૂ પ્રદર્શન કર્યુ અને યજમાન ટીમનો સ્કોર ૩૪૮ પર પહોંચાડી દીધો. હાર્યા હોવા છતા વિરાટ કોહલીએ આશા વ્યક્ત કરી કે, આ પ્રદર્શનને ભૂલતા ભારતીય ટીમ આગામી મેચમાં સારૂ પ્રદર્શન કરશે.

સૌરવ ગાંગુલી પર બાયોપિક બનશે..!! કરણ જોહર સ્ટારકાસ્ટની શોધમાં

ફિલ્મમેકર કરણ જોહર સૌરવ ગાંગુલીની બાયોપિક બનાવી શકે છે. અમદાવાદ મિરરના રિપોર્ટ અનુસાર કરણ જોહર બીસીસીઆઈ (બોર્ડ ઓફ કન્ટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા)ની ઓફિસમાં ગાંગુલીને મળ્યા હતા. હાલ સૌરવ ગાંગુલી બીસીસીઆઈના પ્રેસિડેન્ટ છે. સૌરવ ગાંગુલીને પ્રેમથી લોકો દાદા તરીકે બોલાવે છે. મુંબઈમાં શુક્રવારે તેઓ મળ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર મેકર્સ હાલ સ્ટારકાસ્ટની શોધમાં પણ છે જે તેમનો રોલ સંપૂર્ણપણે નિભાવી શકે. આ સિવાય કરણ જોહરની ડિરેક્ટર તરીકેની આગામી ફિલ્મ 'તખ્ત' છે. આ મલ્ટિસ્ટારર ફિલ્મમાં વિકી કૌશલ, આલિયા ભટ્ટ, કરીના કપૂર, રણવીર સિંહ, જાહ્નવી કપૂર, ભૂમિ પેડનેકર અને અનિલ કપૂર લીડ રોલમાં છે

ભારત બીજી ઈનિંગમાં ૧૯૧ રનમાં ઓલઆઉટ,બેટ્સમેનોનો ફ્લૉપ શૉ

પ્રથમ ટેસ્ટમાં ભારતનો ન્યૂઝીલેન્ડ સામે ૧૦ વિકેટે પરાજય

• નવ રન કરતાં જ ન્યૂઝીલેન્ડે વિજય પ્રાપ્ત કર્યો, મેન ઓફ ધ મેચ બનનાર સાઉથીની મેચમાં કુલ નવ વિકેટ,બીજી ટેસ્ટ ૨૯ ફેબ્રુ.એ કાઈસ્ટચર્ચ ખાતે રમાશે,ન્યૂઝીલેન્ડની ટેસ્ટમાં ૧૦૦મી જીત

• ભારત ૯ ટેસ્ટથી અપરાજિત હતું, ૮ જીત અને ૧ ડ્રો, છેલ્લે ઓસ્ટ્રેલિયા સામે ડિસેમ્બર ૨૦૧૮માં પર્થ ખાતે હાર્યું હતું

વેલિંગ્ટન

ભારતીય બેટ્સમેનોની નિષ્ફળતા બીજી ઈનિંગ્સમાં પણ ચાલુ રહી અને આ કારણે ન્યૂઝીલેન્ડે બેસિન રિઝર્વ મેદાન પર રમાયેલી પહેલી ટેસ્ટ મેચના ચોથા દિવસે ૧૦ વિકેટથી જીત મેળવી લીધી. આ સાથે જ બે ટેસ્ટની સીરિઝમાં ૧-૦થી લીડ ન્યૂઝીલેન્ડને મળી ગઈ છે. દુનિયામાં દરેક જગ્યાએ સારું પરફોર્મ કરનારી રવિ શાસ્ત્રીની આ ટીમ બંને ઈનિંગ્સમાં મળીને કુલ ૩૫૬ રન બનાવી શકી. પહેલી ઈનિંગ્સમાં ભારતે માત્ર ૧૬૫ રન બનાવ્યા. ન્યૂઝીલેન્ડે પહેલી ઈનિંગ્સમાં જ ૩૪૮ રન બનાવીને ભારત પર ૧૮૩ રનની લીડ મેળવી લીધી હતી. મેચમાં ૧૧૭ રન આપી ૯ વિકેટ ઝડપનાર સાઉથી મેન ઓફ ધ મેચ બન્યો. ટીમ ઈન્ડિયાનું વર્ષ ૨૦૧૩ પછી સૌથી કરારી હારનો સામનો કરવો પડ્યો છે. બે ટેસ્ટ મેચોની સિરિઝમાં ન્યૂઝીલેન્ડ ૧-૦થી આગળ. બીજી અને અંતિમ ટેસ્ટ મેચ ૨૯ ફેબ્રુઆરીએ કાઈસ્ટચર્ચ ખાતે રમાશે.

ભારતીય બેટ્સમેનો બીજી ઈનિંગ્સમાં નિષ્ફળ રહ્યા અને માત્ર ૧૯૧ રન જ બનાવી શક્યા જેથી કીવી ટીમને જીત માટે માત્ર ૯ રન બનાવવાના હતા. તેણે કોઈપણ વિકેટ ગુમાવ્યા વિના જ આ રન બનાવીને જીત મેળવી લીધી. ટોલ લાથમ ૭ અને ટોમ બ્લંડલ ૨ રન બનાવીને અણનમ રહ્યા. આ ન્યૂઝીલેન્ડની ૧૦૦મી ટેસ્ટ જીત પણ છે.

ભારતે દિવસની શરૂઆત ચાર વિકેટના નુકસાન પર ૧૪૪ રન સાથે કરી હતી. ટીમને સારા સ્કોર સુધી પહોંચાડવાની જવાબદારી વાઈસ કેપ્ટન અજિંક્ય રહાણે અને હનુમા વિહારી પર હતી. આ બંને ત્રીજા દિવસે ક્રમશઃ ૨૫ અને ૧૫ રન બનાવીને પાછા આવ્યા હતા. પરંતુ ટીમના ખાતામાં ૩ રન જોડાયા બાદ વિહારી આઉટ થઈ ગયો. વિહારને સાઉથીએ બોલ્ડ કર્યો. રવિચંદ્રન અશ્વિન પણ સાઉથીનો શિકાર બન્યો.

આ બાદ ઈશાંત શર્માએ થોડા રન બનાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે કોલિન ડી ગ્રાન્ડહોમનો શિકાર બન્યો. તેણે બે ચોગ્ગાની મદદથી ૧૨ રન બનાવ્યા. આ બાદ રહાણે પણ આઉટ થઈ ગયો. રહાણેએ ૭૫ બોલમાં ૨૯ રન બનાવ્યા હતા. રિષભ પંતની ૨૫ રનની ઈનિંગ્સે કુલ સ્કોર ૧૯૧ સુધી પહોંચાડ્યો. આ બાદ પંત અને બુમરાહને પણ આઉટ કર્યા.

ન્યૂઝીલેન્ડ માટે ટીમ સાઉથીએ બીજી ઈનિંગ્સમાં ૫ વિકેટ લીધી. જ્યારે ટ્રેન્ટ બોલ્ટે ૪ વિકેટ લીધી. સાઉથીએ પહેલી ઈનિંગ્સમાં પણ ૪ વિકેટ લીધી હતી. આમ તેણે મેચમાં કુલ ૯ વિકેટ ઝડપી. આ પહેલા ભારત માટે ઈશાંત શર્માએ સારી બોલિંગ કરતા ન્યૂઝીલેન્ડની પહેલી ઈનિંગ્સમાં ૫ વિકેટ ઝડપી હતી. જ્યારે રવિચંદ્રન અશ્વિનને ૩ વિકેટ મળી હતી.

મેચ બાદ ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલીએ કહ્યું, અમે આ મેચમાં બિલકુલ લડત આપી શક્યા નહોતા. જો અમે કીવી ટીમ સામે ૨૨૦-૨૩૦ રનનો ટાર્ગેટ મૂક્યો હોત તો સારું થયું હોત. કોહલીએ કહ્યું- ભારતીય ટીમ આગામી મેચમાં સારું પ્રદર્શન કરશે.

પ્લેયર્સના શાનદાર પ્રદર્શનના કારણે ટીમ ૧૦૦મી ટેસ્ટ જીતી: વિલિયમસન

બીજી તરફ ન્યૂઝીલેન્ડના કેપ્ટન કેન વિલિયમસને એ વાત પર ખુશી વ્યક્ત કરી કે પ્લેયર્સના શાનદાર પ્રદર્શનના કારણે ટીમ ૧૦૦મી ટેસ્ટ જીત હાંસલ કરવામાં સફળ રહી. તેમણે આ જીતને ખેલાડીઓના સતત ચાર દિવસના સારા પ્રદર્શનનું પરિણામ ગણાવ્યું. વિલિયમસને કહ્યું કે, ભારતીય ટીમ ખુબ જ સારી છે અને તેમની સામે જીત મેળવવી એક મોટી વાત છે. મેચમાં નવ વિકેટ લેનાર ન્યૂઝીલેન્ડના ઝડપી બોલર ટીમ સાઉદીને મેન ઓફ ધ મેચ ઘોષિત કરવામાં આવ્યો. સાઉદીએ કહ્યું, મને એ વાતની ખુશી છે કે, અમે આ મેચને અમારા નામે કરી. વેલિંગ્ટનનાં રિઝર્વ વિકેટ વિશે તેણે કહ્યું, કે પિચ શરૂઆતમાં સરી રીતે કામ કરી રહી હતી. પરંતુ સમય પસાર થતાની સાથે સાથે તેમાથી સ્વિંગ સમાપ્ત થતી ગઈ. સાઉદીએ કહ્યું કે આ જીતથી અમારો આત્મવિશ્વાસ વધ્યો છે અને આ સાથે જ અમે આગામી ટેસ્ટ મેચમાં ઉતરીશું.

ભારત જેવી ક્વોલિટી ટીમને હરાવીને આનંદ થયો: ટિમ સાઉથી

વેલિંગ્ટન

ન્યૂઝીલેન્ડના ફાસ્ટ બોલર ટિમ સાઉથીએ ફરી એકવાર પુરવાર કર્યું છે કે તે વર્લ્ડના સૌથી સારા સ્વિંગ બોલર્સમાંથી એક કેમ છે. તેણે વેલિંગ્ટન ખાતેની પ્રથમ ટેસ્ટમાં મેચમાં કુલ ૯ વિકેટ ઝડપીને કિવિઝની જીતમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેણે બીજી ઈનિંગ્સમાં ૫ વિકેટ ઝડપી હતી. ભારત ચોથા દિવસે કોઈ ફાઈટ આપે તે પહેલા તેણે હનુમા વિહારી, ઋષભ પંત, રવિચંદ્રન અશ્વિન અને જસપ્રીત બુમરાહના પેવેલિયન ભેગા કરીને કિવિઝને ટેસ્ટ ક્રિકેટમાં ૧૦૦મી જીત અપાવી હતી.

સાઉથીએ મેચ પછી કહ્યું કે, "ભારત જેવી ક્વોલિટી ટીમને હરાવીને ખુશ છીએ. મને લાગે છે કે આજનું પ્રથમ સેશન અગત્યનું હતું. બીજો નવો બોલ લીધા પહેલા વિહારી અને રહાણેની વિકેટ ઝડપી અમે બાજી મારી હતી."

તેણે વધુ ઉમેરતા કહ્યું કે, "તમે જેટલું વધારે રમો તેટલી સારી રિધમમાં આવો છો. જો તમારે ત્રણેય ફોર્મેટમાં રમવું હોય તો રમતમાં ફેરફાર કરવા જરૂરી છે. એક બોલિંગ યુનિટ તરીકે ૨૦ વિકેટ લઈને સંતોષ મળે છે. પિચમાં બોલર્સ માટે હંમેશા કરતા વધારે કંઈક હતું. પવનના લીધે બોલ વધારે મૂવ થઈ રહ્યો હતો." સાઉથીની મેન ઓફ ધ મેચ તરીકે પસંદગી થઈ હતી.

ઓસ્ટ્રેલિયા ૨૯૬ પોઈન્ટ્સ સાથે બીજા અને ઈંગ્લેન્ડ ૧૪૬ પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને છે

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારત પ્રથમ મેચ હાર્યું... ૩૬૦ પોઈન્ટ્સ સાથે અવ્વલ નંબરે

વેલિંગ્ટન

ભારત વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં પોતાની પ્રથમ મેચ હાર્યું છે. ન્યૂઝીલેન્ડે વેલિંગ્ટનના બેસીન રિઝર્વ ખાતેની પ્રથમ ટેસ્ટમાં ભારતને ૧૦ વિકેટે હરાવી ૨ ટેસ્ટની સીરિઝમાં ૧-૦ની લીડ મેળવી છે. આ મેચ જીતવા બદલ કિવિઝને ૬૦ પોઈન્ટ્સ મળ્યા છે. તેઓ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ્સ ટેબલમાં ૧૨૦ પોઈન્ટ્સ સાથે પાંચમા સ્થાને છે. જો તેઓ કાઈસ્ટચર્ચ ખાતેની બીજી ટેસ્ટ પણ જીતે તો તેમના ૧૮૦ પોઈન્ટ્સ થઈ જશે. તેમજ તે સાથે તેઓ પોઈન્ટ્સ ટેબલમાં ત્રીજા ક્રમે આવી જશે.

આ ભારતની ટેસ્ટ ચેમ્પિયનશિપમાં આઠમી મેચ હતી. તેઓ અગાઉની સાતમાંથી સાત ટેસ્ટ જીત્યા હતા. આ હાર છતાં તેઓ ૩૬૦ પોઈન્ટ્સ પ્રથમ સ્થાને છે. તેમજ ઓસ્ટ્રેલિયા કરતા ૬૪ પોઈન્ટ્સ આગળ છે. ઓસ્ટ્રેલિયા ૨૯૬ પોઈન્ટ્સ સાથે બીજા સ્થાને, ઈંગ્લેન્ડ ૧૪૬ પોઈન્ટ્સ સાથે ત્રીજા અને પાકિસ્તાન ૧૪૦ પોઈન્ટ્સ સાથે ચોથા સ્થાને છે.

યુએસ ફર્સ્ટ વર્સિસ મેક ઈન ઈન્ડિયાની લડાઈઃ ધ ડોન

મોદીએ ટ્રમ્પ માટે તેમનો પ્રથમ પ્રેમ એટલે કે ભીડની સાઈઝને પસંદ કરીઃ ન્યૂયોર્ક ટાઈમ્સ

વિશ્વના મોટા નેતા ટ્રમ્પના અહંકારને પુરા કરે છેઃ ન્યૂયોર્ક ટાઈમ્સ

ન્યુ દિલ્હી

વર્લ્ડ મીડિયાની નજર અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ભારત પ્રવાસ પર છે. અમેરિકાના ન્યુઝ પેપર ધ ન્યુયોર્ક ટાઈમ્સે લખ્યું છે કે વિશ્વભરના નેતા ટ્રમ્પના અહંકારને સંતોષવાની કોશિશ કરી રહ્યાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રમ્પને ખુશ કરવા માટે તેમનો પ્રેમ એટલે કે ભીડને પસંદ કરી. પાકિસ્તાનના ન્યુઝપેપર ધ ડોને ભારત અને અમેરિકાની વચ્ચેના ટ્રેડ ડીલ વિવાદને અમેરિકા ફર્સ્ટ વિરુદ્ધ મેક ઈન ઈન્ડિયાની લડાઈ ગણાવી. જ્યાર અલઝઝીરાએ લખ્યું કે ટ્રમ્પનો પ્રવાસ એવા સમયે થઈ રહ્યો છે, જ્યારે ભારતમાં નાગરિકતા કાયદામાં સંશોધન બાદ દેખાવો થઈ રહ્યાં છે.

અમેરિકાના ન્યુઝપેપર ધ ન્યુયોર્ક ટાઈમ્સે લખ્યું બ્રિટનની પાસે મહારાણી છે, એટલે તેઓ ટ્રમ્પ માટે બકિંધમ પેલેસમાં ડિનરનું આયોજન કરે છે. ફ્રાન્સમાં બાસ્તિલ ડે ઉજવવામાં આવે છે, આ કારણે તેઓ અમેરિકાના રાષ્ટ્રપતિને મિલેટ્રી પરેડમાં બોલાવે છે. જાપાનમાં રાજાશાહી છે એટલા માટે તેઓ ટ્રમ્પને બોલાવે છે અને સાથે જ સૂમો મેચ પણ બતાવવા લઈ જાય છે. આ જ રીતે ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રમ્પને ખુશ કરવા માટે તેમનો પ્રેમ એટલે કે ભીડની સાઈઝને પસંદ કરી. અમદાવાદમાં ટ્રમ્પના કાર્યક્રમમાં ૧ લાખથી વધુ લોકો આવ્યા. આટલા જ લોકો એરપોર્ટથી લઈને મોટેરા સ્ટેડિયમની વચ્ચે રોડ શો દરમિયાન ઉપસ્થિત રહ્યાં હતા.

જર્મન માર્શલ ફન્ડ ઓફ ધ યુનાઈટેડ સ્ટેટ્સના એશિયા પ્રોગ્રામના ડાયરેક્ટર જુલિયન સ્મિથના હવાલાથી એનવાઈટીએ લખ્યું કે વિશ્વના મોટા નેતા અમેરિકાના રાષ્ટ્રપતિની ટુરમાં ઐતિહાસિક સ્થાનોના પ્રવાસ અને સ્થાનિક વાનગીઓને ઓછી કરી રહ્યાં છે અથવા તો હટાવી રહ્યાં છે. તેઓ તેમના અહંકારને પુરા કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે. છેલ્લા થોડા વર્ષોમાં આપણે અલગ-અલગ રીતે જોયું પરંતુ નેતાઓનું લક્ષ્ય દરેક વખતે સમાન જ રહ્યું છે અને એ કે ટ્રમ્પને કઈક અલગ અનુભવ કરાવી શકે. ભારતીયોએ એ નક્કી કર્યું કે જ્યારે ટ્રમ્પ અમેરિકા પરત આવે તો ભારત વિશે કેટલાક સારા અનુભવ સાથે લઈને આવે.

પાકિસ્તાનના ન્યુઝપેપર ધ ડોને લખ્યું કે અમેરિકા-ભારતની વચ્ચેનો કારોબારી સંબંધ લાંબા સમયથી ખરાબ ચાલી રહ્યો હતો, જોકે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના અમેરિકા ફર્સ્ટ અને વડાપ્રધાન મોદીના મેક ઈન ઈન્ડિયાના નારના કારણે આ સંબંધો વધુ બગડી રહ્યાં છે.



દક્ષિણ કોરિયા અને ચીનમાં રવિવારે કોરોના વાઈરસના નવા કેસ નોંધાતા દક્ષિણ કોરિયાના દાએગુની સૂમસામ માર્કેટમાં વર્કરો વાઈરસથી બચવા માટે મોં પર માસ્ક પહેરીને રસ્તા પર દવા છાંટી રહ્યા છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હીથી અમદાવાદ આવી પહોંચ્યા હતા. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ નાયબ મુખ્યમંત્રી નીતીન પટેલ સહિતના મહાનુભાવોએ વડાપ્રધાન મોદીનું એરપોર્ટ પર સ્વાગત કર્યું હતું.



પીએમ મોદીનો મુખોટો પહેરેલા વ્યક્તિનાં હાથમાં અમેરિકાનાં ઝંડો છે.



મોદી-ટ્રમ્પના રોડ શોને જોવા માટે ઊમડેલી ભીડ.

વિઝિટર બુકમાં લખ્યુઃ તાજ મહેલે અમને પ્રેરિત કર્યા

ટ્રમ્પ દંપતિએ પ્રેમના પ્રતિક 'તાજ'ના કર્યા દિદાર : થયા ભાવવિભોર

આગ્રા

તાજમહેલની સુંદરતાથી અભિભૂત અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભ્રમણ કરવાની સાથે વિઝિટર બુકમાં લખ્યું કે, આ ભારતની શાનદાર અને વિવિધતાપૂર્ણ સંસ્કૃતિનો અમિટ દસ્તાવેજ છે. તાજમહેલ પ્રેરણા આપે છે. આ પહેલા અમેરિકાના રાષ્ટ્રપતિએ પત્ની મેલાનિયા સહિત પુત્રી ઈવાંકા અને જમાઈ જેરેડ કુશનરની સાથે આગરા એરપોર્ટ પર કલાકારોના પ્રદર્શનને નિહાળ્યો હતો. ત્યારબાદ ટ્રમ્પ અને મેલાનિયાએ તાજમહેલની મુલાકાત લીધી હતી. આ દરમિયાન ગાઈડ નિતિન સિંહે ટ્રમ્પ દંપતિને પ્રેમના પ્રતિક સમા તાજમહેલનું ભ્રમણ કરાવ્યું હતું.

રાષ્ટ્રપતિ ટ્રમ્પ આગરા પહોંચ્યા તો ૧૩ કિલોમીટર લાંબા રસ્તા પર લગભગ ૨૫ હજાર શાળાના વિદ્યાર્થીઓએ



જગ્યા-જગ્યા પર તેમનું સ્વાગત કર્યું હતું.

આગ્રા ખાતે તાજ મહેલ જોવા પહોંચેલા ટ્રમ્પ અને મેલેનિયાએ વિઝીટર બુકમાં સંદેશ લખ્યો. જેમાં લખ્યું કે, તાજ મહેલે અમને પ્રેરીત કર્યા અને આશ્ચર્યચકિત કર્યા. ભારતીય સંસ્કૃતિની સમૃદ્ધ ધરોહર છે તાજ મહેલ. તાજ મહેલ ભારતીય સંસ્કૃતિની વૈવિધ્યસભર સંસ્કૃતિની સમૃદ્ધતા છે. ભારતના પ્રવાસે જે કોઈ પણ વીવીઆઈપી આવે છે તેઓ તાજમહેલની મુલાકાતે અચુક આવે છે. આ પહેલા તત્કાલીન રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન અને હિલેરી ક્લિન્ટન પણ તાજમહેલની મુલાકાત લઈ ચુક્યા છે. અમદાવાદથી ઉડાન ભર્યા બાદ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના વિશેષ વિમાનથી તાજનગરી આગ્રા પહોંચ્યા હતા. જ્યાં તેમની સાથે તેમના પત્ની મેલેનિયા, પુત્રી ઈવાંકા અને જમાઈ જેર્ડ કુશનર પણ સાથે હતા. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આગ્રાના તાજ મહેલના દીદાર કર્યા હતા. આ દરમિયાન ટ્રમ્પે ફરી એક વખત હિન્દીમાં ટ્વીટ કર્યુ હતું. ટ્રમ્પે પોતાના ટ્વીટમાં કહ્યુ કે અમેરિકા અને ભારત પોતાના દેશોને મજબૂત બનાવશે.

નિફ્ટી આંક ૧૨,૦૦૦ની સપાટી તોડી નીચે ગબડ્યો

કોરોના વાયરસ ઈફેક્ટઃ સેન્સેક્સમાં ૮૦૭ અંકનું તોતિંગ ગાબડું



મુંબઈ

ચીન સિવાયના દેશમાં કોરોનો વાઈરસ ફેલાતાં આજે વૈશ્વિક રાહે ભારતીય શેરબજારમાં ૮૦૭ પોઈન્ટ્સનું તોતિંગ ગાબડું પડ્યું હતું. ચીન બાદ ઈટલીમાં પણ કોરોના વાઈરસ પ્રસરતા આજે સવારથી જ વૈશ્વિક બજારોમાં ઘટાડા તરફી હવામાન જોવા મળ્યું હતું.

સોમવારે દિવસ દરમિયાન બીએસઈ સેન્સેક્સ ઉપરમાં ૪૧,૦૩૭.૦૧ અને નીચામાં ૪૦,૩૦૬.૩૬ પોઈન્ટ્સની રેન્જમાં ટ્રેડ થયા બાદ ૮૦૬.૮૯ પોઈન્ટ્સ અથવા ૧.૯૬ ટકા ગગડીને ૪૦,૩૬૩.૨૩ પોઈન્ટ્સની સપાટીએ બંધ રહ્યો હતો. નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી પણ ઉપરમાં ૧૨,૦૧૨.૫૫ અને નીચામાં ૧૧,૮૧૩.૪૦ પોઈન્ટ્સની રેન્જમાં અથડાયા બાદ ૨૪૨.૨૫ પોઈન્ટ્સ અથવા ૨.૦૧ ટકા ઘટીને ૧૧,૮૩૮.૬૦ પોઈન્ટ્સની સપાટીએ બંધ રહ્યો હતો. બીએસઈ મિડકેપ અને બીએસઈ સ્મોલકેપ અનુક્રમે ૧.૬૦ ટકા અને ૧.૫૮ ટકા ઘટીને બંધ રહ્યા હતા.

સોમવારે મેટલ, ઓટો, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓઈલ-ગેસ, રિયલ્ટી તેમજ બેંક શેરોમાં ધૂમ વેચવાલી જોવા મળી હતી. આજે બીએસઈમાં તમામ સેક્ટોરલ ઈન્ડાઈસિસ રેડ ઝોનમાં બંધ રહ્યા હતા.

આજે ઘટીને બંધ રહેલા મુખ્ય શેરોમાં ટાટા સ્ટીલ ૬.૩૯ ટકા, ઓએનજીસી ૪.૭૨ ટકા, મારુતિ ૪.૨૪ ટકા, ટાઈટન ૩.૪૨ ટકા, આઈસીઆઈસીઆઈ બેંક ૩.૧૩ ટકા, એચડીએફસી ૨.૮૨ ટકા, ભારતી એરટેલ ૨.૮૦ ટકા, બજાજ ઓટો ૨.૭૬ ટકાનો સમાવેશ થાય છે.

દક્ષિણ કોરિયામાં કોરોનાના કેસો વધતા હાઈ એલર્ટ અપાયું હોવાથી ઈટલા અને ઈરાને પણ આ રોગચાળાના ડામવા આકરા પગલાં લીધા હોવાથી વૈશ્વિક અર્થતંત્ર ડામાડોળ થવાની દહેશત જોવા મળી હતી. આ ઉપરાંત આંતરાષ્ટ્રીય મુદ્રો કોષ (આઈએમએફ)એ કરેલી આગાહી મુજબ પહેલેથી જ કથળેલી વૈશ્વિક આર્થિક સ્થિતિ પર કોરોના વાયરસ બેવડો ફટકો પુરવાર થશે.

સ્થાનિક શેરબજારોમાં આજે સાર્વત્રિક વેચવાલી જોવા મળી હતી. જેમાં મુંબઈ શેરબજારમાં આશરે ૧૯૫થી વધુ શેરો તેમની પર સમાહની નીચલીએ સપાટીએ પહોંચ્યા હતા. જેમાં હીરો મોટોકોર્પ, લાર્સન અને ટુબ્રો, બંધન બેંક, કેનેરા બેંક, એનબીસીસી, એચપીસીએલ, ઈન્ડિયન ઓવરસીઝ બેંક, તેજસ નેટવર્ક અને એલઆઈટી ફાઈનાન્સનો સમાવેશ થાય છે.

આ પહેલા ગુરુવારે, વૈશ્વિક અર્થતંત્રમાં કોરોના વાયરસને કારણે મોટો ઘટાડો નોંધાયો હતો. જ્યાં સેન્સેક્સ ૧૫૨.૮૮ પોઈન્ટ ઘટીને ૪૧,૧૭૦.૧૨ ના સ્તર પર સ્થિર થયો છે. નિફ્ટીમાં પણ ૪૫.૦૫ પોઈન્ટનો ઘટાડો નોંધવામાં આવ્યો છે. નિફ્ટી ૧૨,૦૮૦.૮૫ પર બંધ રહ્યો હતો. બુધવારે બજારમાં તેજી જોવા મળી હતી.

બેન્કના કામકાજ ઝડપથી પતાવજોઃ માર્ચમાં છ દિવસ બેન્ક બંધ રહેશે..!!

મુંબઈ

દેશભરમાં રાષ્ટ્રીય બેંકોના કર્મચારીઓ પગાર વધારા સહિતની માગણીઓના ટેકામાં આવતા મહિને સતત ૩ દિવસ હડતાળ પાડવાના છે. તે ઉપરાંત ધૂળેટી તહેવારની રજા અને મહિનાના બીજા શનિવાર, રવિવારની રજા પણ હશે. એની પહેલાં, ૮ માર્ચે રવિવાર હશે એટલે બેંકો કુલ ૭ દિવસ બંધ રહેશે. છેક ૧૬ માર્ચે ખુલશે. ૯ માર્ચે એક દિવસ માટે બેંકો ખુલ્લી રહેશે, પણ એ દિવસે બેંકોમાં ખૂબ ગિરદી રહેશે અથવા સર્વર પર બોજો આવી પડશે એટલે કામ લટકી જાય એવી સંભાવના પણ રહેશે.

તેથી હોળીના તહેવાર પહેલા જ તમારું બેંકને લગતું કામકાજ, સોદા પતાવી લેજો, નહીં તો તકલીફનો સામનો કરવો પડશે. બેંક કર્મચારીઓને એમના પગારમાં ૨૦ ટકા રકમનો વધારો જોઈએ છે.

તે ઉપરાંત કામકાજ માટે પાંચ-દિવસનું અઠવાડિયું કરવા, પેન્શન પદ્ધતિને અપડેટ કરવા તથા ફેમિલી પેન્શન નિયમોમાં સુધારા કરવામાં આવે એવી પણ તેમની માગણી છે.

ઉલ્લેખનીય છે કે બેંક કર્મચારીઓએ ગઈ ૮-૯ જાન્યુઆરીએ તેમજ ત્યારબાદ ૩૧ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરી, એમ બે દિવસ માટે આ જ મુદ્દાઓ ઉપર પણ હડતાળ પાડી હતી.

માર્ચમાં બેંકો આ દિવસોએ બંધ રહેશેઃ

૮- રવિવારની રજા
૧૦- ધૂળેટીની રજા
૧૧- બેંક કર્મીઓની હડતાળ
૧૨- બેંક કર્મીઓની હડતાળ
૧૩- બેંક કર્મીઓની હડતાળ
૧૪- બીજા શનિવારની રજા
૧૫- રવિવારની રજા

સોનું ૪૩ હજારને પાર, ભાવ ૪૫૦૦૦ને આંબે તેવી શક્યતા

ન્યુ દિલ્હી

જો તમે સોનામાં રોકાણ કર્યું છે તો તમારા માટે એક ખુશખબર છે. ત્યારે બીજી તરફ જે લોકો સોનાની જ્વેલરી ખરીદવાનું વિચારી રહ્યા છે તો તેમના માટે માઠા સમાચાર છે. છેલ્લા બે મહિના દરમિયાન સોનાની કિંમતોમાં ભારે વધઘટ જોવા મળી છે. પહેલા અમેરિકા-ઈરાન અને પછી અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ વોરના કારણે કિંમતી ધાતુના ભાવમાં તેજી જોવા મળી.

મીડિયા રિપોર્ટ મુજબ ૧૦ ગ્રામના ભાવ ૪૩ હજારને પાર પહોંચ્યા છે. પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે વૈશ્વિક સ્તરે તણાવ ઓછું થતા સોનાના ભાવ ફરી ઘટીને ૩૯,૦૦૦ રૂપિયા સુધી પહોંચી શકે છે. ચીનમાં ફેલાયેલ કોરોના વાયરસે આખી દુનિયાને હચમચાવી દીધી છે. વૈશ્વિક બજારોમાં તેની સીધે અસર જોવા મળી રહી છે. કેટલાક દેશોમાં વાયરસને લઈ એલર્ટ પર જાહેર કરવામાં આવ્યું છે. આ પરિસ્થિતિઓમાં રોકાણકારો સોનામાં રોકાણ કરવાનું વધુ સુરક્ષિત સમજી રહ્યા છે. ભારતમાં સોનાના ભાવ ૪૩,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામ સુધી બોલાઈ રહ્યા છે.

સાથે એવી અટકળો પણ લગાવવામાં આવી રહી છે કે જલ્દી સોનાના ભાવ ૪૫,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી પહોંચી શકે છે. મીડિયા રિપોર્ટ મુજબ સકારાત્મક વૈશ્વિક વલણ વચ્ચે સોમવારે સોના વાયદા ભાવ ૪૦૬ રૂપિયા વધીને ૪૩,૨૬૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ નજીક પહોંચ્યા. જ્યારે વૈશ્વિક સ્તરે સોનું ૦.૯૩ ટકા વધીને ૧,૬૬૪.૨૦ ડોલર પ્રતિ ઔંસ બોલાઈ રહ્યું છે.

શાહીન બાગઃ મધ્યસ્થીઓએ સુપ્રીમ કોર્ટમાં રિપોર્ટ સોંપ્યો, કાલે વધુ સુનાવણી

ન્યુ દિલ્હી

શાહીન બાગ પર નિર્ણય હવે સોમવારે પણ થશે નહીં. સુપ્રીમ કોર્ટમાં આજે સુનવણી દરમ્યાન કોર્ટે નિયુક્ત ત્રણ મધ્યસ્થીઓને તેમની રીપોર્ટ સીલબંધ કવરમાં સોંપી દીધો છે. સુપ્રીમ કોર્ટ હવે મધ્યસ્થીઓના અહેવાલ પર વિચાર કરશે. ત્યારબાદ સુપ્રીમ કોર્ટે સુનાવણી બુધવાર સુધી મુલતવી રાખી હતી.

હવે આગામી સુનાવણી ૨૬ ફેબ્રુઆરીએ થશે. આ ત્રણ મધ્યસ્થીઓમાં સંજય હેગડે, સાધના રામચંદ્રન અને વજાહત હબીબુલ્લાનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે સીએએના વિરોધ પછી રવિવારે બગડતા વાતાવરણ બાદ સાવચેતી રૂપે સોમવારે સવારે મૌજપુર અને બાબરપુર બે મેટ્રો સ્ટેશનોને બંધ કરવામાં આવ્યા છે.

નોંધપાત્ર વાત એ છે કે શાહીન બાગ ઉપરાંત મહિલાઓ ઝફરાબાદ અને સીલમપુરમાં ધરણા પર બેઠી હતી પરંતુ મહિલાઓએ શનિવારે રાત્રે ઝફરાબાદ મેટ્રો સ્ટેશન હેઠળ રસ્તો રોકી લીધો હતો.

નાગરિકતાના વિરોધમાં થઈ રહેલ હિંસા પર કેજરીવાલે ગૃહમંત્રીની મદદ માંગી

ન્યુ દિલ્હી

નાગરિકતા સુધારા કાયદોને લઈને દિલ્હીમાં ફરીવાર તણાવ સ્થિતિ ઉભી થઈ છે. આ તણાવ એવા સમયે જોવા મળી રહ્યો છે જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમની ભારત યાત્રા પર છે. રવિવાર બાદ સોમવારે પણ મૌજપુરમાં તણાવપૂર્ણ વાતાવરણ જોવા મળી રહ્યું છે. માહિતી અનુસાર સીએએના સમર્થકો અને વિરોધીઓ વચ્ચે ફરીથી પથ્થરબાજી થઈ રહી છે. આ બાબતે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ટ્વિટ કરીને પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવા માટે કેન્દ્ર સરકારની મદદ માંગી છે.

અરવિંદ કેજરીવાલે એક ટ્વિટ કરીને કહ્યું કે 'દિલ્હીના કેટલાક ભાગોમાં શાંતિ અને સુમેળને બગાલે તેવી માહિતી મળી રહી છે. કાયદો અને વ્યવસ્થાને પુનઃ સ્થાપિત કરવા હું લેફ્ટનન્ટ ગવર્નર અને માનનીય કેન્દ્રીય ગૃહ પ્રધાનને નિષ્ઠાપૂર્વક વિનંતી કરું છું.

સુન્ની વક્ફ બોર્ડે અયોધ્યામાં ૫ એકર જમીન સ્વીકારી, મસ્જિદ સાથે બનશે હોસ્પિટલ

લખનઉ

સુન્ની સેન્ટ્રલ વક્ફ બોર્ડની સોમવારે યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકમાં સરકાર તરફથી અયોધ્યાના રૌનાહીમાં મસ્જિદના નિર્માણ માટે આપવામાં આવેલી ૫ એકર જમીનનો સ્વીકાર કરવામાં આવ્યો છે. બોર્ડ આ જમીન પર મસ્જિદની સાથે જ ચેરિટેબલ હોસ્પિટલ અને એક પબ્લિક લાઈબ્રેરીનું નિર્માણ કરાવશે. આ બોર્ડ પણ રામમંદિર ટ્રસ્ટની જેમ જ એક ટ્રસ્ટની રચના કરશે.

અગાઉ યોજાયેલી બેઠકમાં ૮માંથી ૨ સભ્યોએ જમીન લેવાનો વિરોધ કર્યો હતો અને બેઠકમાંથી ઉઠીને ચાલતી પકડી હતી. જે બાદ બાકી બચેલા અન્ય સભ્યોએ જમીન સ્વીકારવા પર સમહતી આપી હતી.

આ બેઠક બાદ મીડિયા સાથે વાતચીતમાં સુન્ની સેન્ટ્રલ વક્ફ બોર્ડના અધ્યક્ષ જુફર ફારૂકીએ જણાવ્યું કે, સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કરતા ઉત્તર પ્રદેશ રાજ્ય સરકાર દ્વારા અયોધ્યામાં ૫ એકર જમીન મસ્જિદ નિર્માણ માટે આપવામાં આવી છે. આ બેઠકમાં ભૂમિને સ્વીકારવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બોર્ડ ૫ એકર જમીન પર નિર્માણ માટે એક ટ્રસ્ટની રચના કરશે.

કિંજલ દવેએ 'અમે ગુજરાતી લહેરી લાલા..' ગીત પર ધમાકેદાર પરફોર્મન્સ આપ્યું

ટ્રમ્પના આગમન પહેલા મોટેરા સ્ટેડિયમમાં કીર્તિદાને દિવ્યાંગ દીકરી સાથે પરફોર્મ કર્યું

અમદાવાદ

યુએસના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૧૧.૩૦ વાગ્યાની આસપાસ અમદાવાદ પહોંચ્યા હતા. ટ્રમ્પ અને મોદી એરપોર્ટ આયોજીત કલ્ચરલ કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ રોડ શૉ થકી ગાંધી આશ્રમ પહોંચ્યા હતા, ત્યાંથી પરત એરપોર્ટ તાજ સર્કલથી મોટેરા સ્ટેડિયમ જવા રવાના થયા છે. સ્ટેડિયમ ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. નિર્ધારિત આયોજન પ્રમાણે કાર્યક્રમમાં હાજરી આપવા આવી રહેલા લોકોનો ધસારો સ્ટેડિયમ ખાતે જોવા મળી રહ્યો છે. જે પ્રકારે લોકો સ્ટેડિયમમાં આવી રહ્યાં છે તેને જોઈને જનસૈલાબ ઉમટ્યું હોય તેવો નજારો જોવા મળી રહ્યો છે. મોટેરા સ્ટેડિયમમાં ૧ લાખથી વધુ લોકોનું અભિવાદન જીલ્યા બાદ ટ્રમ્પ ૩.૩૦ વાગ્યે આગ્રા જવા નીકળશે. મોટેરા સ્ટેડિયમની બહાર લોકો લાંબી લાઈનોમાં ઉભા છે, સ્ટેડિયમની બહાર એકઠા થાય છે. 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમ પૂર્વે સ્ટેડિયમ ખાતે બેઠકો મેળવવાની પળોજણમાં છે. મોટેરા સ્ટેડિયમમાં ટ્રમ્પના આગમન પહેલા જસ્ટીન બીબરના સોંગ વાગવા લાગ્યા છે.

સરસ્વતી વંદનાથી સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. કિંજલ દવેએ 'અમે ગુજરાતી લહેરી લાલા..' ગીત પર ધમાકેદાર પરફોર્મન્સ કર્યું છે. ત્યારબાદ લોકગાયક કીર્તિદાન ગઢવીએ પરફોર્મન્સ કર્યું હતું. તેમણે મોગલ આવે...સહિતના ગીતો પર પરફોર્મ કર્યું છે. કીર્તિદાને દિવ્યાંગ દીકરી સાથે 'લાડકી' ગીત પર પરફોર્મ કર્યું છે. ગીતા રબારીએ 'રોણા શેરમાં રે..' ગીત પર પરફોર્મ કર્યું છે. પાર્થિવ ગોહિલે 'સુનો ગોર સે દુનિયા વાલો...' ગીત પર પરફોર્મ કર્યું છે. પાર્થિવે 'લાગ્યો કસુંબીનો રંગ' ગાયને દર્શકોને મોજ કરાવી હતી.



વડાપ્રધાન મોદી બન્યા ટ્રમ્પ દંપતિના ગાઈડ

પ્રધાનમંત્રી મોદી મેલેનિયા અને ટ્રમ્પના ગાઈડ બન્યા હતા અને ગાંધીજી સાથે સંકળાયેલી તમામ વસ્તુઓ તેમને સમજાવી હતી.

મોદી-ટ્રમ્પ એક-બે વાર નહિ પાંચ વખત એકબીજાને ભેટી પડ્યા

અમદાવાદમાં યોજાયેલ ઐતિહાસિક અને અભૂતપુર્વ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ ખરા અર્થમાં અદભૂત નીવડ્યો. આ કાર્યક્રમ ન ફક્ત વિશ્વની બે મહાસત્તાઓના મિલનનો હતો, પણ સાથે જ મહાસત્તાઓનાં બે નેતાઓનાં નિકટતાનો પણ હતો. આ કાર્યક્રમમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડા પ્રધાન મોદીની મિત્રતાનો અદભૂત પરિચય મળ્યો હતો. વિશ્વના બે નેતાઓ વચ્ચેની આવી મિત્રતા કદાચ પહેલીવાર જોવા મળી હતી. અને એ જ કારણ છે કે, ટ્રમ્પ અને પીએમ મોદી એકબીજાને એક-બે વાર નહીં પણ પાંચ-પાંચ વખત ગળે ભેટી પડ્યા હતા.

ધર્મનિરપેક્ષતા દરેક ભારતીયના લોહીમાં છે

ભારતમાં અલ્પસંખ્યક કોઈ અન્ય દેશો કરતા સૌથી વધુ સુરક્ષિતઃ ઉપરાષ્ટ્રપતિ

હૈદરાબાદ

ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુએ જણાવ્યું હતું કે ધર્મનિરપેક્ષતા દરેક ભારતીયના લોહી અને નસમાં છે. લઘુમતી કોમ ભારતમાં જેટલી સુરક્ષિત છે, એટલી વિશ્વના અન્ય કોઈ દેશમાં નથી. આ સાથે એમણે વિશ્વના કેટલાક દેશોને ભારતની આંતરિક બાબતો માટે સલાહ ન આપવા જણાવ્યું હતું.

વારંગલની એક શિક્ષણ સંસ્થાની પ્લેટિનમ જ્યુબિલીના ઉદ્ઘાટન વખતે નાયડુએ જણાવ્યું હતું કે ભારતની સંસ્કૃતિ 'વસુધૈવ કુટુંબકમ'ની છે. દરેક ધર્મને આદર આપવો અને સર્વ ધર્મ સમભાવ આપણી સંસ્કૃતિનો હિસ્સો છે અને આપણે એને અનુસરતા રહેવું જોઈએ.

એમણે વધુમાં જણાવ્યું હતું કે ભારતમાતા કી જયનો અર્થ ૧૩૦ કરોડ ભારતીયોનો જય થાય છે. કેટલાક દેશો ભારતના આંતરિક મામલામાં દખલ દેતા થયા છે, ત્યારે નાયડુએ એમને જણાવ્યું હતું કે વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે ભારત પોતાના આંતરિક મામલાનો ઉકેલ લાવી શકે એમ છે.

વિકાસ માટે શાંતિ પ્રાથમિક જરૂરિયાત છે. લોકશાહીમાં દરેકને વિરોધ કરવાનો અને આંદોલન કરવાનો હક છે, પણ એ શાંતિપૂર્ણ રીતે થવો જોઈએ. એમણે યુવાનોને સકારાત્મક વિચારો કેળવવાની અને સર્જનાત્મક કાર્યો કરવાની સલાહ આપી હતી. દેશમાં માતૃભાષાઓના ઉપયોગમાં વધારો થાય એ માટે એમણે કેન્દ્ર અને રાજ્ય સરકારને રોજગારમાં એનો સમાવેશ કરવાની અપીલ કરી હતી.

કૉંગ્રેસને ફરીથી ધબકતી કરવા નેતૃત્વનો પ્રશ્ન હલ કરવાની જરૂરઃ થરૂર

ન્યુ દિલ્હી

કૉંગ્રેસ અસહાય બની ગઈ હોવાનું લોકો વિચારતા થઈ ગયા છે એમ જણાવી પક્ષના વરિષ્ઠ નેતા શશી થરૂરે કહ્યું હતું કે કૉંગ્રેસે નેતૃત્વના મુદ્દાને ટોચની પ્રાથમિકતા આપી તેનો ઉકેલ લાવવા જોઈએ. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે પક્ષને પુનર્જીવિત કરવા પક્ષપ્રમુખના હોદ્દાને મામલે લાંબા સમયથી ચાલી રહેલી અચોક્કસતાનો અંત લાવવો જોઈએ.

થરૂરે કહ્યું હતું કે કૉંગ્રેસના પ્રમુખ તરીકે તેઓ પાછા ફરવા માગે છે કે નહીં તે રાહુલ ગાંધી પર નિર્ભર કરે છે, પરંતુ જો તેઓ તેમનું અગાઉનું વલણ બદલવા ન માગતા હોય તો પક્ષે સક્રિય અને સંપૂર્ણ સમયના નેતૃત્વની શોધ કરવી જોઈએ જેથી કરીને દેશવાસીઓની અપેક્ષા મુજબ પક્ષ આગળ વધી શકે.

કૉંગ્રેસ વર્કિંગ કમિટી (સીડબ્લ્યુસી)ની ચૂંટણી યોજવા માટે ગયા અઠવાડિયે નવેસરથી હાકલ કરનાર તિરુવનંતપુરમના સાંસદ થરૂરે કહ્યું હતું કે પક્ષની સર્વોચ્ચ નિર્ણાયક સંસ્થાના અમુક સભ્યોને ચૂંટી કાઢવાની પ્રક્રિયા અને વિશ્વસનીય આદેશ સંસ્થાકીય પડકારોને પહોંચી વળવા પક્ષની ટીમમાં પ્રારંભિક જોશ ભરશે.

ભાજપના ભાગલાવાદી રાજકારણનો કૉંગ્રેસ એકમાત્ર રાષ્ટ્રીય વિકલ્પ હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે કૉંગ્રેસ અસહાય બની ગઈ છે અને તે અસ્તિત્વની લડાઈ લડી રહી હોવાનું લોકો વિચારતા થઈ ગયા છે એ બાબત અમારી હાલની મુખ્ય ચિંતા છે.

તબીબી સામગ્રી મોકલવા માટે કતાર એરવેઝે ચીન માટે ખોલી ગ્રીન ચેનલ

બીજિંગ

કતાર એરવેઝે પાંચ મોટા કાર્ગો પ્લેનથી ચીનના પેઈચિંગ, શાંઘાઈ અને ક્વાંગચોના માટે ઈમરજન્સી ડૉકટરી સામગ્રી મોકલવામા આવી છે. જેમાં માત્ર કતાર એરવેઝ દ્વારા ચીનને દાનમા આપેલી માસ્ક અને હેડ સેનિટાઈઝર જેવી વસ્તુઓ છે, પરંતુ વિદેશોમા ચીનના દૂતાવાસમા અને મિશનો દ્વારા એકત્ર કરવામા આવેલી વસ્તુઓનો પણ સમાવેશ થાય છે.

કોરોના વાયરસની મહામારી બાદ કતાર એરવેઝે ચીનના દુનિયાભરમા આવેલા દૂતાવાસ અને વાણિજય દૂતાવાસો માટે ગ્રીન ચેનલ ખોલી છે અને તેમા એકત્ર કરવામા આવેલી તબીબી સામગ્રીને ફ્રીમા ચીનમા મોકલી રહ્યા છે.

કતાર એરવેઝના સીઈઓ અકબર અલ બકરે મહામારી સામે લડવા માટેના ચીનના પ્રયાસોની પ્રશંસા કરી છે. તેમણે કહ્યુ કે, ચીનમા કોરોના વાયરસ માટે મુક્તપણે અને પારદર્શક રીતે જાણકારી આપી છે તેમજ બધા દેશો અને આંતરરાષ્ટ્રીય સંગોઠનોએ સાથ આપ્યો છે.

કતારમા આવેલા ચીનના રાજદૂત ચો ચેને કતાર એરવેઝ દ્વારા ચીનને આપવામા આવેલી સહાયતા માટે આભાર વ્યક્ત કર્યો છે. તેમણે આભાર વ્યક્ત કરતા કહ્યુ કે, કતારે ચીનને મજબૂત સમર્થન આપ્યુ છે. જે ચીન અને કતારની સરકાર લોકો વચ્ચેની મિત્રતાને દર્શાવે છે.

કોરોના વાયરસ ન થાય તે માટે ૨૨૦ નવદંપતીઓએ લગ્ન બાદ માસ્ક પહેરીને કરી કિસ!

બેકોલોડ

પશ્ચિમી સંસ્કૃતિમાં લગ્ન બાદ કિસ કરવાનો રિવાજ છે. પરંતુ ફિલીપાઈન્સમાં જ્યારે ૨૦૦થી વધારે કપલના લગ્ન થયા અને બાદમાં તેમણે એકબીજાને કિસ કરી ત્યારે તે સમાચારમાં છવાઈ ગયું. છેલ્લા એક મહિનાથી દુનિયાભરમાં કોરોના વાયરસનો ભય ફેલાયો છે, જેનાથી બચવા માચે લોકો માસ્ક પહેરી રહ્યા છે. તેથી જ્યારે અહીંયા આ કપલના લગ્ન થયા તો તેમણે પણ માસ્ક પહેર્યા. તેવામાં લગ્ન પૂરા થયા બાદ તેમણે કિસ પણ કરવાની હતી. રિવાજ પણ પૂરો કરવાનો હતો અને કોરોના વાયરસથી બચવું પણ હતું. એટલા માટે કપલે માસ્ક પહેરીને એકબીજાને કિસ કરી, જે ફોટો સોશિયલ મીડિયા પર ટ્રેંડિંગ થઈ ગયો.

આ વેડિંગ સેરેમની ગુરુવારે બેકોલોડ શહેરમાં થઈ હતી. જ્યાં ૨૨૦ કપલે આજીવન એકબીજાને સાથ નીભાવવાના વચન આપ્યા અને વાદળી કલરના સર્જિકલ માસ્ક પહેરીને કિસ કરી.

લગ્ન પહેલા આ કપલ પાસેથી તેમની હેલ્થ અને છેલ્લા ૧૪ દિવસ દરમિયાન ક્યા-ક્યા ફર્યા તેની સાથે જોડાયેલી માહિતી પણ માગવામાં આવી હતી. બાદમાં તમામને ગ્રેટ હોલમાં ભેગા કરવામાં આવ્યા અને બેકોલોડના મેટર ઈવેલિયો લિયોનાર્ડિયોના આશીર્વાદ સાથે લગ્ન સંપન્ન થયા.

રિપોર્ટ પ્રમાણે, લગ્નમાં સામેલ થનારા કપલને એન્ટ્રી લેતી વખતે સર્જિકલ માસ્ક અને સેનિટાઈઝર આપવામાં આવ્યું. આપને જણાવી દઈએ કે આપણા દેશની જેમ પૂર્વ એશિયા અને દક્ષિણી કોરિયાના કેટલાક વિસ્તારોમાં આ રીતે સમૂહ લગ્ન કરવા તે સામાન્ય છે.

૧ માર્ચથી બધી લોટરી પર ૨૮%ના સમાનદરે લાગશે જીએસટી

ન્યુ દિલ્હી

આગામી ૧ માર્ચથી બધા પ્રકારની લોટરી પર ૨૮ ટકાના સમાન દરથી વસ્તુ અને સેવા કર એટલે કે જીએસટી લાગશે.આ બાબતે રેવન્યુ ડિપાર્ટમેન્ટ એક નોટીસ જાહેર કરી છે.નોટિફિકેશનમાં કહેવામાં આવ્યુ છે કે જીએસટીના આ નવા દર રાજ્ય તરફના નવા દર રાજ્ય તરફથી સંચાલીત અને રાજ્ય તરફથી પ્રાધકૃત લોટરી બંને પર લાગુ થશે.

નાણા મંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં ડિસેમ્બરમાં આયોજિત જીએસટી કાઉન્સિલની બેઠકમાં બધી પ્રકારની લોટરી પર એક સમાર દરથી જીએસટી વસુલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.બેઠકમાં ૨૮ લોટરી પર ૨૮ ટકા દરથી જીએસટી વસુલવા પર સહમતી બની છે.નોટિફિકેશનમાં કહેવામાં આવ્યુ કે હવે બધી પ્રકારની લોટરી પર ૧૪ ટકા દરથી જીએસટી દેવામાં આવશે.અમે એટલોજ જીએસટી રાજ્ય લઈ શકશે.આના પર લગાવામાં આવેલ લોટરી જીએસટી કુવ ૨૮ ટકા આવશે.

હાલના સમયમાં લોટરી દર પર ૧૨ અને ૨૮ ટકાના દરથી જીએસટી લગવામાં આવે છે.રાજ્ય તરફથી સંચાલિત લોટરી પર ૧૨ ટકાની દરથી જીએટી વસુલવામાં આવે છે.જ્યારે રાજ્ય તરફથી પ્રાધીકૃત લોટરી પર ૨૮ ટકાના દરથી જીએસટી વસુલવામાં આવે છે.લોટરી ઈન્ડસ્ટ્રી તરફથી પણ એક સમાન કરવાની માંગ હતી.લોટરીના એક સમાન જીએસટી માટે ૮ મંત્રીયોના એક સમુહનું ગઠન કરવામાં આવ્યુ છે.જેના અધ્યક્ષ મહારાષ્ટ્રના નાણા મંત્રી સુધીર મંગીટવાર હતા.આ સમુહે ૧૮ ટકાથી અથવા ૨૮ ટકા વસુલવાની સિફારિશ કરવામાં આવી છે.

ટ્રમ્પની મુલાકાતથી ગરીબ-મધ્યમવર્ગને રતીભાર પણ અસર નહીં થાયઃ શિવસેના

મુંબઈ

શિવસેનાએ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાતને લઈને મોદી સરકાર પર પ્રહાર કર્યો છે. શિવસેનાએ તેમના મુખપત્ર સામનામાં જણાવ્યું કે અમેરિકન રાષ્ટ્રપતિની લગભગ ૩૬ કલાકની ભારત મુલાકાતથી ગરીબ અને મધ્યમ વર્ગના ભારતીયોના જીવન પર રતીભાર પણ અસર નહીં પડે. તો પછી ટ્રમ્પની યાત્રાના ગુણગાન ગાવાનો અને આ બાબતે ગૌરવ અનુભવવાની શું જરૂર છે.

શિવસેનાએ કહ્યું કે જો ટ્રમ્પની મુલાકાતને લઈને ક્યાંય ઉત્સુકતા હશે તો તે અમદાવાદમાં જ હશે. ટ્રમ્પ ભારત મુલાકાતનો એકમાત્ર હેતુ અમેરિકાનો વેપાર વધારવાનો છે. શિવસેનાએ જણાવ્યું કે ટ્રમ્પ ભારતમાં ધાર્મિક સ્વતંત્રતા પરના પ્રતિબંધ મુદ્દે પણ ચર્ચા કરશે. પરંતુ આ આપણો આંતરિક વિષય છે.

આ દેશ લોકશાહી રૂપે ચૂંટાયેલા લોકો ચલાવે છે અને તેમને બહારના માર્ગદર્શનની કોઈ જરૂર નથી. શિવસેનાએ કહ્યું કે જ્યારે ટ્રમ્પ તેમના આગમનના લગભગ ૩૬ કલાક પછી ભારત છોડશે ત્યારે ભારતીય ધરતી પર તેમની યાત્રાની કોઈ અસર નહીં પડે.

નવી સરકારના ગઠનનો રસ્તો સાફ

મલેશિયાના વડાપ્રધાન મહાતિર મોહમ્મદે આપ્યુ રાજીનામુ

કુઆલાલામ્પુર

મલેશિયાના પ્રધાનમંત્રી મહાતિર મોહમ્મદે સોમવારે રાજીનામુ આપી દીધું છે. તેમના રાજીનામા પછી મલેશિયામાં નવી સરકારના ગઠનનો રસ્તો સાફ થઈ ગયો છે. ૯૪ વર્ષના PM મહાતિરે બે લાઈનનું નિવેદન આપી દેશના રાજાને પોતાનું રાજીનામું ધરી દીધું છે.

મલેશિયાના પ્રધાનમંત્રી ત્યારે ચર્ચામાં આવ્યા હતા જ્યારે પાકિસ્તાનને ખુલીને કાશ્મીર મામલે તેમણે સમર્થન આપ્યુ બતુ. પાર્ટીના અધ્યક્ષ મુહયિદ્દીન યાસીનની સોશિયલ મીડિયા પોસ્ટ અનુસાર મહાતિરની પાર્ટી પ્રબુમિ બેરસુત મલેશિયાએ ગઠબંધન સરકારને છોડી દીધી છે.મહાતિરના આ રાજીનામાનો નિર્ણય છેલ્લા કેટલાક અઠવાડિયાથી શરૂ થયેલા રાજનૈતિક જંગ પછીનો ગણવામાં આવે છે. રવિવારે રિપોર્ટ આપ્યો હતો કે મહાતિરની પાર્ટી નવી સરકારનું ગઠન બનાવવાની યોજના બનાવી રહ્યું છે જેમાં તેમના દ્વારા પસંદ કરેલ ઉત્તરાધિકારી અનવર ઈબ્રાહિમનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

મલેશિયામાં બે મહત્વ રાજનીતિક શખ્સિયતોની લડાઈનો ઈતિહાસ રહ્યો છે જેમાં ૯૪ વર્ષના મહાતિર અને ૭૨ વર્ષના અનવર વચ્ચેનો વિવાદ આ તમામ પાછળ જવાબદાર ગણાય છે. અનવર અને મહાતિરે યુએમએનઓના પ્રભુત્વવાળા બારસિન નેશનલ કોલિશનની સત્તાને હટાવવા માટે ૨૦૧૮માં ચુંટણી પહેલા એક સાથે આવવાનો નિર્ણય કર્યો હતો. છેલ્લા છ દસકાથી મલેશિયાની સત્તા પર સ્થાપિત દળને હરાવીને અનવર-મહાતિરના ગઠબંધને તાત્કાલીક પ્રધાનમંત્રી નજીબ રઝ્ઝાક પાસેથી ખુરસી ઝુટવી લીધી હતી.

બિહારમાં એનઆરસી લાગુ નહીં થાયઃ નીતિશ કુમારનો યૂ-ટર્ન

દરભંગા

બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે એનઆરસી અને એનપીઆરને લઈને મોટું નિવેદન આપ્યું છે. નીતીશ કુમારે બિહારના દરભંગામાં એક રેલી સંબોધિત કરતા જણાવ્યું કે, બિહારમાં એનઆરસી લાગુ નહીં થાય. સાથે સાથે તેમણે જણાવ્યું કે, એનપીઆર કોઈપણ ફેરફાર વગર ૨૦૧૦ના નિયમો મુજબ જ લાગુ થશે. જો કે તેમણે નાગરિકતા સુધારણા કાયદા (સીએએ)ને લઈને મૌન ધારણ કર્યું હતું.

દરભંગાના મૌલાના આઝાદ યુનિવર્સિટી કેમ્પસમાં લોકોએ જ્યારે મુખ્યમંત્રીને સીએએ, એનઆરસી અને એનપીઆર અંગે વાત કરવા જણાવ્યું ત્યારે તેમણે જણાવ્યું હતું કે, બિહારમાં એનઆરસી લાગુ નહીં થાય. એટલું જ નહીં તેમણે મૌલાના અબુલ કલામ આઝાદની તુલના મહાત્મા ગાંધી સાથે પણ કરી હતી. તેમણે જણાવ્યુ હતું કે, જેવી રીતે બાપૂને લોકો યાદ રાખે છે તેમણે મૌલાના આઝાદને પણ યાદ રાખવા પડશે કેમકે તેઓ પણ દેશના ભાગલાની વિરુદ્ધ હતા.

જણાવવામાં આવી રહ્યું છે કે, આગામી વિધાનસભા ચૂંટણીમાં લઘુમતિ સમાજને આકર્ષિત કરવાના પ્રયાસ હેઠળ એનઆરસી લાગુ નહીં કરવાની જાહેરાત કરી છે. નીતીશ કુમાર લઘુમતિ સમાજ માટે અનેક યોજનાઓનો શિલાન્યાસ કરવા અહિંયા પહોંચ્યા હતા.

દક્ષિણ કોરિયામાં ૭૦ નવા કેસ, કુલ આંકડો ૮૩૩ પર પહોંચ્યો

કોરોના વાયરસઃ ઈરાનમાં ૧૨ લોકોના મોત,અફઘાન-બહેરીનમાં પ્રથમ કેસ પોઝિટિવ

તહેરાન

કોરોના વાયરસ ધીમે ધીમે વિશ્વના અલગ અલગ દેશોમાં પહોંચી રહ્યો છે. ઈરાનમાં અત્યાર સુધી ૧૨ લોકોનું કોરોના વાયરસના લીધે મૃત્યુ થયું હોવાના રિપોર્ટ છે. તે સિવાય બહેરીન અને અફઘાનિસ્તાનમાં પહેલો કેસ નોંધાયો છે. દક્ષિણ કોરિયામાં કુલ ૭૦ નવા કેસ સામે આવ્યા છે અને સોમવાર સુધીમાં ૮૩૩ લોકો સંક્રમિત હોવાનું સ્થાનિક સ્વાસ્થ્ય અધિકારીઓએ જણાવ્યું હતું.



અફઘાનિસ્તાનના પબ્લિક હેલ્થ મિનિસ્ટર ફિરોઝુદ્દીન ફિરોઝે કહ્યું હતું કે અફઘાનિસ્તાનમાં કોરોના વાયરસનો પહેલો કેસ સામે આવ્યો છે. અત્યારે હેરાત પ્રાંતમાં ત્રણ શંકાસ્પદ કેસની તપાસ ચાલી રહી છે. તેના લીધે આ પ્રાંતમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે.

ઈરાનના સ્વાસ્થ્યમંત્રીએ જણાવ્યું હતું કે કુલ ૧૨ લોકોનુ કોરોના વાયરસના લીધે મૃત્યુ થયું છે જ્યારે ૪૭ કેસ સામે આવ્યા છે. મંત્રી અસદ્દોલ્લાહ અબ્બાસીએ એક ન્યૂઝ એઝન્સીને આ માહિતી આપી હતી.

ઈરાકે કુવૈતથી જોડતી સફવાન બોર્ડરને બંધ કરી હતી. કોરોના વાયરસના ખતરાને લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે. સોમવારે કુવૈત તરફથી જણાવવામાં આવ્યું હતું કે ઈરાનથી આવેલા ત્રણ લોકોનો કેસ પોઝિટીવ આવ્યો છે. તેમાં એક સાઉદી નાગરિક પણ સામેલ છે. બીજી તરફ ઈરાનથી આવતા લોકો પર પણ ઈરાકે હાલપૂરતો પ્રતિબંધ લગાવ્યો છે.

કર્ણાટકના કૃષિ પ્રધાન બી.સી.પાટીલની વિવાદાસ્પદ માંગણી

પાક.ના સમર્થનમાં નારા લગાવનારે ગોળી મારવાનો કાયદો બનાવામાં આવે

બેંગ્લુરુ

દેશના જુદા જુદા ભાગોમાં નાગરિકત્વ સુધારણા કાયદાનો વિરોધ થઈ રહ્યો છે. કર્ણાટકના લોકો પણ આ કાયદાનો વિરોધ કરી રહ્યા છે. તાજેતરમાં, સીએએ વિરુદ્ધ કર્ણાટકમાં વિરોધ પ્રદર્શન દરમિયાન, અમૂલ્યા નામની યુવતીએ પાકિસ્તાન ઝિંદાબાદના નારા લગાવ્યા હતા, ત્યારબાદ યુવતીનો સતત વિરોધ થઈ રહ્યો છે. દરમિયાન કર્ણાટકના કૃષિ મંત્રી આવા નિવેદન સાથે બહાર આવ્યા છે, જેના કારણે તે હેડલાઈન્સમાં આવી છે. કર્ણાટકના કૃષિ પ્રધાન બી.સી. પાટીલે માંગ કરી છે કે, જે લોકો પાકિસ્તાનના સમર્થનમાં નારા લગાવે છે તેમને ગોળી મારવાનો કાયદો બનાવવામાં આવે.

કર્ણાટકના ચિત્રદુર્ગામાં પત્રકારો સાથે વાત કરતા બી.સી. પાટિલે કહ્યું કે મારું મંતવ્ય છે કે દેશમાં એવા કાયદાની જરૂર છે, જે હેઠળ ભારત વિરુદ્ધ અને પાકિસ્તાનના સમર્થનમાં બોલતા લોકોને ગોળી મારવી જોઈએ. છે. દેશમાં આ કાયદાની સખત જરૂર છે. પાટિલે કહ્યું કે આ લોકો ભારતનું ખાય છે, ભારતનું પાણી પીવે છે, ભારતમાં હવા લે છે, જો તેઓ પાકિસ્તાનના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરે છે તો તેઓ અહીં કેમ રહેવા જોઈએ. ચીનમાં લોકો દેશની વિરુદ્ધ બોલતા ડરતા હોય છે. હું વડા પ્રધાન નરેન્દ્ર મોદીને અપીલ કરું છું કે દેશના દેશદ્રોહીઓ સાથેના વ્યવહાર માટે કડક કાયદા લાવવામાં આવે.

ઈન્ડોનેશિયાની ઈસ્લામિક યુનિ.માં ભાજપનો ઈતિહાસ ભણાવવામાં આવશે..!!

ન્યુ દિલ્હી

બીજેપીના ઈતિહાસ વિશે જાણકારી આપનાર એક પુસ્તક ઈન્ડોનેશિયાની ઈસ્લામિક યુનિવર્સિટીમાં અભ્યાસક્રમનો ભાગ બનશે. ભારતની સામાન્ય ચૂંટણીમાં બીજેપીની બે વાર જીતે અભ્યાસુઓમાં શૈક્ષણિક અભ્યાસુઓમાં પાર્ટી અંગે રુચિ ઉત્પન્ન કરી છે. શાંતનુ ગુપ્તાના પુસ્તક 'ભારતીય જનતા પાર્ટી-અતીત, વર્તમાન એવં ભવિષ્ય, વિશ્વ કે સબસે બડે રાજનીતિક દલ કી કહાની' આંતરરાષ્ટ્રીય સંબંધ વિભાગમાં દક્ષિણ એશિયન અધ્યયનના સ્નાતકના વિદ્યાર્થીઓના અભ્યાસક્રમનો ભાગ બનશે. યુનિવર્સિટીના આંતરરાષ્ટ્રીય સંબંધ વિભાગના ફેકલ્ટી સભ્ય હદજા મીન ફદલીએ જણાવ્યું હતું કે સામાન્ય ચૂંટણીમાં ભાજપે બે વાર જીત મેળવી હતી. જેના કારણે અભ્યાસુઓને પાર્ટીને લઈને રસ વધ્યો છે. હદજાએ જણાવ્યું કે ભારતની તાજેતરની મુસાફરી દરમિયાન તેમને પુસ્તક વિશે ખબર પડી. તેઓ 'ઈન્ડિયા ફાઉન્ડેશન' દ્વારા આયોજિત કૌટિલ્ય ફેલોશિપ કાર્યક્રમ માટે ભારત આવ્યા હતાં. તેમણે કહ્યું કે,'ઈન્ડોનેશિયાના લોકો ભારત સાથે સંબંધો વધુ મજબૂત કરવા ઈચ્છે છે. આ કારણે જ સત્તામાં રહેલી પાર્ટી બીજેપીને સમજવી મહત્વપૂર્ણ છે. અમને આશા છે કે બીજેપી પણ આવું જ ઈચ્છે છે.'

પૂર્વ રાજ્ય નાણાંપ્રધાન જ્યંત સિંહાનો દાવો

૨૦૨૪ સુધી પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનતાં જ દેશમાંથી ગરીબી નાબૂદ થશે

ન્યુ દિલ્હી

પૂર્વ રાજ્ય નાણાંપ્રધાન જયંત સિંહાએ ભારતની અર્થવ્યવસ્થા મુદ્દે મોટું નિવેદન કર્યું છે. જયંત સિંહાએ દાવો કર્યો છે કે જો કેન્દ્ર સરકાર વર્ષ ૨૦૨૪ સુધી પાંચ ટ્રિલીયન ડોલર એટલે કે ૩૫૦ લાખ કરોડ રૂપિયાની અર્થ વ્યવસ્થા બનાવવાનો લક્ષ્યાંક કરી લે તો દેશમાંથી ગરીબી નાબૂદ થઈ જશે. જયંત સિંહાએ કહ્યું કે ઈતિહાસમાં ક્યારેય પણ કોઈ પણ દેશે આ કામ કર્યું નહીં હોય. આથી જો ભારત આ લક્ષ્યાંક હાંસલ કરશે તો તે ઐતિહાસિક અને ક્રાંતિકારી ઉપલબ્ધી હશે.

તેમણે કહ્યું કે આજના સમયમાં આપણી અર્થવ્યવસ્થા ૨૦૦ લાખ કરોડ રૂપીયાની છે. જ્યારે આપણે પાંચ અરબ ડૉલર સુધી પહોંચી જશંહ ત્યારે આપણું ઉત્પાદન ૩૫૦ લાખ કરોડ રૂપીયા થઈ જશે. જે લગભગ બમણું હશે. આ લક્ષ્ય આપણે જ્યારે હાંસલ કરી લેશું ત્યારે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશું. અને આપણાથી આગળ ફક્ત અમેરીકા અને ચીન જ હશે. ઉલ્લેખનીય છે કે આજે ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. ભારતથી આગળ અમેરિકા અને ચીન ઉપરાંત જાપાન અને જર્મની પણ છે.

પાક.વડાપ્રધાનની પત્નિને કારણે ૨૦ અધિકારીઓને પદ પરથી હટાવાયા..!!

ઈસ્લામાબાદ

પાડોશી દેશ પાકિસ્તાનથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. માહિતી મુજબ પાકિસ્તાનમાં વડાપ્રધાન ઈમરાન ખાનની પત્ની બુશરા બીબીના કારણે ૨૦ અધિકારીઓને તેમના પદેથી હટાવવામાં આવ્યા છે.

મીડિયા રિપોર્ટ મુજબ પંજાબ પ્રાંતમાં ધર્મસ્થળની મુસાફરી દરમિયાન બુશરા બીબીના નક્કિ પ્રોટોકોલનું પાલન ન કરવાના કારણે આ અધિકારીઓને હટાવવામાં આવ્યા છે. આ મામલે લગભગ ૨૦ સરકારી અધિકારીઓને તેમના પદથી હટાવવામાં આવ્યા છે. રિપોર્ટ પ્રમાણે બુશરા ૨૦ ફેબ્રુઆરીએ તંત્રને માહિતી આપ્યા વિના પંજાબના પાકપટ્ટન જિલ્લામાં આવેલ બાબા ફરીદની દરગાહ પર ગયા હતા. પંજાબના ઓફાક વિભાગના મુખ્ય પ્રશાસક ગુલઝાર હુસેન શાહે કહ્યું કે જ્યારે બેહેશેટ્ટી દરવાજો તરત ન ખોલ્યો તો તે નારાજ થઈ ગયા. માહિતી મુજબ બેહેશેટ્ટી દરવાજો સ્વર્ગનો દરવાજો હોય છે એમ કહેવાય છે. તેમણે કહ્યું કે પાકપટ્ટન જિલ્લામાં તૈનાત અમુક કર્મચારીઓને ખાતાકીય વહીવટી બાબતોમાં બેદરકારી દાખવાના કારણે સ્થાનાંતરિત કરવામાં આવ્યા છે.

મનીષ સિસોદિયાને અપરાધિક ટ્વીટ મામલે પોલીસની ક્લિનચીટ

ન્યુ દિલ્હી

રાજધાની દિલ્હીના નાયબ મુખ્યપ્રધાન મનિષ સિસોદયા વિરુદ્ધ એડવોકેટ અલખ આલોક શ્રીવાસ્તવ દ્વારા દાખલ ફોજદારી કેસમાં દિલ્હી પોલીસે મનીષ સિસોદિયાને ક્લિનચીટ આપી છે. દિલ્હી પોલીસે આજે રાઉઝ એવન્યુ કોર્ટમાં દાખલ કરેલા તેના એક્શન ટેકન રિપોર્ટમાં કહ્યું છે કે, મનીષ સિસોદિયાએ કરેલું ટ્વીટ માત્ર એક આરોપ છે અને તે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૫૩,૧૫૩ એ, ૫૦૪ અને ૫૦૫ હેઠળ આવતા નથી. મનીષ સિસોદિયા વિરુદ્ધ એડવોકેટ અલખ આલોક શ્રીવાસ્તવે ફરિયાદ દાખલ કરી હતી.

મનીષ સિસોદિયા પર આરોપ હતો કે, તેમણે એક ટ્વીટ દ્વારા ફેક ન્યૂઝ ફેલાવવાનું કામ કર્યું હતું. મનીષ સિસોદિયા એ ૧૫ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ એક ટ્વીટ કર્યું હતું .આ ટ્વીટમાં લખ્યું હતું કે, "ચૂંટણીમાં હારના ડરથી ભાજપ દિલ્હીમાં આગ લગાવી રહ્યું છે." સિસોદિયાના આ ટ્વીટ પર વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જે મામલે આજે સિસોદિયાને ક્લિનચીટ મળી છે.

મોદી-સંઘ નાજી અને હિટલરની વિચારધારાનું અનુકરણ કરે છે

ભારતમાં મોદી સરકાર હશે ત્યાં સુધી કાશ્મીર સમસ્યાનો કોઈ ઉકેલ નહિ આવે: ઈમરાન ખાન

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન કાશ્મીર મુદ્દા પર સંપૂર્ણપણે હાર માની ચૂક્યા છે. પાકિસ્તાની પીએમ ઈમરાન ખાને એક ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે ભારતમાં મોદી સરકારના રહેતા કાશ્મીર સમસ્યાને લઈ કોઈ આશા નથી. ઈમરાન ખાને કહ્યું કે મોદી સરકારના કાર્યકાળ દરમ્યાન કાશ્મીરનું સમાધાન થઈ શકશે નહીં. કારણ કે રાષ્ટ્રીય સ્વયંસેવક-નરેન્દ્ર મોદી સરકાર નાજી અને હિટલરની વિચારધારાનું અનુસરણ કરી રહ્યા છે.

બેલ્જિયમના ટીવી નેટવર્ક વીઆરટીને આપેલા ઈન્ટરવ્યુમાં ઈમરાન ખાને કહ્યું કે મને આ સરકારથી કંઈ ખાસ આશા દેખાતી નથી. પરંતુ ભવિષ્યમાં એક મજબૂત ભારતીય નેતૃત્વ કાશ્મીર સમસ્યાનું સમાધાન ચોક્કસ નીકાળવા માંગીશું.

ઈમરાને કહ્યું કે ભારતીય નેતા જવાહરલાલ નહેરૂ એ આઝાદીના આંદોલન દરમ્યાન કાશ્મીરીઓને આત્મ-સંકલ્પના અધિકારનું વચન આપ્યું હતું પરંતુ ભારત હવે તેમને આ અધિકાર આપી રહ્યું નથી કારણ કે તેઓ જાણે છે કે જો કાશ્મીરીઓને આ અધિકાર આપવામાં આવ્યો તો તેઓ પાકિસ્તાનને પસંદ કરશે. કાશ્મીર મુસ્લિમ વસતીવાળું ક્ષેત્ર છે.

તેમણે કહ્યું કે મને લાગે છે કે જો ભારતમાં મજબૂત અને સ્પષ્ટ વિચારસરણીવાળું નેતૃત્વ આવશે તો આ સમસ્યાનું સમાધાન થઈ જશે. દરેક સમસ્યાનું સમાધાન નીકાળી શકાય છે.

અફઘાનિસ્તાનમાં શાંતિ વાર્તાને લઈ ઈમરાન ખાને કહ્યું કે અમેરિકા અને તાલિબાનની વચ્ચે સંભવિત કરારને લઈ આશા વ્યક્ત કરી. ઈમરાને કહ્યું કે પહેલી વખત વસ્તુ યોગ્ય દિશામાં જઈ રહી છે. અમેરિકન તાલિબાનની સાથે શાંતિ અને વાર્તા ઈચ્છે છે અને તાલિબાન અમેરિકનનોની સાથે વાતચીત કરી રહ્યા છે. આગળનો તબક્કો સીઝફાયર હશે. આગળના તબક્કામાં તાલિબાન અફઘાન સરકારની સાથે બેસીને વાત કરશે. પાકિસ્તાની પીએમે કહ્યું કે હાલ ભારતમાં સમસ્યા એ છે કે હાલની સરકારની આરએસએસ અતિવાદી વિચારધારા છે જે નાજીઓથી પ્રેરિત છે. આરએસએસ ભારતની હાલની સરકારને ચલાવી રહ્યું છે જે હિટલરના નસ્લવાદી વિચારધારાને માને છે. આ જ કારણ છે કે તેમણે કરોડો કાશ્મીરીઓ જે મુસ્લિમ છે, તેમને એક ખુલ્લી કેદમાં રાખ્યા છે.

સારી નોકરી મેળવી લેવા ઇચ્છુક છો તો સાવધાન રહેવાની જરૂર

સોશિયલ મિડિયા સાઈટ પર સતર્ક રહો



હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં એવી બાબત નિકળીને સપાટી પર આવી છે કે જો તમે ફેસબુક પ્રોફાઈલ પર વિવાદાસ્પદ વિષયો પર કેન્દ્રિત વિચાર રજૂ કરવાની ટેવથી ગ્રસ્ત છો તો નોકરી મળવામાં પરેશાની આવી શકે છે. સાથે સાથે જો નોકરી કરો છો તો નોકરી જવાનો ખતરો પણ રહે છે. અમેરિકામાં પેનસિલ્વેનિયા સ્ટેટ યુનિવર્સિટીમાં અભ્યાસ હાથ ધરવામાં આવ્યા બાદ આ અંગેની રસપ્રદ માહિતી જારી કરવામાં આવી છે. શોધમાં સામેલ રહેલા લોકો માને છે કે જે લોકો સોશિયલ મિડિયા પર આત્મકેન્દ્રિત અથવા તો હટધર્મી હોય છે તેમને જોબ આપવા માટે ઇચ્છુક લોકો પસંદ કરતા નથી. ઇન્ટરનેશનલ જર્નલ ઓફ સિલેક્શન એન્ડ એસેસમેન્ટમાં પ્રકાશિત કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે નોકરી આપનાર લોકો સોશિયલ મિડિયામાં નોકરી મેળવવા માટે ઇચ્છુક રહેલા લોકોના વર્તનને ધ્યાનમાં લેતા રહે છે. નકારાત્મક કન્ટેન્ટની સીધી અસર થાય છે. શોધ કરનાર લોકોએ ત્રણ નકારાત્મક વિષયના પ્રભાવમાં તપાસ હાથ ધરી છે. આત્મમુગ્ધતા, હટધર્મિતા અને આલ્કોહલ તેમજ ડ્રગના ઉપયોગ ભરતી કરનાર મેનેજરની નિર્ણય શક્તિ પર અસર કરે છે. અભ્યાસ કરનાર નિષ્ણાંતોએ જુદી જુદી પ્રકારની સંસ્થાઓના ૪૩૬ હાયરિંગ મેનેજર્સને ચૂંટી કાઢ્યા હતા. જે પૈકી ૬૧ ટકા તો હોસ્પિટાલિટીમાં સામેલ હતા. બાકીના માહિતી પ્રસારણથી લઈને આરોગ્યના ક્ષેત્રમાં સક્રિય હતા. શોધ કરનાર લોકોએ દાવો કર્યો છે કે સોશિયલ મિડિયામાં આત્મમુગ્ધતાથી ઉમેદવારની રોજગાર લાયકાત પર માઠી અસર કરે છે. જોબમાં ભરતી કરનાર લોકોના દિમાગ પર ડ્રગ અથવા તો આલ્કોહલ કરતા હટધર્મિતા કરતા પણ વધારે અસર અને નકારાત્મક અસર આત્મમુગ્ધતાથી બને છે. શોધ કરનાર લોકો કહે છે કે સોશિયલ મિડિયા પર સામાન્ય રીતે દરેક વ્યક્તિને પોતાની વાત રજૂ કરવાની તક રહે છે. આધુનિક સમયમાં સોશિયલ મિડિયા સાઈટ્સ દરેક વ્યક્તિને તેના વિચારો રજૂ કરવા માટે પ્રેરિત કરે છે. આ રીતે માનવી આત્મમુગ્ધતાના ઈન્ક્યુબેટર બની જાય છે. અભ્યાસ કરનાર લોકોએ કહ્યુ છે કે હાયરિંગ મેનેજર્સની નજરમાં જે વ્યક્તિ આત્મમુગ્ધ છે અને માત્ર પોતાની ઈચ્છા શક્તિ અંગે જ વાત કરતા રહે છે તેમની છાપ ખરાબ રહે છે. તેમના અંગે હાયરિંગ મેનેજર માને છે કે આ પ્રકારની વ્યક્તિ સંસ્થા અથવા તો તેમના અન્ય કર્મચારી અંગે વિચારણા કરી શકે તેમ નથી. સોશિયલ મિડિયાના વિવાદાસ્પદ વિચારને પ્રગટ કરવા માટે તમામને યોગ્ય મંચ આપ્યુ છે પરંતુ સાવધાનીપૂર્વક ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. જે લોકો વિભાજનકારી વિષય પર પોસ્ટ કરે છે જે વધારે તર્કશીલ હોય છે. સાથે સાથે ઓછા કોઓપરેટિવ હોય છે. આ પ્રકારના લોકો કોઈ એક જોબ માટે ઉમેદવાર તરીકે રિજેક્ટ થઈ શકે છે. નશાનો ઉપયોગ પણ ખતરનાક છે. ટીમે શોધી કાઢ્યુ છે કે આલ્કોહલ અને ડ્રગનો ઉપયોગ કરનાર સામગ્રી હાયરિંગ મેનેજર્સના દ્રષ્ટિકોણને પ્રભાવિત કરે છે. જો કે આત્મમુગ્ધતા અને હઠધર્મિતાની તુલનામાં તે ઓછી અસર કરે છે. શોધ કરનાર લોકોએ સલાહ આપતા કહ્યુ છે કે કોઈ પણ વ્યક્તિને સોશિયલ મિડિયા સાઈટ્સ પર જોબ સર્ચ કરતી વેળા આત્મમુગ્ધતા, હટધર્મિતા અને શરાબ અથવા તો ડ્રગના ઉપયોગની ટેવ અંગે માહિતી આપવી જોઈએ નહીં.અભ્યાસ કરનાર ટીમના નિષ્ણાંતો દ્વારા ઉમેદવારોને એક બાબત આપી હતી. જેમાં કાલ્પનિક નોકરીના ઉમેદવારોએ સવાલના સારા જવાબ આપ્યા હતા. શોધ કરનાર લોકોએ ઉમેદવારોથી તેમના ફેસબુક પેજ અને પ્રોફાઈલના ઘટક તત્વોની સમીક્ષા કરવા માટે કહ્યુ હતુ. સાથે સાથે રોજગારની યોગ્ય રેટિંગ અંગે વાત કરી હતી. દરેક ઉમેદવારોને ૧૬ જુદી જુદી ફેસબહુક પ્રોફાઈલ જોવા માટે તેમને કહેવામાં આવ્યુ હતુ. આખરે આ બાબતમાં વધારે મુશ્કેલી નડી હતી. આ તમામ તારણ બાદ શોધ કરનાર લોકો આ તારણ પર પહોંચી ગયા હતા. સોશિયલ મિડિયા પર સાવધાન રહેવાની હમેંશા જરૂર હોય છે. સોશિયલ મિડિયા પ્રોફાઈલ પર કોઈ કન્ટેન્ટ મુકતા પહેલા વિચારણા કરવાની જરૂર હોય છે.

નમસ્તે ટ્રમ્પ
પહેલા પાનાથી ચાલુ

આપણે લડ્યા છે. યુ.એસ.એ તેની કાર્યવાહીમાં આઈ એસ આઈ એસનો અંત અને અલ-બગદાદીનો અંત કર્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે અમે આતંક સામે કડક કાર્યવાહી કરી રહ્યા છીએ, અમેરિકાએ પણ પાકિસ્તાન ઉપર દબાણ લાવ્યું છે અને પાકિસ્તાને આતંકવાદ સામે કાર્યવાહી કરવી પડશે, દરેક દેશને પોતાની રક્ષા કરવાનો અધિકાર છે.

ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સંબોધનમાં કહ્યું કે ૫ મહિના પહેલા અમેરિકાએ પીએમ મોદીનું સ્વાગત કર્યું હતું, આજે ભારત અમારું સ્વાગત કરે છે જે આપણા માટે આનંદની વાત છે. આજે આપણે વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમમાં છીએ. આજથી ભારત આપણો સૌથી મહત્વપૂર્ણ મિત્ર બનશે.

ટ્રમ્પે એમ પણ કહ્યું કે, દુનિયાભરના લોકો દિલવાલે દુલ્હનિયા લે જાયેગે (ડીડીએલજે) અને શાહરૂખ ખાન અને શોલેને ખૂબ પસંદ કરે છે. આ સાથે જ ટ્રમ્પે કહ્યું કે વિરાટ કોહલી અને સચિન તેંડુલકર જેવા વિશ્વભરના ક્રિકેટરોના ઘણા ચાહકો છે. ડોનાલ્ડ ટ્રમ્પે ભારતના પારંપારિક હોળી, દિવાળી જેવા તહેવારોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું કે હિન્દુ, જૈન, મુસ્લિમ, શીખ સહિતના અનેક ધર્મોના લોકો આજે ભારતમાં વસે છે, જ્યાં ડઝનેક ભાષાઓ બોલાય છે. તેમ છતાં, લોકો દેશમાં અહીં શક્તિની જેમ જીવે છે. અમેરિકન રાષ્ટ્રપતિએ કહ્યું કે અમેરિકામાં વસતાં ભારતીય મૂળના અંદાજે ૪૦ લાખ લોકોએ ત્યાંના વિકાસમાં મોટો ભાગ ભજવ્યો છે.

જ્યારે મોદીએ પોતાના મિત્રને ઉમળકાભેર આવકારતાં ત્રણ વખત ભારત માતા કી જય અને ત્રણ વખત નમસ્તે ટ્રમ્પ કહીને કહ્યું કે, 'નમસ્તેનો અર્થ ખૂબ ઉંડો છે. આપણે વ્યક્તિને જ નહીં પરંતુ તેની અંદર વ્યાપેલી દિવ્યતાને વંદન કરીએ છીએ. આ સમારોહ માટે હું ગુજરાતના રહેવાસીઓ અને ગુજરાતમાં રહેતા અન્ય દેશવાસીઓનું અભિવાદ કરૂં છું.

તેમણે કહ્યું કે આજે મોટેરા સ્ટેડિયમમાં નવો ઈતિહાસ રચાઈ રહ્યો છે. આજે આપણે ઈતિહાસનું પુનરાવર્તન પણ જોઈ રહ્યા છે. પાંચ મહિના પહેલાં મેં અમેરિકા યાત્રાની શરૂઆત હાઉડી મોદી કાર્યક્રમથી કરી હતી. આજે મારા મિત્ર પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ તેમની ભારત યાત્રાની શરૂઆત 'નમસ્તે ટ્રમ્પ'થી કરી રહ્યા છે. આટલી લાંબી મુસાફરી પછી પણ પ્રેસિડેન્ટ ટ્રમ્પ અને તેમનો પરિવાર સીધો સાબરમતી આશ્રમ ગયા હતા. જે તેમની ગાંધી અને ભારત પ્રત્યેનો સંબંધ દર્શાવે છે.

પીએમ મોદીએ કહ્યું કે 'આ મુલાકાતથી ભારત અમેરિકાનાં સંબંધોનો નવો અધ્યાય લખાશે. પ્રથમ લેડી મેલેનિયા તમે બાળકોના ઉત્થાન માટે જે કામ કરી રહ્યા છો તેનાથી સમાજમાં ઘણું પરિવર્તન કરી રહ્યા છે. ઈવાંકા તમે ભારત આવ્યા ત્યારે કહ્યું હતું કે 'હું ફરીથી ભારત આવવા માંગું છું. પરંતુ આજે તમે ફરીથી પરત આવ્યા છો ત્યારે તમારૂં સ્વાગત છું

પીએમ મોદીએ જણાવ્યું કે 'આ ગાંધીની ધરતી છે પરંતુ અહીંયા આખા હિંદુસ્તાનનો ઉત્સાહ છે. આ બધાની વચ્ચે પ્રેસિડેન્ટ ટ્રમ્પ, પ્રથમ લેડી મેલેનિયા, પુત્રી ઈવાંકા અને તેમના જમાઈ જેરેડની ઉપસ્થિતિ ભારત અમેરિકાના સંબંધોને પરિવાર જેવી મીઠાસ અને ઘનિષ્ઠતાની ઓળખાણ આપે છે.પ્રેસિડેન્ટ ટ્રમ્પ તમે આ ભૂમિ પર છો જ્યાં ૫,૦૦૦ વર્ષ જૂનું પ્લાન્ડ સિટી ધોળાવીરા અને લોથલ સી પોર્ટ ઘડાયું હતું. તમે વિવિધતાસભર એ ભારતમાં છો જ્યાં સેકડો ભાષા બોલવામાં આવે છે, પરિધાન છે. ખાનપાન છે અને પંથ અને સમુદાય છે. અમારી વિવિધતા અને તેમાં એકતા અને તેનો ઉત્સાહ ભારત-અમેરિકા વચ્ચેનો ઉત્સાહ છે.

ટ્રમ્પના ભાષણ પછી વડાપ્રધાન મોદીએ ટ્રમ્પનો આભાર પણ માન્યો હતો. અને કહ્યું હતું કે, ભારત-અમેરિકાની મિત્રતા વિશ્વાસના કારણે વધી છે. આ ઉપરાંત અહીં વડાપ્રધાન મોદીએ સરકારની સિદ્ધીઓ પણ ગણાવી હતી. વડાપ્રધાન મોદીએ કહ્યું- ભારતે ૧૫૦૦ જૂના કાયદા ખતમ કર્યા. ત્રણ તલાક પર નવો કાયદો પણ બનાવ્યો છે. ભારતમાં ડિજીટલ ઈકોનોમીનો વિસ્તાર થશે જેમાં અમેરિકા માટે રોકાણના અવસરો ખુલશે.

ભારતની મુલાકાત વખતે ટ્રમ્પે પોતાની મનગમતી લાલ રંગની ટાઈને બદલે આજે પીળા રંગની ટાઈ ધારણ કરી હતી.જ્યારેતેમના પત્ની મેલાનિયાએ સફેદ રંગનો જમ્પ સૂટ અને તેના ઉપર કાપડનો દુપટ્ટો બાંધ્યો હતો. એરપોર્ટ પર વિમનાની સીડીઓ પાસે જ મોદીએ ટ્રમ્પને પરંપરાગત ભેટીને આવકાર્યા હતા અને શ્રીમતી ટ્રમ્પ સાથે હસ્તધૂનન કરીને સ્વાગત કર્યું હતું. મેલાનિયાની બાજુમાં તેમના પુત્રી ઈવાંકા ફોકમાં નજરે પડ્યા હતા. એરપોર્ટ પર વિમાન નજીક ગાર્ડ ઓફ ઓનર માટે ત્રણેય સેનાના જવાનોની ટુકડીઓ હાજર રખાઈ હતી. પરંતુ તેમની આ મુલાકાત સત્તાવાર ન હોવાથી ગાર્ડ ઓફ ઓનરની કોઈ ઔપચારિક્તા હાથ ધરાઈ નહોતી. ગુજરાતી પરંપરા અનુસાર ઢોલ ત્રાંસા વગાડીને અને તરણેતરના મેળાની છત્રી સાથે અને માથે બેડા મૂકીને મહિલાઓ દ્વારા મોંઘેરા મહેમાનને આવકારવામાં આવ્યાં હતા. ૩ કલાક અમદાવાદનું રોકાણ પુરૂ કરીને તેઓ ખાસ વિમાનમાં તાજમહલ જોવા આગરા જવા રવાના થયા હતા. સમગ્ર કાર્યક્રમ કોઈપણ પ્રકારના વિઘ્ન વગર પાર પડ્યો હતો.


મેનેલિયા
પહેલા પાનાથી ચાલુ

એક સરકારી શાળાનો પ્રવાસ કરશે. આ કાર્યક્રમ માટે અતિથિઓની સૂચીમાં કેજરીવાલ અને સિસોદિયા બન્નેનું નામ નથી. સિસોદિયા દિલ્હીના શિક્ષણ બાબતના પ્રધાન છે. આપ નેતા સૌરભ ભારદ્વાજે બન્ને નેતાને કાર્યક્રમમાં આમંત્રણ નહીં આપવા બદલ કેન્દ્ર સરકારની ટીકા કરી હતી. ભાજપે આપના નેતાને નકારી દીધી હતા.

અહો આશ્ચર્યમ્ -ગાંધી આશ્રમની વીઝીટર બુકમાં ગાંધીજીનું નામ જ નહીં..!

અમદાવાદ

પોતાના વિચિત્ર વર્તન માટે જાણીતા એવા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આજે ભારત અને અમદાવાદની મુલાકાતના ભાગરૂપે સાબરમતી આશ્રમની મુલાકાત વખતે વીઝીટર બુકમાં ગાંધીજી કે તેમના વિચારો કે ગાંધીજી સાથે સંબંધિત કાંઇપણ ઉલ્લેખ કર્યા વગર પોતાના મિત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનતો સંદેશશો લખતા ગાંધીજીમાં માનતા સૌ કોઇ આઘાત પામ્યા હતા. કેમ કે આખા ટૂંકા સંદેશા ગાંધીજીના "ગ" નો ક્યાંય ઉલ્લેખ સુધ્ધા નહોતો.



ભારતની મુલાકાતે આવેલા ટ્રમ્પે અમદાવાદ પહોંચીને સીધા સાબરમતી આશ્રમ હંકારી ગયા હતા. જ્યાં વડાપ્રધાન મોદીએ તેમને આવકાર્યા અને સાબરમતી આશ્રમની વિશેષતા દર્શાવીને ગાંધી ચરખો બતાવ્યો હતો. સામાન્યરીતે એવી પરંપરા રહી છે કે આ આશ્રમની મુલાકાત બાદ મહાનુભાવ વીઝીટર બુકમાં પોતાના હસ્તાક્ષર સાથે ગાંધીના વિચારો કે તેમને સંબંધિત કોઇ બાબતને સાંકળીને હકારાત્મક લખાણ લખતા હોય છે.

ટ્રમ્પ પાસેથી પણ સામાન્યતઃ લોકોને એવી આશા હતી. તેમણે મોદીની હાજરીમાં સંદેશો લખ્યો અને તેના ઉપર તેમણે અને તેમના પત્ની મેલાનિયાએ ઇન્ડીપેનથી હસ્તાક્ષર કર્યા હતા. તેઓ આશ્રમમાંથી વિદાય થયા બાદ તેમણે વીઝીટરબુકમાં ગાંધી વિષે શું લખ્યું તે લોકો પહોંચાડવા મિડિયાએ તપાસ કરી ત્યારે નવાઇ પમાડે તેમ ટ્રમ્પે બુકમાં અંગ્રેજીમાં "ટુ માટ ગ્રેટ ફ્રેન્ડ પ્રાઇમ મિનિસ્ટર મોદી-થેંક્યુ ફોર ધીસ વન્ડરફૂલ વીઝીટ!" એવું લખ્યું હતું. તેમાં ક્યાંય ગાંધીજીનો કે તેમના સંબંધિત કોઇ ઉલ્લેખ નહોતો જે જોઇને સૌ કોઇને ભારે નવાઇ અને આઘાત લાગ્યો હતો.

મોદી અને ટ્રમ્પ કાર્યક્રમના એન્ટ્રી ગેટ પાસે ઝૂંપડામાં આગ લાગતા અફરાતફરી

અમદાવાદ

અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કાફલો જે ગેટથી મોટેરા સ્ટેડિયમમાં પ્રવેશ કર્યો તે ગેટ પાસે આવેલા ઝૂંપડામાં આગ લાગી હતી. આગની ઘટનાને પગલે બે ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચી આગને કાબુમાં લેવાના પ્રયત્નો શરૂ કર્યા હતા.

મોટેરા ખાતે વણઝારાના ઝાપરામાં આવેલા એક મકાનમાં આગ લાગી હતી. આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી. આ મકાન મોટેરા સ્ટેડિયમથી માત્ર ૪૦૦ મીટર દૂર હોવાનું જાણવા મળે છે. આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.

નમસ્તે ટ્રમ્પ : ભાજપા સાંસદો-ધારાસભ્યોએ મોટેરા સ્ટેડિયમ સુધી બસમાં મુસાફરી કરી

અમદાવાદ

અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરદાર પટેલ મોટેરા સ્ટેડિયમ ખાતે નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ યોજશે. જેને પગલે રાજ્યભરમાંથી લોકો કાર્યક્રમ નિહાળવા આવી રહ્યા છે. ત્યારે કાર્યક્રમમાં જોડાવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારમાં સમાવિષ્ઠ મંત્રીઓ તથા ભાજપના ગુજરાત સાંસદો અને ધારાસભ્યને વિશેષ બસોમાં મોટેરા સ્ટેડિયમ પહોંચ્યા હતા.

ગાંધીનગરથી સદસ્ય નિવાસેથી ભાજપના તમામ એમએલએ નમસ્તે ટ્રમ્પના કાર્યક્રમમાં હાજર આપવા માટે બસમાં જવા રવાના થયા હતા. જેમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા, પુરષોત્તમ રૂપાલા તેમજ ગુજરાત રાજ્યના મંત્રીઓ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, જયેશ રાદડિયા, સહિતના મંત્રીઓ રવાના થયા હતા. ઉપરાંત દંડક પંકજ દેસાઈ પણ જોડાયા હતા. આ ઉપરાંત ધારાસભ્યો અને સાંસદોના માટે પણ બસની વ્યવસ્થા કરવામાં આવી હતી.

પત્રકાર પડી જતા હોસ્પિટલમાં દાખલ, કેટલાકને ઉલટીઓ થઈ

મોટેરા સ્ટેડિયમમાં ગરમીના કારણે લોકો ડીહાઈડ્રેશનનો ભોગ બન્યા, ૧૦ બેભાન

અમદાવાદ

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને પીએમ મોદીનો વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ મોટેરામાં આજે 'નમસ્તે ટ્રમ્પ'નો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. ૧૨ વાગ્યા સુધીમાં ખીચોખીચ ભરાયેલા સ્ટેડિયમમાં ગરમીના કારણે કેટલાક લોકો ડીહાઈડ્રેશનનો ભોગ બન્યા હતા. જેને કારણે ૧૦ લોકો બેભાન થઈ ગયા હતા તો કેટલાક લોકોને ઉલટીઓ થઈ હતી. જેને કારણે તેઓને ૧૦૮ મારફતે સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

એક પત્રકાર પણ નીચે પડી જતા તેમને ઈજા થઈ હતી અને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કોઈપણ ઈમરજન્સી માટે મોટેરા ક્રિકેટ સ્ટેડિયમમાં ૧૦ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ રાખવામાં આવી હતી. ઉપરાંત ખાનગી હોસ્પિટલની પણ એમ્બ્યુલન્સ રાખવામાં આવી હતી.

મોદી કસોટીઃ ટ્રમ્પ ઓછી માયા નથી, બાટલામાં ઉતરશે કે કેમ.....?

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમનો પરિવાર સીધો જ ગુજરાત રાજયના અમદાવાદ ખાતે આવી પહોંચ્યો ત્યારે સરકારના આયોજન અનુસાર તેમનું સ્વાગત નોંધનીય બની રહ્યું. તેમનો રોડ શો પણ જનસંખ્યાની જાહેરાત અનુસાર નહીં પરંતુ આકર્ષક જરૂર રહ્યો. ત્યારે લોકો જે આશાથી ટ્રમ્પ અને નરેન્દ્ર મોદીને આવકારવા આવ્યા હતા તેઓ આ બંને મહાનુભાવોમાંથી કોઈના ચહેરા જોવા ન મળતા નિરાશ થયા હતા... અને મોદી-ટ્રમ્પનો કાફલો પસાર થઈ જતા લોકો ટીકા કરતાં પોતાના ઘર તરફ આકરા તાપમાં પરત ફરતા ઝડપથી ચાલવા લાગ્યા હતા... લોકોનું કહેવું હતું કે રૂપિયા ૧૫૦ કરોડનો ખર્ચ કર્યા પછી ટ્રમ્પનો પરિવાર તેમજ આપણા વડાપ્રધાનના દર્શન ન થયા તો ખર્ચ કરવાનો અર્થ શો....? આખરે તો આ ખર્ચનો બોજો પ્રજા ઉપર જ પડવાનો છેને...? ત્યારે કેટલાક પરિવારજનોને જણાવ્યું હતું કે અમારા સંતાનો કે જેઓ ધોરણ ૧૧ માં ભણે છે તેમને શાળામાં સવારે છ વાગ્યે બોલાવ્યા હતા પરંતુ શાળાના ડ્રેસમાં નહીં પરંતુ રૂટીન કપડા પહેરીને શાળાએ પહોંચવાનું હતું... અને અમે પહોંચાડ્યા. શાળામાંથી બસ દ્વારા સ્ટેડિયમ લઈ જવાયા જ્યાં માત્ર મારા બાળકો ભણે છે તે એક જ શાળા નહીં પરંતુ રાજયભરની શાળાઓમાંથી ધોરણ ૯ અને ધોરણ ૧૧ ના વિદ્યાર્થીઓને ખાસ લાવવામાં આવ્યા હતા... ત્યારે અમદાવાદ- અમદાવાદ જિલ્લાની શાળાઓના આવો જ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બોલાવ્યા હતા. અને તમામને કેપ આપવામાં આવી હતી. જેના કારણે આમંત્રિતો અને વિદ્યાર્થીઓથી સમગ્ર સ્ટેડિયમ ખીચોખીચ ભરાઈ ગયું હતું. ત્યારે રાજ્યભરમાંથી બસોમાં કે વિવિધ વાહનોમાં લાવવામાં આવેલા ટ્રાફિક જામના કારણે મોડા પડેલાઓને જ્યાથી મોદી-ટ્રમ્પ પસાર થવાના હતા તે રસ્તા પર ઉતારી દેવાયા હતા.. છતા આયોજન ઘણું સરસ હતું. હવે જોવાનું એટલુજ છે કે ટ્રમ્પ વેપાર કરીને જાય છે...? ભારતને કંઈક આપે છે કે કેમ....?

ગુજરાતના શિક્ષિતો-રાજકારણીઓમાં એ ચર્ચા રહી હતી કે જેઓને આમંત્રણ ના આપ્યું હોય પરંતુ પરંતુ રાજીવજી અને માધવસિંહનો આભાર... જયકૃષ્ણભાઈ, મૃગેશભાઈ, પારુલબેન ૧૯૮૩માં મોટેરા સ્ટેડિયમના શિલ્પીઓ રહ્યા છે તે વાત ભૂલી જવાય છે...!! ત્યારે કદાચ ટ્રમ્પે જે લોક મેદનીની આશા રાખી હતી તે નહીં થાય તો.....? ઉપરાંત ટ્રમ્પે ગુજરાત આવતા પહેલા અલગ અલગ સમયે જાહેરમા કહેલું હતું કે ભારત સાથે કોઈ મોટી વ્યાપાર ડિલ કરવામાં નહિ આવે, ભારતનો વ્યવહાર આપણી સાથે સારો નથી, પરંતુ મોદી મારા ખાસ સારા મિત્ર છે, ધાર્મિક સ્વતંત્રતા મુદ્દે પૂછીશ, સીએએ- એનઆરસી મુદ્દે ખુલાસો માગીશુ...આવી વાતો જગજાહેર કર્યા બાદ ભારતને રાજી રાખવા તેમણે કહ્યું હતુ કે પાકિસ્તાને ભારત સાથે મિત્રતા રાખવા ત્રાસવાદ ખતમ કરવો જ પડશે. અને આવી વાતોની ગુજરાતના જાગૃત નાગરિકો પર સવિશેષ અસર પડી હતી.. જેથી મોટાભાગના લોકો ટ્રમ્પના કાર્યક્રમમાં હાજર ન રહે તેવી સ્થિતિ બની રહી હતી.....! તો ગુજરાતના સાંસદો, ધારાસભ્યો, ભાજપના નેતાઓ અને નગરસેવકોએ માણસોને એકઠા કરવા તનતોડ પ્રયાસો કર્યા..... પણ તેમને પરસેવો વળી જાય તેવી સ્થિતી બનતા... ગૃહમંત્રી અમિત શાહને ગુજરાત દોડાવ્યા અને તેમણે જે પ્રકારે લોકોને લાવવાનું આયોજન વ્યવસ્થા ગોઠવી તેનાથી ટ્રમ્પ કદાચ ખુશ થઈ શકે....! પરંતુ દિવાલ પાછળની ઝૂંપડપટ્ટી સેટેલાઈટથી ટ્રમ્પ જોઈ લેશે... કારણ મચ્છુ હોનારતની જાણ સેટેલાઇટ દ્વારા અમેરિકાને થઈ હતી અને તેણે ભારત સરકારને જાણ કરી હતી. જોકે ટ્રમ્પ અહી મહેમાન બનીને આવ્યા છે ત્યારે અમેરિકાના એચ-વનબી વિઝા ધરાવતા ભારતીય ઈમિગ્રન્ટની મુશ્કેલીઓ વધી જવાની છે.... કારણ કે અમેરિકામાં કાયદેસર ઈમિગ્રન્ટોને મળતા સરકારી તમામ લાભો આજથી બંધ થઈ જવાના છે. જોકે ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા બાદ એચ-વનબી વિઝા નિયમો વધુ કડક બનાવ્યા છે. ત્યારે એક નવો નિયમ "એમ્પલોયરે હવે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવું પડશે" દાખલ થયો છે. હવે અમેરિકામાં સૌથી વધુ ગુજરાતના લોકો રહે છે જ્યારે બીજા ક્રમે દક્ષિણ ભારતના લોકો આવે છે. અને ટ્રમ્પને એવી આશા છે કે ગુજરાતમાં જઈશ એટલે ગુજરાતી અમેરિકાના મત મળીજ જશે....! પરંતુ ગુજરાતીઓનાં દિમાગ-દૂરંદેશીતા,વિચારને તેઓ સમજી શક્યા નથી.....!!આ બાબતની સમજ અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂટણીના પરિણામો પછીજ.....!

દિલ્હીના રાજકીય પંડિતો માં ચર્ચા છે કે ડોનાલ્ડ ટ્રમ્પ ભારત આવે તેમા કોઈને વાંધો ન હોઈ શકે.. તેમાં પણ એક સમયે મોદીને વીઝા ન આપનારા અહીં આવે તે આનંદની વાત છે... પરંતુ ટ્રમ્પની નીતિ અમેરિકાના હિતની જ રહેશે એટલે ભારતને ફાયદો થાય તેવી આશા રાખવી નકામી છે.....! છતાં લાલો લાભ વગર લોટે નહીં તે અનુસાર ટ્રમ્પ ભલે એવું કહેતા હોય કે ભારત સાથે કોઈ વ્યાપાર ડીલ કરવામાં નહીં આવે.... પરંતુ અમેરિકન કંપનીઓ ભારતના ખરીદદારોને છોડવા નથી માગતા.... અને ભારતને પણ વ્યાપાર કરવાની ગરજ છે...! અને વેપારી જગત પણ કહે છે કે કદાચ ભારત ટ્રમ્પને બાટલામાં ઉતારી દે.....પરંતુ ટ્રમ્પ ઓછી માયા નથી.....! છતાં ભારતના વેપારીઓ ટ્રમ્પ જે ભાષણ કરે કે વાર્તા કરે તેના પર જ નજર મંડાઈ હશે... કારણ આ તો વેપારી સમાજ છે.... બધું ગણિત મૂકે અને જો એકના ચાર થતાં હોય તોજ વેપાર ધંધામાં હાથ નાખશે.... ત્યારે બે દિવસ પહેલા જ સુપ્રીમ કોર્ટમાં પૂર્વ માહિતી કમિશનરે નિવેદન આપ્યું કે શાહીબાગના રસ્તાઓ આંદોલનકારી મહિલાઓને કારણે બંધ નથી... પરંતુ પોલીસને કારણે બંધ છે, પોલીસે જ બંધ કર્યા છે. તેની અદાલતે ગંભીર નોંધ લીધી છે.... અને આ વાતની અસર સરકારને થયા વગર રહે નહિ..... અને આવા સમયે જ ભાજપાના નેતા કપિલ મિશ્રાએ શાહીનબાગ નજીક આવેલા જાફરાબાદમાં સીએએ-એનઆરસી તરફેણ કરતી રેલીની આગેવાની લીધી ... અને સૂત્રોચ્ચાર કરતી ૩૦૦ ઉપરાંત લોકોની આ રેલી સીએએ વિરોધીઓની સામે આવી જતા ભારે હંગામો મચી ગયો હતો.... અને પથ્થરમારો થતાં નાસભાગ મચી ગઇ હતી.. ત્યારે પોલીસે ટીયરગેસ છોડતા મામલો કાબુમાં આવ્યો હતો... પરંતુ તેના ઘેરા પ્રત્યાઘાત દિલ્હીના લોકોમાં પડ્યા છે... તેઓ સવાલ કરે છે કે શું નેતાઓ દિલ્હીને સમરાંગણ બનાવવાનું ચાહે છે.....? વંદે માતરમ્...

ટ્રમ્પે ૨૬ મિનિટના ભાષણમાં ભારત શબ્દનો ૫૦ વાર ઉલ્લેખ કર્યો

અમદાવાદ

ભારતના બે દિવસીય પ્રવાસે આવેલા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતની એકતાની પ્રશંસા કરી. તેમણે અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ખાતે આયોજિત 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમમાં જણાવ્યું કે ભારતની એકતા વિશ્વ માટે પ્રેરણાદાયક છે. આ સાથે જ તેમણે સ્વામી વિવેકાનંદના કથનને યાદ કરીને કહ્યું કે, ભારત અને અમેરિકા સ્વાભાવિક સહયોગી છે. પોતાના ૨૬ મિનિટના ભાષણમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પે ભારત શબ્દનો ઉલ્લેખ વારંવાર કર્યો અને ૫૦ વખત આ શબ્દનું પુનરાવર્તન કર્યુ.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે પોતાના ૨૬ મિનિટના ભાષણમાં અમેરિકા શબ્દ ૨૩ વાર, મોદી ૧૨, દુનિયા ૧૧, આતંકવાદ ૭, પાકિસ્તાન ૪, મિલિટરી ૭, લોકતંત્ર ૫, મિત્રતા ૫, અર્થવ્યવસ્થા ૫, વેપાર ૪, કલ્ચર ૩, બોર્ડર ૨, સુરક્ષા ૩, પાડોશી ૨, ગુજરાત, ગાંધી અને મોટેરા ૨ વાર અને ગરીબી શબ્દનો ૨ વાર ઉલ્લેખ કર્યો. જ્યારે તેના ભાષણમાં સાયન્સ, ટેક્નોલોજી, બોલીવુડ, ચાવાળા, સચિન તેંડુલર, વિરાટ કોહલી, સરદાર પટેલ, વિવેકાનંદ અને તાજમહેલનો પણ ઉલ્લેખ થયો.

વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ મોટેરામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકા પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે સંબોધન કર્યું હતું. મોદી અને ટ્રમ્પે એક લાખથી વધારે લોકોને સંબોધન કર્યું હતું. જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના ભાષણની શરૂઆત નમસ્તેથી કરી હતી અને ડોનાલ્ડ ટ્રમ્પનું સ્વાગત કર્યું હતું.

તાજમહેલની સાથે જોડાયેલી છે આ પણ એક હકિકત...

ન્યુ દિલ્હી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પરિવાર સાથે ૨૪ ફેબ્રુઆરીના રોજ તાજમહેલ જોવા જઇ રહ્યા છે. આમ તો એવું કહેવામાં આવે છે કે તાજમહેલ જોનારનો પ્રેમ અમર થઈ જાય છે. પણ, એવો એક એવો સંયોગ બન્યો છે કે જયારે વિશ્વની છ હસ્તી તાજમહેલ જોવા માટે આવ્યા તેના થોડા સમય બાદ તેઓ તેમના જીવન સાથીથી કોઇ કારણોસર અલગ થઈ ગયા હતા. તેમા રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનથી લઈ બ્રિટનના રાજકુમારી ડાયનાનો પણ સમાવેશ થાય છે.

જેકલીન કેનેડી

વર્ષ ૧૯૬૨માં અમેરિકાના ભૂતપુર્વ રાષ્ટ્રપતિ જોન એફ કેનેડીની પત્ની જેકલીન કેનેડી અમેરિકાની પ્રથમ લેડી રહેતા ભારત-પાકિસ્તાનની ગુડવિલ ટ્રીપ પર આવ્યા હતા. આ સમયે તેઓ તાજમહેલ જોવા માટે પણ ગયા હતા. અહીંથી પરત ફર્યા બાદ ૧૯૬૩માં રાષ્ટ્રપતિ જોન એફ.કેનેડીની હત્યા થઈ ગઈ હતી અને જેકલીન એકલી રહી ગઈ હતી.

પ્રિન્સેસ ડાયના

૧૯૯૨માં બ્રિટીશ રાજકુમારી ડાયના પણ તાજમહેલ જોવા માટે પહોંચ્યા હતા. જોકે તેઓ એકલા જ આવ્યા હતા. પ્રિન્સ ચાર્લ્સની બિન-ઉપસ્થિતિને લઈ કરવામાં આવેલા પ્રશ્ન પર ડાયનાએ કહ્યું હતું કે સારું હોત કે તેઓ પણ અહીં હોત. દસ મહિના બાદ જ ડાયના અને ચાર્લ્સ વચ્ચે છૂટાછેડા થયા હોવાના આશ્ચર્યજનક અહેવાલ આવ્યો હતો.

વ્લાદિમીર પુતિન

૨૦૦૦માં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પત્ની લ્યુડમિલા સાથે તાજમહેલ જોવા ગયા હતા. તેના ત્રણ વર્ષ બાદ બન્નેના છૂટાછેડા થઈ ગયા.

ટોમ ક્રૂઝ


વર્ષ ૨૦૧૧માં ટોમ ક્રૂઝ ફિલ્મ મિશન ઈમ્પોસિબલઃ ઘોસ્ટ પ્રોટોકોલના વર્લ્ડ પ્રીમિયમ અગાઉ ભારત આવ્યા હતા. હોલિવૂડ સ્ટાર ટોમ ક્રૂઝ, અનિલ કપુર સાથે તાજમહેલ જોવા માટે ગયા હતા. ત્યાંથી પરત આવ્યા બાદ વર્ષ ૨૦૧૨માં ટોમ ક્રુઝના તેમના ત્રીજી પત્ની કેટી હોમ્સથી છૂટાછેડા થઈ ગયા હતા.

રસેલ બ્રાન્ડ-કેટ પેરી

વર્ષ ૨૦૦૯ (ડિસેમ્બર)માં હોલિવૂડના જાણીતા કોમેડિયન એક્ટર રસેલ બ્રાન્ડ તાજમહેલ જોવા માટે પહોંચ્યા હતા. તેમની સાથે તેમની ગર્લફ્રેન્ડ કેટી પેરી પણ આવી હતી. અહીંથી પરત ફર્યા બાદ બન્નેએ લગ્ન કર્યા હતા, પણ ૧૪ મહિનાના ગાળા બાદ તેમના છૂટાછેડા થઈ ગયા.

બોરિસ બેકરઃ

વર્ષ ૨૦૧૨માં વિશ્વના મહાન ટેનિસ પ્લેયર બોરિસ બેકર પત્ની લિલિ સાથે તાજમહેલ જોવા માટે પહોંચ્યા હતા. બાદમાં તેમણે બન્ને વચ્ચે છૂટાછેડા થઈ ગયા હતા. બેકરે ૧૭ વર્ષની ઉંમરે ગ્રેન્ડસ્લૈમ જીત્યો હતો.



કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તેમજ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ તેમજ ટ્રમ્પ નાગરિક અભિવાદન સમિતિના સભ્યોએ ટ્રમ્પ અને મોદીને આવકાર્યા હતા. તેમજ PM નરેન્દ્ર મોદીએ ગૃહમંત્રી અમિત શાહનો પરિચય કરાવ્યો અને ટ્રમ્પે ઉત્સાહભેર હાથ મિલાવ્યો હતો.



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમને ગાંધીજીના ત્રણ વાંદરાઓ વિશે માહિતી આપી હતી. સફેદ રંગના આરસના આ વાંદરાઓ ખોટું ન બોલવું, ખોટું ન સાંભળવું અને ખોટું ન જોવુંના પ્રતીકો છે.



ગાંધી આશ્રમની વિઝીટર બૂકમાં ટ્રમ્પે ખાસ મેસેજ પણ લખ્યો



પીએમ મોદી અને ટ્રમ્પે ગાંધીજીની તસ્વીરને સૂતરની આંટી પહેરાવી વંદન કર્યા.

ઠપકાનો ખાર રાખી પિતા-પુત્રએ છરીના ઘા મારતા ભુવાનું સારવારમાં મોત

રાજકોટ

કુવાડવાના મેસવડામાં રહેતાં અને દૂધની ડેરી ચલાવી ખેતી કરી ગુજરાન ચલાવતાં તેમજ ભરવાડ કુટુંબના મેલડી માતાજીના ભુવા મેરાભાઈ નાથાભાઈ સાંગડીયા (ઉ.વ.૫૦) પર ૧૭ ફેબ્રુઆરીના રોજ ગામના જ હકા અને તેના પિતા ખીમજી બાવળીયાએ હુમલો કરી છરીના ઘા ઝીંકી દઈ હત્યાનો પ્રયાસ કરતાં ગંભીર હાલતમાં રાજકોટ સારવાર માટે ખસેડાયા હતા. પરંતુ આજે ખાનગી હોસ્પિટલમાં મેરાભાઈએ દમ તોડી દેતાં બનાવ હત્યામાં પરિણમતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. અગાઉ હકો ડેરી પાસે મહિલા ગ્રાહકોની હાજરીમાં ગાળો બોલતો હોય તેને મેરાભાઈના ભાઈએ ઠપકો આપ્યો હોય તેનો ખાર રાખી તેણે આ હુમલો કર્યાનું સામે આવ્યું હતું. ઓરોપી પિતા-પુત્રને ક્રાઈમ બ્રાંચે પકડી લીધા હતાં. હાલ બંને જેલહવાલે છે.

મેરાભાઈના પુત્ર નવઘણે ફરિયાદમાં જણાવ્યું હતું કે તે મેસવડામાં શ્રી મેસવડા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. ડેરી ચલાવે છે. ૧૭મીએ સોમવારે સાંજે છએક વાગ્યે પોતે ડેરી ખોલીને બેઠો હતો ત્યારે ગ્રાહક દૂધ ભરાવવા આવ્યા હતાં. સાંજે પોણા આઠેક વાગ્યે ડેરીએ પારસ દેવાભાઈ સાંગડીયા અને કાળુભાઈ જહાભાઈ સાંગડીયા દૂધ ભરાવવા આવ્યા હતાં. આ વખતે અમારા ગામનો હકો ખીમજીભાઈ બાવળીયા ડેરીને સામે આવ્યો હતો. આ હકો અગાઉ એકાદ મહિના પહેલા ડેરીએ મહિલા ગ્રાહકો દૂધ લેવા આવેલી ત્યારે અપશબ્દો બોલ્યો હોય જેથી તે વખતે કાકા વાલાભાઈ નાથાભાઈ સાંગડીયાએ તેને ઠપકો આપ્યો હતો. આ કારણે તે મનદુઃખ રાખીને ફરતો હતો અને અવાર-નવાર અમારી ડેરી સામે સીનસપાટા કરવા આવતો હતો. સોમવારે સાંજે પણ તેણે ડેરીની સામે ઉભા રહી પથ્થરોના ઘા કરવાનું ચાલુ કરતાં મારી ડેરીમાં કોમ્પ્યુટર સ્ક્રીન અને વજનકાંટા તૂટી ગયા હતાં. બીજા પથ્થરોના ઘા મારા કુટુંબી કાકા કાળુભાઈને પીઠના ભાગે લાગી ગયા હતાં. આ કારણે તે પડી ગયા હતાં.

ટ્રકે બાઈકને ઉલાળતા પતિની નજર સામે જ પત્નીનું મોત નીપજ્યું

રાજકોટ

શાપર વેરાવળમાં રાયનો પંપ કંપનીની ઓરડીમાં ધરતી ગેઇટની સામે રહેતો ઉત્તમ અશોકભાઈ ચુડાસમા (ઉ.વ.૨૧) મોડી સાંજે પોતાની પત્ની કાજલ (ઉ,વ.૧૮)ને પોતાના બાઈકમાં બેસાડી રાજકોટ માર્કેટ યાર્ડ પાછળ મંછાનગરમાં રહેતાં માસીને ત્યાં જમવા માટે આવ્યા હતાં. ત્યાંથી પરત પોતાના ઘરે શાપર જવા નીકળ્યા ત્યારે ગ્રીનલેન્ડ ચોકડીથી ગોંડલ રોડ ચોકડી તરફ જતાં નેશનલ હાઈવે પર આજીડેમ ચોકડી નજીક માનસરોવરના ઢાળીયા સામે પહોંચ્યા ત્યારે અજાણ્યા ટ્રકનો ચાલક પાછળથી બાઇકને ઉલાળીને ભાગી જતાં પતિ-પત્ની બંને ફંગોળાઇ ગયા હતા. જેમાં પતિ ઉત્તમને નજીવી મુંઢ ઈજા થઇ હતી. જ્યારે પત્ની કાજલને ગંભીર ઈજા પહોંચતા તેનું મોત નીપજ્યું હતું. મૃતકના પતિ ઉત્તમની ફરિયાદ પરથી અજાણ્યા ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો. કરૂણતા એ છે કે સાત દિવસ પહેલા ઉત્તમ અને કાજલના લગ્ન થયા હતાં.

નવલનગર- ૩માં રહેતાં માધવભાઇ શિવચરણ સાહની (ઉ.વ.૪૪) તથા તેના ભાઇ અશોક સહાની બાઇકમાં બેસીને કુવાડવા કલર કામ રાખવાનું હોય તેની સાઇટ જોવા ગયા હતાં. ત્યાંથી બંને પરત આવતાં હતાં ત્યારે સાત હનુમાન નજીક બાઇકને પાછળથી ટ્રકનો ચાલક ટક્કર મારી ભાગી ગયો હતો. બંને ભાઇને ઇજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ માધવભાઇનું મોત નીપજયું હતું. અશોકને પ્રાથમિક સારવાર અપાઇ હતી. મૃતક છ ભાઇમાં ત્રીજા હતાં. સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. જેણે પિતાની છત્રછાંયા ગુમાવતાં શોક છવાઇ ગયો છે.

૨૧.૮૦ લાખની છેતરપિંડીના કેસમાં બગલામુખી મંદિરના પ્રશાંત ઉપાધ્યાયની ધરપકડ

વડોદરા

૨૧.૮૦ લાખની છેતરપિંડીના કેસમાં વારસીયા પોલીસે બગલામુખી મંદિરના પાખંડી પ્રશાંત ઉપાધ્યાયની વાપીમાંથી ધરપકડ કરી છે અને પોલીસે પ્રશાંત ઉપાધ્યાયની પૂછપરછ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરના વારસિયા રિંગ રોડ પર આવેલા બગલામુખી બ્રહ્માસ્ત્ર મંદિરના ગુરૂ પ્રશાંત ઉપાધ્યાય સામે વારસિયા પોલીસમાં વેપારી પાસેથી ૨૧.૮૦ લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી. આ ઉપરાંત બગલામુખી મંદિરમાં રહેતો યુવક છેલ્લા ૩ વર્ષથી રહસ્યમય રીતે ગુમ થતાં તેની માતાએ બગલામુખી મંદિરના ગુરૂ પ્રશાંત ઉપાધ્યાય, કિરણબેન ગુરૂમુખ અને કોમલ ઉર્ફે પીંકી ગુરૂમુખભાઈ સામે વારસીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ પ્રશાંત ઉપાધ્યાયે આગોતરા જામીન માટે કોર્ટમાં અરજી કરી હતી. જોકે આગોતરા જામીન નામંજૂર થયા બાદ પ્રશાંત ઉપાધ્યાય પોલીસ પકડથી બચવા માટે ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. વારસીયા પોલીસે ટીમો બનાવીને પ્રશાંત ઉપાધ્યાયની શોધખોળ હાથ ધરી હતી. છેવટે પોલીસે પાખંડી પ્રશાંત ઉપાધ્યાયની વાપીમાંથી ધરપકડ કરી છે. બગલામુખી મંદિરના પાંખડી પ્રશાંત ઉપાધ્યાયનો મહિલાઓ અને પુરૂષો સાથે ગરબા રમતો વીડિયો વાયરલ થયો હતો. તે પહેલા પ્રશાંત ઉપાધ્યાયનો મહિલાઓ પાસે દૂધ અને પાણીથી પગ ધોવડાવતો વીડિયો વાયરલ થયો હતો. આ ઉપરાંત પ્રશાંત ઉપાધ્યાય સામે તેના અનુયાયીઓએ અનેક આક્ષેપો કર્યા હતા.

કોન્સ્ટેબલ પર ચાઈના ગેંગ દ્વારા તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી ઘાતકી હત્યા કરાઈ

અમદાવાદ

અમદાવાદમાં ખુદ હવે પોલીસ કર્મીઓ જ સુરક્ષિત નથી તેની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં રાત્રે જમવા ગયેલાં પોલીસ કોન્સ્ટેબલ ઉપર ચાઈના ગેંગ દ્વારા તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરીને ઘાતકી હત્યા કરી દેવામાં આવી હતી. પોલીસ કોન્સ્ટેબલની હત્યા થતાં જ પોલીસબેડામાં ચકચાર મચી ગઈ હતી. આ મામલે પોલીસે ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરી છે.

ઘટનાની વિગતમાં વાત કરીએ તો, શાહીબાગમાં કડિયાની ચાલીમાં રહેતા અને પૂર્વ મહિલા પોલીસ મથકમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ રવીન્દ્ર જાડેજા પોતાના મિત્ર ધવલ સોલંકી સાથે સાંજે સાત વાગ્યે ચમનપુરામાં રૈન બસેરા પાસે જમવા ગયા હતા. ત્યાં ચાઈના ગેંગના સભ્યો આવી ચઢ્યા હતા અને તું મને ઓળખે છે તેમ કહી ચારથી પાંચ જેટલાં શખ્સોએ બંને પર હુમલો કરી દીધો હતો. અચાનક ઘાતકી હુમલો થતાં જ આસપાસ દોડધામ મચી ગઈ હતી. રવીન્દ્ર જાડેજાના દોસ્ત ધવલ સોલંકીને ચાઈના ગેંગ દ્વારા ૩ ઘા મારવામાં આવ્યા હતા. પણ તે ભાગી જતાં બચી ગયો હતો પણ રવીન્દ્રને હાલમાં જ ઓપરેશન કરાવ્યું હોવાને કારણે તે દોડી શક્યો ન હતો. અને ગેંગના સભ્યો દ્વારા તેને ૭-૮ ઘા મારી દઈ તે ત્યાં જ લોહીનાં ખાબોચિયામાં ઢળી પડ્યો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

હાયર ઈન્ડિયાએ ૮૩ નવા યુગના પ્રોડકટો સાથે પોર્ટ ફોલિયો વિસ્તર્યો

સ્માર્ટ ઘર ઉકેલો પર મોટો દાવ

સુરત

હાયર, ઘરગથ્થુ ઉપકરણો અને ગ્રાહક ઈલેક્ટ્રોનિક્સમાં સતત ૧૧ વર્ષોથી વિશ્વવ્યાપી અગ્રણી મુખ્ય ઉપકરણોમાં વિશ્વની નંબર ૧ બ્રાન્ડ છે, ઘરગથ્થુ ઉપકરણોના ઉદ્યોગમાં યુગને આગળ વધારવાની તેની યોજનાઓ સાથેની શ્રેણીમાં આજે ૮૩ પ્રોડક્ટ્સ લોન્ચ કરવાની જાહેરાત કરવામાં આવી છે. રેફ્રિજરેટર, એર કન્ડિશનર, વોશિંગ મશીન, એલઇડી ટીવી અને અન્ય જેવાં મુખ્ય વર્ગમાં તેની ઉત્પાદનની શ્રેણીમાં વધારો કરીને, હાયર, ભારતીય બજાર પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને મજબૂત કરવા માટે ૨૦૨૦ ની દૃષ્ટિશક્તિને આગળ ધપાવી રહ્યું છે.

હૈદરાબાદ આંતરરાષ્ટ્રીય કન્વેશન સેન્ટર ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં હાઇરના કટીગ એજ સ્માર્ટ ઘર ઉકેલોની શ્રેણીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. હાયર હંમેશાં ગ્રાહક પ્રેરિત નવીનતા પ્રમાણે ચાલે છે અને તેની જરૂરિયાતોને સંબંધિત એવા ઉત્પાદનોને વિતરિત કરીને તેના ગ્રાહકોની અનહર્દિત જરૂરિયાતોને સતત ઓળખી કાઢે છે. સ્માર્ટ ઘર ઉકેલો માટેના તેના પ્રોડક્ટ પોર્ટફોલિયોના વિસ્તરણ સાથે, બ્રાન્ડ આશા રાખે છે કે ભવિષ્યમાં તે તેની શ્રેણીમાં ઉચ્ચ વિકાસશીલ વેગ ચાલુ રાખશે અને ભારતભરમાં વધતા ગ્રાહક આધારેની સેવા આપશે.

૬ માસના લાંબા અંતરાલ બાદ ઘોઘા-દહેજ રો-પેકસ સેવા ફરી શરૂ કરાઈ

ભાવનગર

ભાવનગર જિલ્લાના ઘોઘા ગામે આવેલી ખંભાતની ખાડી તટેથી દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક શહેર દહેજને સમુદ્ર માર્ગે જોડવા માટે કેન્દ્ર સરકારે યોગ્ય કટીબદ્ધતા દાખવી કરોડો રૂપિયાનો ખર્ચ કરી ઘોઘા અને દહેજના દરીયા કાંઠે પાણીમાં તરતા પ્લેટફોર્મ બનાવ્યા છે. પરંતુ દહેજ ટર્મિનસ જયાં મોજુંદ છે તે સ્થળે નર્મદા અને તાપી નદી પણ દરિયાને મળતી હોવાથી દહેજ ટર્મિનસ સ્થિત ચેનલમા વારંવાર કાંપનો ભરાવો થતો હોય છે. જેથી પરીવહન સેવાની શીપને તરતી રાખવા માટે પુરતા પ્રમાણમાં પાણીનો ડ્રાફ્ટ મળતો ન હોવાથી છ માસ પૂર્વે સેવા સ્થગિત કરવામાં આવી હતી.

૬ માસ વિત્યા બાદ આ પરીવહન સેવા ફરી એકવાર શરૂ થઈ ગઇ છે. બપોરે ઘોઘા ટર્મિનસથી શીપ દહેજ જવા રવાના થયું હતું. આ શીપમાં લોડેડ ટ્રક તથા અન્ય વાહનો સાથે મુસાફરોની સંખ્યા પણ નોંધપાત્ર રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલ સમુદ્રની ભરતી પ્રમાણે શીપ ચલાવવામાં આવી રહ્યું છે. જેના કારણે લોકોને આ મુસાફરી કરવી થોડી મુશ્કેલ બની રહી છે.

નમસ્તે ટ્રમ્પ : ગુજરાત વિદ્યાપીઠના ૫ વિદ્યાર્થીઓને પોલીસે ડિટેઈન કર્યા

અમદાવાદ

મહાત્મા ગાંધીની સંસ્થા ગુજરાત વિદ્યાપીઠમાં નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ પહેલા પોલીસે વિદ્યાર્થીઓમાં ડરનો માહોલ ઉભો કર્યો હતો. અડધી રાત્રે પોલીસ ગુજરાત વિદ્યાપીઠમાં ઘુસી હતી અને પાંચ જેટલા વિદ્યાર્થીઓને ડિટેઈન કરીને લઇ ગઇ હતી. ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યક્રમમાં આ વિદ્યાર્થીઓ વિરોધ કરશે તેવી શંકાના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

ડોનાલ્ડ ટ્રમ્પના આગમના કારણે શહેરમાં પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું હતું. ક્રાઈમ બ્રાંચ દ્વારા તમામ માથાભારે અને વિરોધીઓ પર બાજ નજર પણ રાખવામાં આવી રહી હતી. જેથી પોલીસને મોડી રાત્રે એક બાચમી મળી હતી કે, વિદ્યાપીઠમાં કેટલાક લોકો મોદી અને ટ્રમ્પના રોડ શો દરમિયાન વિરોધ કરવાના છે જેથી પોલીસ તાત્કાલિક વિદ્યાપીઠ પહોંચી હતી અને તમામ પાંચ લોકોની અટકાયત કરી હતી.

એએસઆઈ ચાવલા ૩૦ હજારની લાંચ લેતા એસીબીનાં હાથે ઝડપાયા

પાલનપુર

રાજયમાં લાંચ રૂશ્વત વિરોધી અભિયાનના ભાગ રૂપે એન્ટિ કરપ્શન બ્યૂરો દ્વારા સતત દરોડા પાડવામાં આવે છે. દરમિયાન એન્ટિ કરપ્શન બ્યૂરોના એક છટકામાં પાલનપુર પૂર્વ પોલીસ મથકના આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર રાજુ ચાવલા ૩૦, હજાર રૂપિયાની લાંચ લેતા રંગેહાથે ઝડપાયા છે.

રાજુ ચાવલાએ એક આરોપીને ૩૨૩ કલમના ગુનામાં લાંચ માંગી હતી. દરમિયાન મહેસાણા એન્ટિ કરપ્શન બ્યુરો દ્વારા છટકું ગોઠવી તેમને રંગેહાથે લાંચ લેતા ઝડપી પાડ્યા હતા. રાજુ ચાવલાએ સોશિયલ મીડિયાની એક પોસ્ટમાં પોતીની તસવીર પર લખ્યું હતું કે 'આપ પુલિસ પર વિશ્વાસ રખીએ. પુલિસ સાગર કી તરહ હે. અગર સાગર કી કુછ બૂંદે ગંદી હે તો સાગર ગંદા નહીં હો જાતા' રાજુ ચાવલાને એસીબી દ્વારા પાલનપુર લઈ આવી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજુચાવલા પાલનપુર પૂર્વ પોલીસ સ્ટેશનના જિલ્લાના મુખ્ય મથકમાં ફરજ બજાવતા હતા. એસીબીએ તેમને પોલીસ ચોકી પાસેથી લાંચની રકમ સ્વીકારતા ઝડપી પાડ્યા હતા પ્રાપ્ત અહેવાલો મુજબ ચાવલાએ આરોપીને ગુનાના કામમાં અટક કરી અને કોર્ટમાં હાજર કરવા સહિતની કાર્યવાહીમાં લાંચ માંગી હતી. ભારે રકઝકના અંતે ૩૦,૦૦૦ રૂપિયાની લાંચમાં સેટલમેન્ટ થયું હતું.

બ્રાન્ડ ક્રિએટીવ આઈડીયા છે અને તે જ પૈસા બનાવે છેઃ સુનિલ દેસાઈ

પ્રોડક્ટ પ્રત્યે ગ્રાહકની લાગણી બ્રાન્ડ વેલ્યુ છેઃ સુદીપ મંડલ

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ઓરો યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે શનિવારે, ૨૨મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સવારે ૧૦:૩૦થી સાંજે ૫:૦૦ કલાક સુધી હજીરા રોડ સ્થિત ઓરો યુનિવર્સિટી ખાતે 'નેશનલ બ્રાન્ડ કોન્કલેવ—૨૦૨૦'નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ફયુચર બ્રાન્ડ્સના એમડી એન્ડ સીઇઓ શ્રી સંતોષ દેસાઇ 'માર્કેટીંગ માઈનીંગ વેલ્યુઅબલી — ધી પાવર ઓફ બ્રાન્ડ્સ'વિષય ઉપર, ડીએસપી મ્યુચ્યુઅલ ફંડના ડિસ્ટ્રીબ્યુશન માર્કેટીંગના હેડ શ્રી સુદીપ મંડલ 'પ્રોડકટ બ્રાન્ડ વર્સિસ સર્વિસ બ્રાન્ડ, ઓવરકમીંગ ચેલેન્જીસ ફોર અપકમીંગ નેશનલ બ્રાન્ડ'વિષય ઉપર, સ્કેરક્રો એમ એન્ડ સી સાતચીના ફાઉન્ડર ડાયરેકટર શ્રી મનીષ ભટ્ટ 'ડિઝાઈન એન્ડ બ્રાન્ડીંગ'વિષય ઉપર અને ભુ એન્ટરટેનમેન્ટના ફાઉન્ડર શ્રી ભરત રંગાએ 'બ્રાન્ડ એઝ અ કેરેકટર'વિષય ઉપર વકતવ્ય રજૂ કરી પ્રોડકટની બ્રાન્ડ વેલ્યુ ક્રિએટ કરવા માટે ઉદ્યોગપતિ અને ઉદ્યોગ સાહસિકોને મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાએ જણાવ્યુ હતુ કે, સુરતમાં ઘણી પ્રોડકટ બને છે પણ તેની બ્રાન્ડ વેલ્યુ ક્રિએટ નહીં થવાને કારણે વિશ્વના માર્કેટો સુધી પહોંચાડી શકાતી નથી. પણ આજની કોન્કલેવમાં ઉદ્યોગ સાહસિકોને પોતાની પ્રોડકટની બ્રાન્ડ વેલ્યુ ઉભી કરવા માટે જે માહિતી મળી છે તે ખૂબ જ કામ લાગશે.

આજના કી—નોટ સ્પીકર શ્રી સુનીલ દેસાઇએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, તમારી પ્રોડકટને તમે કઈ રીતે પ્રમોટ કરો છો એ બ્રાન્ડીંગ માટે ખૂબ જ મહત્વનું હોય છે. બ્રાન્ડ પણ એક ક્રિએટીવ આઈડીયા છે અને તે જ પૈસા બનાવે છે. બ્રાન્ડ એક પ્રકારનું એકટ ઓફ ક્રિએશન છે. પોતાની ઓળખ તેના માટે પ્રથમ બાબત છે. બ્રાન્ડ ક્રિએટ કરવા માટે તમારી પ્રોડકટમાં એક પ્રકારની ફિલીંગ ઉભી કરવી પડે છે. અંદરથી જ એક પ્રકારની શકિત પેદા કરવાની હોય છે જે ગ્રાહકને તમારા પ્રોડકટ સાથે જોડી રાખે છે. એના માટે પોતાના પ્રોડકટની અન્ય પ્રોડકટની તુલનામાં જુદી જ વેલ્યુ ઉભી કરવાની હોય છે.

તેમણે વધુમાં કહયુ હતુ કે, ઘણી પ્રોડકટની કિંમત એકસરખી હોય છે પણ ગ્રાહકની માનસિકતા પર તમારી પ્રોડકટની જાહેરાત શું અસર કરે છે એના પર તમારા પ્રોડકટની બ્રાન્ડીગ ઉભી થાય છે. કેટલીક બ્રાન્ડ એ લીડર્સનું વિઝન હોય છે, આથી એ બ્રાન્ડ ખૂબ જ દૂર સુધી જાય છે. તમારા પ્રોડકટની બ્રાન્ડીગ ઉભી કરતા પહેલા તમારી ખૂબ સામાન્ય અને સાધારણ પ્રોડકટને સુંદર બને તેવા પ્રયાસ કરો. આપણા પોતાનામાં જ ઘણું બધું છે તો આપણે બીજે શું કામ શોધવુ જોઈએ એ પ્રોડકટની ફિલોસોફી છે. સુરતમાં ફિઝીકલ બ્રાન્ડ અને ઓનલાઈન બ્રાન્ડમાં ઘણી બધી શકયતા રહેલી છે. હવે તો ઈકો સિસ્ટમ બ્રાન્ડ ડેવલપ થઈ રહી છે. બ્રાન્ડ ઈન્ડીવિઝયુલ વ્યકિતના આઈડીયાથી પાવરફુલ બને છે.

શ્રી સુદીપ મંડલે પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, તમારી પ્રોડકટનો લોગો બ્રાન્ડ નથી પણ સિમ્બોલ છે. તમારા પ્રોડકટ માટે ગ્રાહકની લાગણી જ બ્રાન્ડ છે. કોઈપણ ગ્રાહક તમારી પ્રોડકટ અને સર્વિસ વિશે શું વિચારે છે તે મહત્વનું છે. ગ્રાહકોની લાગણી જ તમારા પ્રોડકટને બ્રાન્ડ બનાવી તેની યુનિક વેલ્યુ ક્રિએટ કરે છે. કયારેક એવું પણ બને છે કે ઘણી પ્રોડકટની કવોલિટી એકસરખી હોય છે ત્યારે પ્રમોશન પ્રોડકટને બ્રાન્ડ બનાવે છે. તમારા પ્રોડકટની બ્રાન્ડ વેલ્યુ ક્રિએટ કરવા માટે ધીરજ રાખવાની જરૂર છે.

શ્રી મનિષ ભટ્ટે પોતાના વકતવ્યમાં પ્રોડકટની બ્રાન્ડ ક્રિએટ કરવા માટે જે બધા જ કરતા હોય છે એના કરતા સાવ અલગ જ પ્રોડકટ ડિઝાઈન કરવી તેના પર ભાર મુકયો હતો. પ્રોડકટની બ્રાન્ડીગ માટે લોજીકલ અને મેજીકલ એમ બંને બાબતો વિશે તેમણે સમજણ આપી હતી. તેમણે કહયુ હતુ કે, દરેક પ્રોડકટ માટે ક્રિએટીવિટી મહત્વની છે. તમારા પ્રોડકટને લોકોના મગજ સુધી પહોંચાડવા માટે લોજીક સાથે કયારેક મેજીકલી નિર્ણયો પણ લેવા પડતા હોય છે.

શ્રી ભરત રંગાએ જણાવ્યુ હતુ કે, બ્રાન્ડ એટલે કેરેકટર. તમારા પ્રોડકટની બ્રાન્ડ એ પ્રોડકટની આત્મા છે. પ્રોડકટની ડિઝાઈન, એની ઈન્ટેજીબલ વેલ્યુજ, લોકો સુધી તેને પહોંચાડવાનો પર્પઝ એ બધી બાબતો બ્રાન્ડ ક્રિએટ કરવા માટે મહત્વની બની રહે છે. માર્કેટમાં પ્રોડકટ આવે અને જાય છે પણ બ્રાન્ડ લાંબા સુધી ટકી રહે છે.

કોન્કલેવ દરમિયાન 'ઓવરકમીંગ ચેલેન્જીસ ફોર અપકમીંગ નેશનલ બ્રાન્ડ' વિશે પેનલ ડિસ્કશન યોજાઇ હતી. જેમાં હારમોની મલ્ટીમિડીયાના પ્રા.લિ.ના સીએમડી શ્રી રાજેશ દેસાઇ, ડીએસપી મ્યુચ્યુઅલ ફંડના શ્રી સુદીપ મંડલ અને એન.જે. ઈન્ડીયા ઈન્વેસ્ટ પ્રા.લિ.ના કો—ફાઉન્ડર શ્રી જિગ્નેશ દેસાઇ જોડાયા હતા અને બ્રાન્ડ વિશે મહત્વનું ડિસ્કશન કર્યુ હતુ. એવી જ રીતે 'લોકલ બ્રાન્ડ્સ અને નેશનલ એમ્બીશન' વિશે યોજાયેલા પેનલ ડિસ્કશનમાં સિન્કોરો વેન્ચુર્સ પ્રા.લિ.ના ફાઉન્ડર એન્ડ ડાયરેકટર શ્રી કશ્યપ પંડયા, યુરો ઈન્ડીયા ફેશ ફૂડ્સ લિમિટેડના સીએમડી મનહર સાસપરા અને જમ્બો વેલ્થના સીએમડી શ્રી મિથુન દેસાઇએ બ્રાન્ડ વિશે મહત્વની ચર્ચા કરી હતી.

આ કોન્લકેવમાં ચેમ્બરના ઈવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ આખા કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ. અંતે ઈવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના કન્વીનર શ્રી સંજય ગજીવાલાએ વકતાશ્રીઓ તેમજ ઉદ્યોગ સાહસિકોનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કોન્કલેવનું સમાપન થયુ હતુ.

ઓવરટેક કરવા બાબતે યુવકને ઢોર માર મારતા મોત, એકની ધરપકડ

વડોદરા

પાણીગેટ વિસ્તારના કલાદર્શન ચાર રસ્તા પાસે રવિવારે મોડી સાંજે ઓવરટેક કરવા બાબતે ઝઘડો થતા ઈકો કારમાં સવાર ચારથી પાંચ વ્યક્તિઓએ ખાનગી કંપનીમાં એચ.આર. મેનેજર તરીકે ફરજ બજાવતા બાઈક સવાર યુવકને મુઢમાર મારતા તેનું સારવાર દરમિયાન મોત નિપજયું છે. આ કેસમાં પરિવારજનોએ આરોપીઓને કડકમાં કડક સજા કરીને ન્યાય અપાવવાની માંગ કરી છે અને જયાં સુધી પોલીસ જયાં સુધી લેખિતમાં બાંહેધારી નહીં આપે ત્યાં સુધી મૃતદેહ સ્વિકારવાનો ઈન્કાર કર્યો હતો. જોકે પાણીગેટ પીઆઈએ ખાત્રી આપતા મૃતદેહ સ્વીકાર્યો હતો. કેવલ જાધવની પત્ની મિત્તલ અને માતા હંસાબેન કાંતિબેન જાદવે જણાવ્યું હતું કે, અમારી એક જ માંગણી છે કે, કેવલને ન્યાય મળવો જોઈએ અને ગુંડાતત્વોને કડકમાં કડક સજા થવી જોઈએ.

વડોદરા શહેરના ન્યુ વીઆઈપી રોડ પર આવેલી ગાયત્રીકૃપા સોસાયટીમાં રહેતો કેવલ જાધવ(૩૨) રવિવારે સાંજે આશરે સાડા પાંચ વાગે ડી માર્ટમાં ખરીદી કરવા માટે નીકળ્યો હતો. તે જ્યારે કલાદર્શન ચાર રસ્તા પાસેથી બાઈક પર પસાર થઈ રહ્યો હતો. દરમિયાન ઈકો કારના ઓવરટેક મામલે યુવકનો ઈકો કારમાં સવાર ચારથી પાંચ વ્યક્તિઓ સાથે ઝઘડો થયો હતો. જેમાં ઈકો કારમાં સવાર વ્યક્તિઓએ કેવલને મૂઢ માર મારતા તે રસ્તા પર જ ઢળી પડ્યો હતો. જ્યારે પોલીસની પીસીઆર વાન પહોંચે તે પહેલા આરોપીઓ ઈકો કાર લઈને ભાગી ગયા હતા. બીજી તરફ કેવલને એસએસજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતા તેનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. પોલીસે ઈકો કારમાં સવાર ચારથી પાંચ વ્યક્તિઓ વિરૂદ્ધ હત્યાનો ગુનો દાખલ કર્યો છે અને પોલીસે એક આરોપી સૂરજ ઉર્ફે સૂઇ રમણભાઈ કહારની ધરપકડ કરી છે.

બારડોલી નજીક મિંઢોળા નદીમાં સેંકડો માછલીઓના મોત

કિનારાઓ પર મૃત માછલીઓ તણાઈ આવી

સુરત

બારડોલી ખાતે મીંઢોળા નદીના ઉપરવાસમાંથી સુગર મિલો દ્વારા કેમિકલ યુક્ત પાણી છોડવામાં આવતા ઢગલાબંધ માછલી તરફડીને મોતને ભેટી હતી. સ્થાનિક લોકો અને માછીમારો આ કેમિકલવાળી માછલીઓ લેવા દોડી આવતા નજરે પડ્યા હતા.

આજે સવારે બારડોલી ખાતે મીંઢોળા નદીના કિનારે ઠેર-ઠેર મૃત માછલીઓ જોવા મળી હતી. સ્થાનિક માછીમારો મૃત માછલીઓ લેવા પડાપડી કરતા નજરે પડ્યા હતા. નદી કિનારે સામાન્ય દિવસો કરતા આજે લોકોની ભારે ભીડ જોવા મળતા સ્થાનિક લોકોની પૂછપરછ કરવામાં આવતા જાણવા મળ્યું કે તેઓ કિનારે મૃત હાલતમાં પડેલી માછલીઓ લેવા આવ્યા છે. આ ઘટના અંગે જાણવા મળ્યું કે બારડોલીના ઉપરવાસમાં આવેલ સુગર મીલો દ્વારા નદીમાં છોડવામાં આવતા કેમિકલયુક્ત પાણીના લીધે નદીના પાણીના રંગમાં બદલાવ આવ્યો છે. કેમિકલવાળા પાણીમાં માછલીઓને શ્વાસ લેવામાં તકલીફ પડતા કિનારા પર માછલીઓ આવી તરફડીને મોતને ભેટે છે. આવા કેમિકલવાળી મૃત માછલીઓ ખાવી સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે. સ્થાનિક માછીમારો લોકોને આવી માછલી ખાવાની ના પાડે છે તેમ છતાં ઘણાં લોકો કેમિકલવાળી મૃત માછલી ખાવા માટે ઘરે લઈ જતા નજરે પડ્યા છે. આ બનાવની જાણ થતા જ આરોગ્ય વિભાગની ટીમ સ્થળ ઉપર આવી લોકોને મૃત માછલી લેવાની ના પાડવામાં આવી છે. મીંઢોળા નદી કિનારે ઢગલાબંધ માછલીઓ મૃત હાલતમાં જોવા મળી હતી.

ઘોર કળિયુગ..!! જમીન બાબતે પુત્રએ પિતાની ધારીયાના ૧૦ ઘા મારી હત્યા કરી

સુરત

વાંસદા સરાગામના પૂર્વ સરપંચ બાબુભાઇ કરશનભાઈ પટેલ પર થયેલા ઘાતકી હુમલામાં સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. પહેલી પત્નીના પુત્ર દ્વારા ધારીયાના ૧૦થી ૧૨ ઘા મારવામાં આવતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા બાબુભાઈને પ્રથમ વાંસદા બાદ વલસાડ અને ત્યારબાદ સુરત સિવિલ હોસ્પિટલ દાખલ કરાયા હતા. જ્યાં આજે વહેલી સવારે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

વાંસદાના સરાગામ ખાતે પૂર્વ સરપંચ બાબુભાઇ કરશનભાઈ પટેલ (ઉ.વ. ૭૨) બીજી પત્ની અને ત્રણ પરિણિત દીકરીઓ પૈકી એક વિધવા દીકરી સાથે રહેતા હતા. ગત ૨૦ ફેબ્રુઆરીના રોજ બપોરે ખેતરમાં કામ કરી રહ્યા હતા. દરમિયાન પહેલી પત્ની કાંતાબેનના બે પુત્રો પૈકી નૈનેશે હુમલો કરી પેટ, હાથ અને માથામાં ધારીયાના ૧૦થી ૧૨ ઘા માર્યા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત બાબુભાઈને પ્રથમ વાંસદા બાદ વલસાડ અને ત્યારબાદ સુરત સિવિલ હોસ્પિટલ દાખલ કરાયા હતા. બાબુભાઈનું સારવાર દરમિયાન સોમવારની વહેલી સવારે ૨:૩૦ વાગ્યે મોત નિપજતા વાંસદા પોલીસ પોસ્ટમોર્ટમ માટે સુરત સિવિલ પહોંચી હતી. જ્યારે હુમલાખોર પુત્ર નૈનેશની વાંસદા પોલીસે ધરપકડ કરી છે. બાબુભાઈ સરા ગામ પંચાયતના પૂર્વ સરપંચ હતા. બાબુભાઈ બીજી પત્ની રમીલા અને ત્રણ પરિણિત દીકરીઓ પૈકી એક વિધવા દીકરી સાથે રહેતા હતા. બાબુભાઈએ બન્ને પત્નીઓના નામ પર ઘર અને જમીન સરખે હિસ્સે નામ પર વારસાઈ કરી પણ દીધા હતા. જોકે, ઉ વિગા જમીન નામ પર કરી દેવા નૈનેશ દબાણ કરતો હતો. દરમિયાન બાબુભાઈ પર બે વર્ષમાં પાંચમી વાર કરાયેલો હુમલો જીવલેણ સાબિત થયો હતો.

ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિએ ઈચ્છાપોર ગામમાં બેઠક યોજી

કાંઠા વિસ્તારના અગ્રણીઓ લડતમાં જોડાયા

સુરત

ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિ દ્વારા આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૦ ને રવિવારના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે ચોર્યાસી તાલુકાના ઈચ્છાપોર ગામ ખાતે માજી ધારાસભ્ય ધનસુખભાઈ પટેલ ના અધ્યક્ષ સ્થાને ભાટીયા ટોલનાકા ના લેવાતા સ્થાનિકો પાસે ટોલટેક્સ ના પ્રશ્ન બાબતે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.ધનસુખભાઈ પટેલ એજણાવ્યું કે સુરત શહેર અને જિલ્લાના નાગરિકો સાથે અન્યાય થઈ રહ્યો છે,તે કોઈપણ સંજોગોમાં ચલાવી નહી લેવાય.રોજગારી,પર્યાવરણ અને સાથો સાથ આંજની મંદી ના સમયમાં સુરત શહેર અને જિલ્લાના લોકો ને જે લૂંટવાનું કામ થઈ રહ્યું છે તેની સામે આક્રમકતાથી બિનરાજકીય આંદોલનને લોકહિતમાં આગળ વધારીશું. ખેડૂત સમજ ગુજરાત ના પ્રમુખ જયેશભાઈ એસ.પટેલ દ્વારા જણાવવામાં આવ્યું કે હઝીરા કાંઠા વિસ્તારની પ્રજા ખમીરવંતી છે.ભૂતકાળમાં આ વિસ્તારની પ્રજાએ અનેક આંદોલનમાં સફળતા પ્રાપ્ત કરી છે.આ વિસ્તારના અમુક પ્રતિનિધિઓ સિવાય બીજા પ્રતિનિધિઓ પોતાની ખુમારી ગુમાવી બેઠા છે.પરંતુ આ વિસ્તારની જનતાએ પોતાની ખુમારી બતાવવાનો સમય આવી ગયો છે.સંગઠીત થઈ આ લોકહિતની લડત લડવાની જરૂર છે. જિલ્લા પંચાયત સભ્ય યોગેશભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું કે સમગ્ર સુરત અને શહેરના વિસ્તારમાં જ્યારથી ટોલનાકુ આવ્યું ત્યારથી ટોલટેક્સ સ્થાનિકોને ફી છે.પરંતુ ટોલપ્લાઝા ના અધિકારીઓ અને વહીવટી તંત્ર ના અધિકારીઓની મિલીભગત માં સુરત શહેર અને જિલ્લા ના લોકો એ આ ટોલટેક્સ ભરવો પડેછે.આ અન્યાય છે ,આ બિનરાજકીય લોકહિત ની લડાઈમાં અમે બધા અંત સુધી સાથે છીએ. હઝીરા કાંઠા વિસ્તાર વિકાસ સહકારી મંડળી લી.ના પ્રમુખ છોટુભાઈ પટેલ દ્વાર જણાવવામાં આવ્યું કે સમગ્ર કાંઠા વિસ્તાર અને શહેરી વિસ્તાર દ્વારા ભાટીયા ટોલનાકા ખાતે સ્થાનિકો પાસે લેવાતા ટોલટેક્સ બાબતે છેલ્લા પંદર દિવસ થી જે લડત ચાલે છે,તે બિનરાજકીય લડત છે.લોકોના હિતની માટેની રજુઆત કરવાથી સમાજ ને ફાયદો થાય છે.આવી લોકહિતની લડતમાં તન ,મન, ધન અને.લોકશક્તિ સાથે સફળતા પ્રાપ્ત થાય નહી, ત્યાં સુધી અમે સાથે ઉભા રહીશું. ચોર્યાસી તાલુકાના ભાઠા ગામ ના સરપંચ ભદ્રેશભાઇ પટેલ દ્વારા જણાવવમાં આવ્યું કે હાઈવે ઓથોરિટીની બેદરકારીના કારણે અકસ્માતો થાય છે.મનફાવે તે રીતે હાઈવે ઉપરબકટ આપી દેવામાં આવે છે.ઠેરઠેર ગેરકાયદેસર દબાણો ઉભા કારવામાં આવે છે.વહીવટી તંત્ર અને દ્વઉઁછેં ના અધિકારીઓ ને વારંવાર રજુઆત કરવા છતા પણ કોઈ રજૂઆતો નું નિરાકરણ લાવવામાં આવ્યું નથી.સ્થાનિકો એ કોઈપણ દિવસ ટોલટેક્સ ભરવાનો હોતો નથી, ભાટીયા ટોલનાકા ખાતે પણ સ્થાનિકો માટે ટોલ ફી થવો જ જોઈએ. મુકેશભાઈ પટેલ(ઝમી) દ્વારા જણાવવામાં આવ્યું કે કાંઠા વિસ્તારના યુવાનોને રોજગારી મળતી નથી ખાનગી કંપનીમાં શોષણ થાય છે અને પોતાના વાહનો દ્વારા જ્યારે રોજગારી મેળવવાનું કામ કરે છે ત્યારે, તેની પાસે ભાટીયા ટોલનાકા ઉપર ટોલટેક્સ લેવામાં આવે છે,એને કોઈ પણ સંજોગોમાં ચલાવી ન લેવાય અને કાંઠા વિસ્તારના તમામ યુવાનો આ લડાઈમાં સાથે છીએ. સુરત શિક્ષક સંઘ ના માજી પ્રમુખ રમેશભાઈ પરમાર દ્વારા જણાવવામાં આવ્યું કે સમગ્ર સુરત શહેર અને જિલ્લા માટે આ અન્યાયકારી નીતિ સામે સુરતના લોકોના હિત માં આ બિનરાજકીય લડત ને મારો અને મારા સમાજ વતી હું મારો ટેકો આપું છું. આ મીટીગ માં પટેલ પ્રગતિ મંડળના પ્રમુખ રમેશભાઈ પટેલ, જીલ્લા પંચાયત સભ્ય દર્શનભાઈ નાયક ,પરિવર્તન ટ્રસ્ટના પ્રમુખ પ્રકાશભાઈ કોન્ટ્રાક્ટર, કલ્પેશભાઈ પટેલ,સહકારી આગેવાન મોહનભાઈ ભાટીયા,પરિવર્તન ટ્રસ્ટ ના મહિલા પ્રમુખ અનિતાબેન પટેલ,પર્યાવરણ વિડ એમ.એસ.શેખ સાહેબ,સુરત મહાનગરપાલિકા ના માજી કોર્પોરેટર બળવંતભાઈ પટેલ અને પ્રકાશભાઈ દેસાઈ તેમજ મોટી સંખ્યામાં હઝીરા કાંઠા વિસ્તારના યુવાનો તેમજ ખેડૂતો હાજર રહ્યા હતા.

મોટાવરાછા હાર્ડવેરની દુકાનમાં ચોરી થઈ

સુરત

મોટાવરાછા ખાતે આવેલ શિવ હાર્ડવેર એન્ડ પ્લાઈવુડની દુકાનમાં તસ્કરોએ ધાપ મારીને રૂપિયા ૧,૦૪,૪૨૩ની કિંમતની મતા ચોરી કરી ગયા હતા.

આ બનાવ અંગે શિવ હાર્ડવેર એન્ડ પ્લાયવુડ દુકાનના માલિક દીપકભાઈ ગોકલભાઈ માલવીયાએ અમરોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ તા.૧૧મીની રાત્રિએ તસ્કરોએ દુકાનની બારી તોડી બ્રાસના નળ, બ્રાસના કેપ, નટ, ડીવીઆર મળી કુલ રૂા.૧,૦૪,૪૨૩ની મતા ચોરી કરી ગયા હતા. અમરોલી પોલીસે તપાસ હાથ ધરી છે.

દેશ ભરમાં ૧૨૬૬ હોસ્પિટલોમાં સફાઈ અભિયાન સલાવાયું

સંત નિરંકારી મંડળના સ્વયં સેવકો દ્વારા નવી સિવિલમાં સફાઈ ઝુંબેશ

સુરત

નિરંકારી ભક્તો એ રવિવારે નિરંકારી બાબા હરદેવ સિંહ જી મહારાજ નો જન્મજયંતિ 'ગુરુપૂજા દિવસ' ના રૂપ માં મનાવ્યો, પરંતુ તે અજોડ પ્રયાસ અને મંગલકારી હતો, તેઓના હાથ માં ના તો પૂજા ની થાળી હતી કે ના તો પુષ્પ-માળા હતી, પરંતુ તેઓ તો હાથ માં ઝાડુ લઈ ને નવી સિવિલ હોસ્પિટલ ને ચમકાવવા માં લાગ્યા હતા.

નિરંકારી સદ્‌ગુરુ માતા સુદીક્ષા જી મહારાજ ના માર્ગદર્શન માં સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન ના દેશવ્યાપી અભિયાન હેઠળ દેશ ના લગભગ ૪૫૦ શહેરો માં ૧૨૬૬ હોસ્પિટલ જેમાં સુરત ની નવી સિવિલ હોસ્પિટલ માં રવિવારે સવારે ૮:૦૦ વાગ્યા થી નિરંકારી ભક્તો એ સફાઈ અભિયાન શરુ કર્યું.

સેવાદળ શિક્ષક જીવન સિંહ જી એ સફાઈ માં યોગદાન આપવા આવેલા સેવાદળ- ભક્તો ને પ્રભુ વંદના તથા પ્રાર્થના કરાવી, ત્યાર બાદ નિરંકારી ભક્તો નિરંકારી સદ્‌ગુરુ માતા સુદીક્ષા જી મહારાજ ના નામ નો જયઘોષ કરી 'ધન નિરંકાર જી' કહી ને સફાઈ કામ આરંભ કર્યું.

દક્ષિણ ગુજરાત ના પ્રભારી શ્રી ઓંકાર સિંહ જી એ જણાવ્યું કે નિરંકારી ભક્ત જ્યાં બાબા હરદેવ સિંહ જી નો જન્મદિવસ ઉજવવા માટે ઉત્સાહિત રહે છે ત્યાંજ નિરંકારી સદ્‌ગુરુ માતા સુદીક્ષા જી કોઈ પણ આડંબર થી અલગ જનહિતકારી કાર્ય કરવાની પ્રેરણા આપે છે, તેથી જ તો છેલ્લા કેટલાકે વર્ષો થી વિશ્વભર માં વૃક્ષારોપણ તથા સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.આ અવસર પર નવી સિવિલ હોસ્પિટલ ના તબીબી અધિક્ષક ડો. જયમીન કોન્ટ્રાક્ટર એ કહ્યું કે ખરેખર નિરંકારી બાબાજી ની શિક્ષા નો જ અસર છે કે નિરંકારી ભક્તો એ મોટા પાયે સમર્પિત ભાવ થી ઉત્સાહિત થઈ ને સફાઈ કરી છે, સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન ગંદકી રૂપી બીમારી ને નષ્ટ કરવા માટે સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જે ખુબ પ્રશંસનીય છે.

સુરત ન્યૂ સિવિલ હોસ્પિટલ RMO ના ડૉ. કેતન નાયક હોસ્પિટલ ને સાફ સુથરુ જોઈ ખાસ પ્રભાવિત થયા. સ્વચ્છતા ના પ્રતિ નિરંકારી ભક્તો ના સમર્પણ ની પ્રશંસા કરી.

નવસારી ખાતે આદિજાતિ મંત્રી શ્રી ગણપતભાઈ વસાવાએ આંતર જિલ્લા સિઝન ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ કરાવ્યો

નવસારી

ગુજરાત રાજય પંચાયત સ્પોર્ટ્સ એન્ડ રીક્રીએશન કલબ આયોજીત ૨૯ મી સ્વ.બળવંતરાય મહેતા આંતર જિલ્લા સિઝન ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ આજે નવસારી લુન્સીકુઈ ખાતે રાજયના આદિજાતિ વિકાસ, વન મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રી શ્રી ગણપતભાઈ વસાવાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ગણપતભાઈ વસાવાએ જણાવ્યું હતુંકે, સમગ્ર ગુજરાતમાં અઠ્ઠાવીસ વર્ષથી આંતરજિલ્લા ક્રિકેટ યોજાઈ રહી છે. આ વર્ષે નવસારી જિલ્લાને તક મળી છે. રાજય સરકાર ખેલ મહાકુંભનું આયોજન કરીને ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોની સુષુપ્ત શક્તિને ઉજાગર કરી છે. જેના થકી ખેલાડીઓએ ગુજરાતનું નહિ પણ વિશ્વમાં નામ ગુંજતું કર્યું છે. આ ટુર્નામેન્ટમાં ૩૩ ટીમો ભાગ લેનાર છે. દરેક ટીમને ખેલદીલીપૂર્વક રમત રમવા અનુરોધ કર્યો હતો. રમતના માધ્યમથી ખેલાડીઓ એકબીજાના પરિચયમાં આવશે. દરેક જિલ્લામાંથી આવનાર ટીમને કોઈપણ તકલીફ ન પડે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. મંત્રીશ્રીએ ગુજરાતનું ગૌરવ વધારનાર રણજી ટ્રોફીના ખેલાડીઓને સન્માનિત તેમજ દરેક ટીમને સ્મૃતિચિન્હ મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે એનાયત કરાયા હતાં. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી અમિતાબેન પટેલે જણાવ્યું હતું કે, આ ટુર્નામેન્ટમાં ગુજરાત રાજયના જુદા જુદા જિલ્લાઓની ક્રિકેટ ટીમો ભાગ લઈ રહી છે ત્યારે કોઈપણ ખેલાડીને તકલીફ ન પડે તેની કાળજી રાખવામાં આવશે. આ ટુર્નામેન્ટમાં ખેલાડીઓએ ખેલદીલીની ભાવના સાથે હાર-જીતની પરવા કર્યા વગર રમત રમવા અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે બલૂન ઉડાડીને રમોત્સવને ખૂલ્લો મૂકાયો હતો. આ પ્રસંગે નવસારીના સાંસદ શ્રી સી.આર.પાટીલ, નવસારીના ધારાસભ્ય શ્રી પિયુષભાઈ દેસાઈ, ગણદેવીના ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલ, માજી વનમંત્રી શ્રી મંગુભાઈ પટેલ, ઈન્ચાર્જ નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી હડુલા સહિત ખેલાડીઓ, નગરજનો ઉપસ્થિત રહયાં હતાં.

રિંગરોડ પર ટેક્સટાઈલ્સનો કારોબાર કરતા કિરણ હાઉસમાં આગ લાગી

પાંચ ફાયર સ્ટેશનોમાંથી ફાયર ફાયટરોનો કાફલો ઘટના સ્થળે તાકીદે પહોંચી ગયો

સુરત

રિંગરોડ પર ૪૫૧ માર્કેટના બાજુમાં આવેલ કિરણ હાઉસમાં અચાનક આગ લાગતા નાસભાગ મચી ગઈ હતી. બનાવની જાણ થતાં જ પાંચ ફાયર સ્ટેશનના સ્ટાફે ઘટના સ્થળે દોડી આવી આગને કાબુમાં લેવામાં સફળતા મેળવી હતી.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે પોણા અગિયાર વાગ્યાના સુમારે ઉમરવાડા ૪૫૧ માર્કેટ પાસે રોજી હાઉસ માર્કેટ નજીક આવેલ કિરણ હાઉસમાં આગ લાગી હોવાનો મેસેજ મળ્યો હતો. બનાવની જાણ થતાં જ માનદરવાજા, મજુરા, નવસારી બજાર, ડુંભાલ અને ભેસ્તાન ફાયર સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિત ઘટના સ્થળે દોડી ગયો હતો. કિરણ હાઉસ માર્કેટ કમ શો રૂમના ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ દુકાનમાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હતી. આગના લીધે દુકાનમાંથી ધુમાડાના ગોડા નીકળતા આજુબાજુની માર્કેટના લોકોમાં ભય ફેલાઈ ગયો હતો. તાત્કાલિત ફાયર ફાયટિંગની કામગીરી થતા આગને સમયસર કાબુમાં લેવામાં સફળતા મળી હતી. આગથી કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી. આગથી માત્ર માલ સામાનને નુકસાન થયું છે. ફાયર ઓફિસર કિષ્ણા મોઢના જણાવ્યા અનુસાર આગનું કારણ જાણી શકાયું નથી. કેટલું નુકસાન થયુ છે તે અંગે પણ ચોક્કસ માહિતી મળી નથી. આગ કાબુમાં કરી કુલિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

કબિલપોર ગ્રામ પંચાયતના નવા મકાનનું લોકાર્પણ કરતાં રાજયના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ગણપતભાઈ વસાવા

કબિલપોર ગ્રામ પંચાયત ગુજરાતમાં નહિ પણ સમગ્ર દેશમાં આગવી ઓળખ ઉભી કરી છે – મંત્રી શ્રી ગણપતભાઈ વસાવા

નવસારી

નવસારીના કબિલપોર ગ્રામપંચાયતનું નવા મકાનનું લોકાર્પણ રાજયના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ગણપતભાઈ વસાવાના હસ્તે યોજાયો હતું. આ અવસરે તેમની સાથે નવસારી સાંસદ શ્રી સી.આર.પાટીલ, જિલ્લા પંચાયત પ્રમુખ ડાલ.અમિતાબેન પટેલ ઉપસ્થિત રહયાં હતાં.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ગણપતભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના ડિઝીટલ સ્વપ્ને સાકાર કરવાનું કામ કબિલપોર ગ્રામ પંચાયતે કર્યું છે. આ નવનિર્મિત ગ્રામ પંચાયત રૂ.૧.૬૬ કરોડના ખર્ચે તૈયાર થયું છે. આ ગ્રામ પંચાયતના નવું મકાન આધુનિક પધ્ધતિથી સજજ છે. જેમાં લાયબ્રેરી, આરોગ્ય કેન્દ્ર, પોસ્ટઓફિસ ની સાથે એ.ટી.એમ.ની પણ વ્યવસ્થા છે. કબિલપોર ગામ નવસારી શહેરનું બાહયવિકાસનું નજરાણું બન્યું છે. આ ભવનમાં ગામલોકોની સુખાકારી માટે તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. કબિલપોરના ગ્રામજનોને તમામ વેરાઓ ભરવાની ઓનલાઈન સુવિધા આપવામાં આવશે. વિવિધ સરકારી યોજનાઓની જાણકારી પણ આપવમાં આવશે. ગ્રામ પંચાયતોમાં કબિલપોર ગ્રામ પંચાયત ગુજરાતમાં નહિ પણ પરંતુ સમગ્ર દેશમાં આગવી ખોળખ ઉભી કરી છે. લોકભાગીદારીના ભામશા બનીને મકાનના કાર્યમાં સિંહફાળો આપ્યો છે તેવા દાતાઓને અભિનંદન પાઠવ્યા હતાં.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજય વિકાસની હરણફાળ ભરી રહયું છે. રાજયસરકારે ડિઝીટલ ગુજરાત અંતર્ગત ગુજરાતની તમામ એપીએમસી ઓનલાઈન કરવામાં આવી છે. ખેડૂતો માટે વિવિધ સહાય, શિક્ષકો અને આંગણવાડીની બહેનોને કામગીરી, વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવતી શિષ્યવૃત્તિ, મહેસૂલી કામગીરી, રેવન્યુ રેકોર્ડ ઓનલાઈન કરવામાં આવી છે. આ પ્રસંગે નવસારીના ધારાસભ્ય શ્રી પિયુષભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, કબિલપોર ગ્રામ પંચાયત સમગ્ર ગુજરાતમાં પ્રથમ ગ્રામ પંચાયત છે કે સૂંપૂર્ણ ડીઝીટલ છે. નવા ગ્રામ પંચાયત ભવનમાં મદદ કરનાર દાતાઓને અભિનંદન પાઠવ્યા હતાં. કાર્યક્રમના પ્રારંભમાં કબિલપોર ગ્રામ પંચાયતના ઉપસરપંચ શ્રી મુકેશભાઈ અગ્રવાલે મહેમાનોને આવકારી પ્રાસંગિત પ્રવચન કર્યુ હતું. આ પ્રસંગે ગણદેવીના ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલ, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી શ્રી હડુલા, કબિલપોરના સરપંચ શ્રી છનાભાઈ જાગી, ગ્રામ વિકાસ સમિતિ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ઓમપ્રકાશ અગ્રવાલ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, જિલ્લા/તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયાં હતાં.

MARKET 4U™
ISO 9001:2015 Certified company

REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market



RV-04
- Geo Fence
- Overspeed Alarm
- Mileage Statistics
- 5M Accuracy (95%)
- ACC Ignition Detection
- OTA Firmware Upgrade
- Over Voltage Protection
- Built In Battery 160 mA/H
- Tele-Cut Off (Petrol/ Electricity)
- Data In Buffer (in GPS Blind Area)
- GSM Module : QUECTEL M26
- GPS Module : GTOP GT-1612-UB7X



For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

નર્મદા જિલ્લાના ધાર્મિક સ્થળો પર દર્શનાર્થે આવતા જતા ભક્તોના અકસ્માતમાં મોતનો સિલસિલો યથાવત

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા અને સાગબારામાં બે અકસ્માતોમાં એક બાળક સહિત બે ના મો ત

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં એક પછી એક ધાર્મિક સ્થળો ઉપર જતા આવતા ભક્તો અકસ્માત માં જીવ ગુમાવતા હોવાનો સિલસિલો યથાવત હોય રવિવારે જ મહારાષ્ટ્ર ના ચાર વ્યક્તિઓના મોત બાદ નર્મદામાં વધુ બે અકસ્માતોમાં ૨ ના મોત થયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાગબારા ના દેવમોગરા ગામના કાચા રસ્તા પરના ઢાળ પર એક ટ્રેકટરના ચાલકે પોતાનું ટ્રેકટર પુરઝડપે હંકારી રસ્તા ઉપર ચાલતા રાહદારીઓને અડફેટમાં લઈ શરીરે ઈજાઓ પહોચાડી રાજેશભાઈ ટેડગીયાભાઈ વસાવા રહે.મોવખાડી, તા. અક્કલકુવા, જિલ્લો, નંદુરબાર (મહારાષ્ટ્ર) ને શરીરે ગંભીર ઈજા પહોચાડી મોત નિપજાવી પોતાનું ટ્રેકટર સ્થળ ઉપર મુકી નાસી ગયો હતો.

જ્યારે અન્ય એક અકસ્માત ડેડીયાપાડા થી સાગબારા જતા માર્ગ ઉપર થયો જેમાં નાંદોદ ના બામણ ફળીયા માં રહેતા દિનેશભાઈ મીઠીયાભાઈ વસાવા તથા તેમના પત્ની સરસ્વતીબેન દિનેશભાઈ વસાવા પુત્ર દિક્ષીત દિનેશભાઈ વસાવા દેવમોગરા ખાતેના મંદીરે દર્શન કરી પરત ફરતા હતા ત્યારે દિનેશભાઈવસાવા એ તેમની મો.સા.નં.જ્ત ૨૨ દ્ધ ૪૩૬૧ને પુરઝડપે હંકારતા મો.સા.રોડની સાઈડે ઉતારી દઈ સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા રોડની બાજુના ઝાડ સાથે અથાડી અકસ્માત કરી પુત્ર દિક્ષીત (ઉ.વ.૧૫)ને ગંભીર ઈજા થતા સારવાર માટે ખસેડાયો હતો પરંતુ સારવાર દરમીયાન દીક્ષિતનું મોત થયુ હતું જ્યારે અકસ્માતમાં દિનેશભાઈ અને સરસ્વતી બેન ને ઈજાઓ થતા સારવાર માટે લઈ જવાયા હતા.આમ બે અકસ્માત માં એક બાળક અને એક વ્યક્તિ ના મોત બાદ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

સુરત શહેરમાં દિવસમાં ૩૩ ડીગ્રી તાપમાન નોંધાયું

રાત્રી સમયે ૧૯ ડિગ્રી વધુત્તમ તાપમાન


સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે ત્રણ દિવસથી તાપમાનમાં ફેરફાર અનુભવાઈ રહ્યો છે. દિવસ દરમ્યાન આકરો તાપ અને મળસ્કે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે.

સુરત હવામાન વિભાગ દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૩.૮ ડિગ્રી અને ન્યુનતમ તાપમન ૧૯.૦ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૧ ટકા તેમજ હવાનું દબાણ ૧૦૧૪ મીલીબાર નોંધાયુ છે. શહેરમાં સવારથીજ ઉત્તર દિશાથી કલાકના ૫ કિલોમીટરની ઝડપે પવાન ફુંકાઈ રહ્યો છે. ફેબ્રુઆરી મહિનાના છેલ્લા સપ્તાહ દરમ્યાનજ દક્ષિણ ગુજરાતમાં ગરમીનો પારો વધી રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસની સતત ગરમીમાં વધારો થતા તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. આગામી દિવસોમાં તાપમામાં નોંધપાત્ર વધારો થાય તેવી શકયતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. ફેબ્રુઆરી મહિનાના અંતે શિયાળાની પુર્ણાહુતી અને ઉનાળાની શરૂઆત થાય તેવું વાતાવરણનો દક્ષિણ ગુજરાત આજે અનુભવ કરી રહ્યો છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળવા ભરૂચથી આવેલા દિવ્યાંગ બાળકો સાથે નર્મદા પોલીસ ખડે પગે રહી





કેવડિયા પો.સ્ટે.ના પીઆઈ. પી. ટી. ચૌધરી તેમજ સ્ટેચ્યુના પીએસઆઈ કે. કે. પાઠક દિવ્યાંગ બાળકોને મદદરૂપ બન્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના કેવડિયા સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળવા દેશ વિદેશ ના પ્રવાસીઓ ખૂબ મોટી સંખ્યામાં આવે છે ત્યારે ભરૂચ ના દિવ્યાંગ બાળકો પણ આ લ્હાવો લેવા આવ્યા હોય નર્મદા પોલીસે આ તમામ બાળકોની સાથે રહી સ્ટેચ્યુ બતાવવા માટે મદદરૂપ થઈ ત્યારે એટલું ચોક્કસ કહી શકાય કે પોલીસ પ્રજાના મિત્ર છે તે વાકય આ તબક્કે બિલકુલ સાચું સાબિત થયું છે.

ભરૂચ થી આવેલા ૧૦૦ જેવા દિવ્યાંગ બાળકોની સ્ટેચ્યુ જોવાની ઈચ્છા હોય ત્યાના મેનેજમેન્ટના આયોજન બાદ સ્ટેચ્યુ દેખાડવાની તમામ જવાબદારી નર્મદા પોલીસ વડા હિમકર સિંહની સૂચના મુજબ કેવડિયા પીઆઈ પી.ટી. ચૌધરી તેમજ સ્ટેચ્યુના PSI કે.કે. પાઠકે સંભાળતા સ્ટેચ્યુ નિહાળવા આવેલા બાળકો તેમજ સંચાલકો પોલીસની આ મદદરૂપ કામગીરી થી ગદગદિત થઈ ગયા હતા અને પરત ફરતા નર્મદા પોલીસનો આભાર વ્યક્ત કરી તેમની બાળકો પ્રત્યેની લાગણીની પ્રશંસા કરી હતી.

ભારત સરકારે ભાડાના મકાનમાં રહેતા પરિવારો માટે આવાસ યોજના અમલમાં મુકવી જોઈએ તેવી માંગ

સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પ્રવાસીઓ વધતા રાજપીપળા શહેરમાં ભાડાના મકાનની ગંભીર સમસ્યા

● નર્મદા જીલ્લામાં હોટલો, ગેસ્ટ હાઉસો ફૂલ થતા હોમ સ્ટે જેવા માધ્યમથી ખાલી મકાનો ભાડે આપી મહિનાનું ભાડું બે ચાર દિવસ માજ વસુલ કરતા મકાન માલિકો હવે ભાડે મકાનો આપતા નથી

● ભાડાના મકાનમાં રહેતા ગરીબ,મધ્યમ વર્ગના પરિવારોને ભાડે મકાન મેળવવા મુશ્કેલ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

એક તરફ સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજના જેવી યોજના અમલમાં મૂકી એ સારી બાબત છે પરંતુ તેમાં ફક્ત પોતાના કાચા મકાન કે જમીન ધરાવતા લોકો જ આ લાભ મેળવી શકતા હોય ભાડા ના મકાન માં રહેતા લોકો ના નામે પ્રોપર્ટી કાર્ડ કે દસ્તાવેજ ન હોવાથી એ આ યોજના નો લાભ લઈ શકતા નથી માટે આવા પરિવારો ફરજીયાત ભાડે રહેવા મજબૂર બન્યા હોય ત્યારે આમ પણ રાજપીપળા શહેર માં ભાડાના મકાનો બહુ ઊંચા ભાડે મળતા હોય ઉપર થી સ્ટેચ્યુ ઓફ યુનિટી બન્યા બાદ તો ખાલી મકાનો ભાડે મળવા મુશ્કેલ બન્યા છે.ત્યારે જાયે તો જાયે કહાં જેવો ભાડુઆતો નો ઘાટ થયો છે.

જાણવા મળ્યા મુજબ મોટા શહેરો માંથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના સ્થળો ઉપર ફરવા આવતા પ્રવાસીઓ ની સંખ્યા રજાના દિવસો માં ચારઘણી વધી જતાં અને વરમવાર મંત્રીઓની વિઝિટ ના કારણે રાજપીપળા સહિત આસપાસ ના વિસ્તારો માં આવેલા ગેસ્ટ હાઉસો માં જગ્યા ન મળતા રાજપીપળા શહેરમાં ભાડે મળતા મકાનો પણ માલિકો હવે ઊંચા ભાડે પ્રવાસીઓ ને આપી દેતા ભાડે રહેતા પરિવારો મુશ્કેલી માં મુકાયા છે.જોકે શનિ રવિવારે કે કોઈ ખાસ રજા માં આવતા પ્રવસીઓ ને એક નાઈટ નું ૨ થી ૩ હજાર રૂપિયા ભાડું લઈ મકાન આપતા માલિકો ના જણાવ્યા મુજબ અમારે બીજી કોઈ માથાકૂટ વગર મહિના ના ભાડા ના રૂપિયા એક બે દિવસ માં મળી જાય ઉપર થી મકાન ને કોઈ નુકસાન કે ખાલી કરાવવાની મગજમારી પણ નથી રહેતી માટે હોમ સ્ટે જેવી આ પદ્ધતિ થી મકાન આપી માલિકો ને કમાણી પણ વધી છે પરંતુ ભાડે રહેતા ગરીબ પરિવારો માટે આ મોટી મુસીબત ઉભી થઈ રહી છે.

સરકારે ભાડે રહેતા પરિવારો માટે પણ યોજના અમલ માં મુકવી જોઈએ : જાગૃતિબેન શાહ

આ બાબતે ભાડાંના મકાનમાં રહેતા જાગૃતિબેન શાહે જણાવ્યું કે મોદી સરકાર યોજનાઓ અમલમાં મૂકે છે પરંતુ અમારા જેવા હજારો પરિવારો ભાડાના મકાનમાં રહી દર વર્ષે બે વર્ષે મકાન અદલા ખાલી કરવા મજબુર થતા હોય ત્યારે હવે સ્ટેચ્યુ બન્યા બાદ મકાનો મળવા પણ મુશ્કેલ બન્યા છે ત્યારે સરકારે અમારા જેવા પરિવારો માટે પણ ખાસ યોજના અમલમાં લાવવી જોઈએ.નહિ તો આવનારા દિવસોમાં અમને ભાડે મકાનો નહીં મળે તો ક્યાં રહીશું.

માનસિક તણાવમાં આવી યુવાને આપઘાત કરતા ખળભળાટ

સુરત

અમરોલીમાં છાપરાભાઠા રોડ પર ગઈકાલે સવારે માનસિક ટેન્શનમાં આવી યુવાને ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું જો કે ગત વર્ષે પણ તેણે ફાંસો ખાઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. સ્મીમેર હોસ્પિટલથી મળેલી વિગત મુજબ અમરોલીના છાપરાભાઠા રોડ પર તારવાડી પાસે પંચશીલ નગરમાં રહેતો ૨૭ વર્ષીય પ્રદીપ ઉર્ફે ચિન્ટુ બુધીરામ ગોડ સવારે ઘરમાં છતના મોભના પંખા સાથે સાડીનો છેડો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.

પોલીસ સૂત્રોએ કહ્યું હતું કે મૂળ ઓરિસ્સાના ગંજામનો વતની હતો તે અમરોલીમાં અંજલિ ઈન્ડસ્ટ્રીઝ ટી એફ ઓ મશીન પર કામ કરતો હતો જોકે ગત વર્ષે તેણે ઘરે ફાંસો ખાઈ આત્મહત્યાનો પ્રયાસ કરતો હતો ત્યારે પરિવારજનોની નજર પડતા તેને બચાવી લીધો હતો ગઈકાલે તેના ઘરે કોઈ ન હોવાથી તેણે માનસિક ટેન્શનમાં આવી આ પગલું ભર્યું હતું આ અંગે અમરોલી પોલીસે તપાસ હાથ ધરી છે.

રાજપીપળા બજાર વચ્ચે નસાની હાલતમાં ટ્રક ચલાવતા ચાલકે સફેદ ટાવર પાસે રેલિંગ તોડી : સદનસીબે કોઈને અડફેટે ન લીધા





ટ્રાફિક બ્રિગેડે પોલીસને બોલાવતા પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી : જનતાએ ટ્રક નીચે ઉતાર્યો ત્યારે ચાલાક નશામાં બેહોસ જોવા મળ્યો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળાના ભરચક વિસ્તારમાં થી ટ્રક લઈ પસાર થતો ચાલક દારૂના નશામાં ધૂત હતો તેને બિલકુલ હોસ નહોતો છતાં જોખમરૂપ ટ્રક ચલાવી સફેદ ટાવર પાસે રેલિંગ પાસેની દીવાલ અને લોકાર્પણ તકતી તોડી નુકસાન કર્યું ત્યારે વાહનોના ભરચક વિસ્તારમાં કેટલાય વાહનો અને રાહદારીઓ ટ્રક ચાલાક થી આબાદ બચી ગયા હતા.

અમદાવાદ થી સામાન ભરી મહારાષ્ટ્ર જતો મહારાષ્ટ્ર ના ધુલીયા શિરપુર નો રહીશ ઝુબેર ઝાહીરોદીન શેખ દારૂનો નસામાં ધૂત હોવા છતાં ટ્રક ચલાવી રાજપીપળા શહેરમાં પ્રવેશ કર્યો ત્યારે સફેદ ટાવર પાસે રેલિંગ ની દીવાલ નો એક ભાગ તોડી નાખ્યો જો લોકોએ બૂમો ના પાડી હોત તો હાઈમાસ્ટર ટાવર તોડી નાખત તો કદાચ મોટી દુર્ઘટના સર્જાત અને એકાદ ને અડફેટે લઈ પણ લઈ લેતો જોકે સ્થાનિક રાહદારીઓએ તેને નીચે ઉતારી બાજુમાં બેસાડી બાદ અન્ય એક રાહદારીએ ટ્રક સાઈડ પર મૂકી સ્થાનિક ટ્રાફિક બ્રિગેડે પોલીસને જાણ કરી પોલીસે તેની વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

જુદા જુદા ત્રણ સ્થળોએ પોલીસે છાપો માર્યો : ૨૦ જુગારી ઝડપાયા

પોલીસે રૂા.૧.૧૮ લાખની મતા કબજે કરી

સુરત

મહિધરપુરા, સલાબતપુરા અને ઈચ્છાપોર પોલીસે દરોડા પાડી જુગાર રમતા ૨૦ જુગારીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

મહિધરપુરા પોલીસે ગોલવાડ લીમડીશેરીના નાકે જુગાર રમતાં અમિત રાણા, મુકેશ કાંતિલાલ, નીતિન રાજુ સતીષ ધનસુખ, અનિલ રાણા, મોહન હરકિશનની ધરપકડ કરી રોકડા રૂા.૫૧,૭૨૦ કબજે કર્યા હતા.

સલાબતપુરા પોલીસે કમેલા દરવાજા બ્રીજ પીલર પાસે જુગાર રમતાં અજીમખાન ઘોરી, આસીફ રસીદ, અબરાર ચાંદ, જાવીદ મસીદ, કામીલ શેખ, મોહંમદ ઈસરાર, શકીલ અબ્દુલની ધરપકડ કરી રોકડા રૂપિયા ૧૦,૧૯૦ કબજે કર્યા હતા.

જ્યારે ઈચ્છાપોર પોલીસે ભાટપોર ગામ નવી વસાહતમાં જુગાર રમતાં રાજેશ ભગુ પટેલ, મહેશ જગદીશ ચૌહાણ, હસમુખ મગન, વિજય સોમા પટેલ, રમેશ મગન, સુરેશ સોમા, નવીન વિસરામની ધરપકડ કરી છ મોબાઈલ ફોન, રોકડા મળી કુલ રૂા.૫૬,૮૬૦ની મતા કબજે કરી હતી.

સરકારી કચેરીમાં કામ વગર અનઅધિકૃત પ્રવેશ પર પ્રતિબંધ

વચેટીયાઓથી સાવધાન રહેવાની સૂચના

વલસાડ

વલસાડ કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ સી. આર. ખરસાણે ગુજરાત પોલીસ અધિનિયમ અન્વયે મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી અને બહુમાળી મકાનમાં આવેલી સરકારી કચેરીઓ, નગરપાલિકાઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ તેમજ જ્યા રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય, અથવા કામ કરતા હોય તેવા અથવા વાજબી કામ સબબ આવ્યા હોય તેસિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળકી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારને ગેરમાર્ગે દોરીને કામ કરાવવા કેલલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતાં અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યકિતઓ/ઈસમોના પ્રવેશ ઉપર તા.૧૬/૨/૨૦૨૦ થી તા.૩૦/૨/૨૦૨૦ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે.

૩.૧૦ લાખનો ચણીયા-ચોળીનો માલ ખરીદી વેપારી સાથે ઠગાઈ

પેમેન્ટ આપવા ઈન્કાર કરાતા પોલીસ ફરિયાદ

સુરત

ચણીયાના વેપારી સાથે બે વેપારીએ રૂપિયા ૧૦ લાખની ઠગાઈ કરી હતી. ચણીયાનો માલ ખરીદી પેમેન્ટ કે માલ પરત નહીં કરી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

કાપોદ્રા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર નાના વરાછા ચીકુવાડી હરિકુંજ સોસાયટીમાં રહેતાં વેપારી પ્રફુલ મગન સાવલિયાએ આરોપી જગદીશ ગોવિંદ નાકરાણી રહે. નારાયણનગર, પુણાગામ, અમલેશ ધનજી વેકરીયા રહે. અંબિકાનગર, બારડોલી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ફરિયાદી પાસેથી રૂપિયા ૧૦ લાખની કિંમતના ચણીયા લઈ ગયા બાદ પેમેન્ટ કે માલ પરત નહીં કરી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. કાપોદ્રા પોલીસે વેપારી પ્રફુલ સાવલિયાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

ઉધના ઝોન દ્વારા સ્લમ વિસ્તારોમાં કડકાઈ પૂર્વક બાકી વેરાની વસુલાત

બાકી વેરા અંગે ૩૦ જેટલા આવાસો સીલ

સુરત

સુરત મહાનગર પાલિકાના સાઉથઝોન (ઉધના) આકારણી અને વસુલાત વિભાગે વિવિધ વિસ્તારમાં સઘન વેરા વસુલાતની ઝુંબેશ અંર્તગત ગત રોજ તા.૨૨/૦૨/૨૦૧૦ના રોજ ખટોદરા, ઉધના, પાંડેસરા, ભેસ્તાન, ઉન, બમરોલી, ગભેણી, સોનારી, ભેદવાડ , સંજયનગર વિગેરે જેવા જુદા જુદા વિસ્તારોમાં કુલ્લે ૩૫ મિલકતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. તેમજ ઉધના – સર્વોદય નગર, આશીર્વાદ ટાઉનશીપ-૧ અને ૨, વિષ્ણુનગર–૧ અને ૨ માં ૦૮ મિલકતોમાં નળ કનેકશન કાપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ, જે કાર્યવાહી દરમ્યાન ૧૨ જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા ૩.૫૦ લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. જેમાં રૂપિયા ૨.૪૦ લાખ જેટલી વસુલાત સંજયનગર(સ્લમ એરીયા)માં થી થયેલ છે. અને આજ રોજ રૂપિયા ૨૦.૩૫ લાખ જેટલી વસુલાત થયેલ છે.

વધુમાં, જમીન મિલકત વિભાગ દ્વારા ૩૦ જેટલા આવાસ સીલ કરવાની કાર્યવાહી દરમ્યાન ૩૦ જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા ૧.૩૭ લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને આજ રોજ રૂપિયા ૨.૪૨ લાખ જેટલી વસુલાત થયેલ છે. સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં આજ દિન સુધી રૂપિયા ૧૯૩.૮૯ કરોડ વસુલાત થયેલ છે. હજુ પણ મિલકત વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતદારોની મિલક્તોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક શિક્ષાત્મક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી જે મિલકતોના વેરા બાકી છે તેઓને તાકીદે વેરા ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

ફાયનાન્સ કંપનીમાંથી લોન અપાવવાના બહાને લોન એડવાઈઝર સાથે ઠગાઈ

શ્રીગણેશ ફાયનાન્સ કંપનીના બે મેનેજરોની પણ ગુનામાં સંડોવણી

સુરત, તા.૨૪

ફાયનાન્સ કંપનીમાંથી લોન અપાવવાના બહાને લોન એડવાઈઝરનું જ રૂપિયા ૨.૨૦ લાખનું કરી નાંખનાર શ્રીગણેશ ફાયનાન્સ લિમિટેડના બે મેનેજર સહિત બેંક એકાઉન્ટ ધારકો વિરૂદ્ધ કાપોદ્રા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

સુરતના કાપોદ્રા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કાપોદ્રા સાગર સોસાયટીમાં રહેતાં લોન એડવાઈઝર ભાવેશ મનસુખ ગોંડલિયાએ આરોપી સ્ટેટ બેંક, કોટક મહિન્દ્રા, ફેડરલ બેંકના એકાઉન્ટ ધારક, શ્રીગણેશ ફાયનાન્સ લિમિટેડના મેનેજર અશોક ગુમા, અમિત સિંહા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ ફરિયાદીનો વિશ્વાસ કેળવી લોન અપાવવાના બહાને રૂપિયા ૨,૨૦,૭૦૭ મેળવી લોન નહીં અપાય વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. કાપોદ્રા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. દરમિયાન આરોપીઓને પકડવા પોલીસે ચક્રોગતિમાન કર્યા હતા. અલબત્ત બે મેનેજરો સહિતના આરોપીઓ ફરિયાદ નોંધાતા ભૂગર્ભમાં ઉતરી ગયા હતા.